દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 125 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 May 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
બુધવાર, ૨૮ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**૧૧ વર્ષના શાસનમાં**

# ભારત ૧૧મા અર્થતંત્ર પરથી ચોથા સ્થાને આવ્યું: મોદી

### આતંકવાદ કોઈ પ્રોક્સી યુદ્ધ નથી, પણ પાકિસ્તાન દ્વારા અપનાવવામાં આવેલી એક સમજી વિચારીને અપનાવેલી રણનિતી છે. અને ભારત પણ તેને તે પ્રકારે જ જવાબ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના બે દિવસના ગુજરાત પ્રવાસના છેલ્લા દિવસે પાટનગર ગાંધીનગરમાં ભવ્ય રોડ શો યોજ્યો હતો. ઓપરેશન સિંદૂરની સફળતા બાદ સૈનિકોના સન્માનમાં ગાંધીનગર જિલ્લા પંચાયતથી મહાત્મા મંદિર સુધી યોજાયેલો અઢી કિ.મી.નો રોડ શો પૂર્ણ કરી પીએમ મહાત્મા મંદિર પહોંચ્યા હતા. વડા પ્રધાનની સાથે રાજ્યપાલ આચાર્ય દેવ વ્રત, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય પ્રધાન સંઘવી, કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલ સહિતના નેતાઓ જોવા મળ્યા હતા. વડા પ્રધાન મોદીએ રૂ.૫,૫૩૬ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને જનસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે વિદેશી વસ્તુઓ ના ખરીદી ઓપરેશન સિંદૂરને સફળ બનાવવાનું છે, આ વખતે બધું કેમેરાની સામે કર્યું એટલે કોઈ પુરાવા નહીં માંગે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા વડા પ્રધાન મોદીએ ૫૫ મિનિટના ભાષણમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ કોઈ પ્રોક્સી યુદ્ધ નથી, પણ પાકિસ્તાન દ્વારા અપનાવવામાં આવેલી એક સમજી વિચારીને અપનાવેલી રણનિતી છે. અને ભારત પણ તેને તે પ્રકારે જ જવાબ આપશે. પાકિસ્તાનમાં સરકાર અને ગેરસરકારી તત્ત્વો વચ્ચે કોઈ ભેદ પાડવાનો ઇનકાર કરતા મોદીએ કહ્યું હતું કે પડોશી દેશ આતંકવાદને ટેકો આપીને યુદ્ધમાં સામેલ છે. મોદીએ કહ્યું હતું કે, વસુધૈવ કુટુંબકમ્

(જુઓ પાનું ૨) ▶▶

## વડા પ્રધાન મોદીનાં ૧૧ વર્ષના શાસનકાળને ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે: શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે મુંબઈમાં કહ્યું હતું કે 'વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં ૧૧ વર્ષના શાસનકાળને ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે.

દક્ષિણ મુંબઈના અત્યંત લોકપ્રિય માધવબાગ લક્ષ્મીનારાયણ મંદિરની ૧૫૦મી વર્ષગાંઠ પર આયોજિત કાર્યક્રમમાં બોલતાં શાહે ગુજરાતીમાં કહ્યું હતું કે જે લોકો 'એક ચૂટકી સિંદૂર'નું મૂલ્ય જાણતા ન હતા તેમને 'ઓપરેશન સિંદૂર' દ્વારા આ વિશે જાણ કરવામાં આવી છે.

**'ગુજરાતનો પુત્ર રાષ્ટ્રના વિકાસ, આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. રાષ્ટ્રીય સુરક્ષાનું ઉલ્લંઘન કરનારાઓને પાઠ ભણાવવામાં આવ્યો છે'**

'મોદીએ વડા પ્રધાન તરીકે ૧૧ વર્ષ પૂર્ણ કર્યાં છે. ગુજરાતનો આ પુત્ર રાષ્ટ્રના વિકાસ, આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. જે લોકોએ રાષ્ટ્રીય સુરક્ષાનું ઉલ્લંઘન કર્યું છે તેમને યોગ્ય શબ્દોમાં પાઠ ભણાવવામાં આવ્યો છે,' એમ તેમણે કહ્યું હતું.

ગૃહ પ્રધાને એમ પણ કહ્યું હતું કે, વડા પ્રધાન મોદીએ લોકોને ભારતીય હોવાનો ગર્વ કરાવ્યો છે અને વિદેશમાં ભારતીય પાસપોર્ટનું મૂલ્ય વધાર્યું છે. એક સમયે ભારતીય પાસપોર્ટ ધરાવતા લોકોની સામે જે દૃષ્ટિએ જોવામાં આવતું હતું, હવે તે દૃષ્ટીકોણ બદલાયો છે. હવે ભારતીયોને સન્માનની નજરે જોવામાં આવે છે.

શાહે કહ્યું હતું કે, મજબૂત રાજકીય ઇચ્છાશક્તિને કારણે મોદીના કાર્યકાળ દરમિયાન અયોધ્યામાં રામ મંદિર અને કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ થયું છે. તેમણે મુંબઈના હૃદયમાં માધવબાગ લક્ષ્મીનારાયણ મંદિર ચલાવનારા ટ્રસ્ટીઓના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને એવી અપેક્ષા વ્યક્ત કરી હતી કે આ સંસ્થાના ૨૦૦ વર્ષ પૂરા થાય ત્યારે આ સ્થળ ફક્ત મંદિર ન રહે, આગામી દિવસોમાં સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની રહે

કેન્દ્રીય ગૃહ પ્રધાને કહ્યું હતું કે, આ સંસ્થાના સંચાલકોમાં સમાજ સેવાની ભાવના છે, જેથી આવી અપેક્ષા રાખવી વધુ પડતી નથી. ■



## નખશિખ રંગકર્મી કૌસ્તુભ ત્રિવેદીની અણધારી એક્ઝિટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુજરાતી રંગમંચના દિગ્ગજ નિર્માતા અને પ્રસ્તુતકર્તા કૌસ્તુભ ત્રિવેદીનું મંગળવારે નિધન થયું છે. તેમના અવસાનના સમાચારથી ગુજરાતી ફિલ્મ-નાટક ઇન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ છે. તેઓ અનેક પ્રખ્યાત નાટકોનું નિર્માણ કરી ચૂક્યા છે. તેઓએ રામાનંદ સાગરની રામાયણમાં કેવટનો રોલ પણ નિભાવ્યો હતો.

'લગે રહો ગુજ્જુભાઈ', 'બાએ મારી બાઉન્ડ્રી', 'બાબો આવ્યો કુરિયર'માં સહિતના સુપરહિટ નાટકો બનાવનાર કૌસ્તુભ ત્રિવેદીનું અચાનક અવસાન થતા ગુજરાતી રંગમંચ શોકાતુર બન્યું છે. કૌસ્તુભ ત્રિવેદી પ્રોડ્યુસર હતા અને તેમણે ૪૦ વર્ષની કારકિર્દીમાં ૨૦૦થી વધુ નાટકો અને ચાર ગુજરાતી ફિલ્મો બનાવી હતી.

ગુજરાતી રંગભૂમિએ આજે એક ધુરંધર નાટ્યકાર ગુમાવ્યો છે. જે લોકોને થિયેટર ડ્રામા પસંદ છે તેમને કૌસ્તુભ ત્રિવેદીનો પરિચય આપવાની જરૂર નથી. એમ કહેવાય છે કે ગઈ દિવાળી બાદથી તેમની તબિયત નાદુરસ્ત જ હતી. છેલ્લા એક અઠવાડિયાથી તબિયત વધારે ખરાબ હતી અને તેને પગલે મંગળવારે તેમનું નિધન થયું હતું. તેમના બંને કાકા અરવિંદ ત્રિવેદી અને ઉપેન્દ્ર ત્રિવેદી સુવિખ્યાત કલાકારો હતા. તેઓ ઈડરની પાસે આવેલા કુકડિયા ગામના મૂળ વતની હતા.

તેમણે રંગભૂમિના દરેક કલાકાર, દિગ્દર્શક, નિર્માતા સાથે કામ કર્યું હતું પછી એ પરેશ રાવલ હોય, સિદ્ધાર્થ રાંદેરિયા હોય, ટીકુ તલસાણિયા હોય કે સંજય ગોરડિયા હોય. રંગભૂમિના મોટાથી લઈને નાના કલાકારો સાથે પણ કામ કર્યું હતું. આ જ રીતે દિગ્ગજ દિગ્દર્શકો જેવા કે કાંતિ મડિયા, કમલેશ મોતા, સિદ્ધાર્થ રાંદેરિયા, પરેશ રાવલ, વિપુલ મહેતા સાથે તેમણે કામ કર્યું હતું. તો નિર્માતા તરીકે રાજેન્દ્ર બુટાલા, કિરણ સંપટ, સંજય ગોરડિયા વગેરે અનેક સાથે નાટકોનું નિર્માણ કર્યું.

૪૦ વર્ષની કારકિર્દીમાં ૨૦૦થી ૨૫૦ જેટલાં નાટકોનું નિર્માણ અને લગભગ ૩૫,૦૦૦થી વધુ શો કરવાનો અદ્વિતીય અને અનોખો વિક્રમ તેમના નામે છે. ગુજરાતી નાટકો સિવાય તેમણે હિન્દી નાટકો, કવ્વાલી અને સ્ટેન્ડઅપ કોમેડી શોનું નિર્માણ પણ કર્યું છે.

તેમણે અભિનેતા તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી અને પહેલું નાટક કર્યું ગિરેશ દેસાઈ - ભાઉસાહેબનું 'પર સ્ત્રી જેને માત રે'. ત્યાર બાદ જાણીતા લેખક દામુ સાંગાણી લિખિત નાટક 'રમકડા વર' પરથી બનેલું 'સસરો વેચવો છે' આવ્યું જેમાં તેઓ મુખ્ય ભૂમિકામાં હતા. આમાં તેમની સાથે કલ્પના દીવાન જેવાં દિગ્ગજ અભિનેત્રી હતા. તેમણે જૂની રંગભૂમિના નાટકમાં કામ કર્યું હતું. નાટકનું નામ હતું 'સળગતો સંસાર' અને એના દિગ્દર્શક હતા જૂની

(જુઓ પાનું ૨) ▶▶





**રોડ શો:** ગુજરાતના ગાંધીનગરમાં મંગળવારે યોજાયેલા રોડ શો દરમિયાન સમર્થકોનું અભિવાદન કરી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. રોડ શો દરમિયાન મહિલા ટેકેદારો અને કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી મોદીનું સ્વાગત કર્યું હતું. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને સી. આર. પાટીલે પણ આ રોડ શોમાં હાજરી આપી હતી. (એજન્સી)

## સરહદ પર ઘૂસણખોરી અટકાવવા બીએસએફ સજ્જ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : બોર્ડર સિક્યોરિટી ફોર્સનો દાવો છે કે અમારું દળ સરહદમાં ઘૂસણખોરીના દરેક પ્રયાસ રોકવા સજ્જ છે. બીએસએફના અધિકારીઓ કહે છે કે અમે આઠથી ૧૦ મે દરમિયાન અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સીમા પર પાકિસ્તાનના બિનઉશ્કેરણીજનક ગોળીબાર, ડ્રોન હુમલા અને ઘૂસણખોરીના પ્રયાસોનો જોરદાર જવાબ આપ્યો અને સીમાપારના આતંકવાદીના ઠેકાણાને લક્ષ્ય બનાવ્યા હતા.

જમ્મુના બીએસએફના આઈજી શશાંક આનંદે એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતાં કહ્યું હતું કે ઈનપુટમાં સંકેત મળે છે કે આતંકવાદી તેમની છાવણીમાં પાછા ફરી રહ્યા છે અને સરહદે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે સુરક્ષા દળ અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સીમા પર સાબદા રહેશે. જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ ખોરવવાનો પ્રયાસ કરવાની દરેક કોશીશને નિષ્ફળ બનાવવામાં આવશે.

આઈજી આનંદે વધુમાં જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરની ફોરવર્ડ પોસ્ટમાં મહિલા કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા અને તેમણે તેમની ભૂમિકા સારી રીતે બજાવી. સહાયક કમાન્ડન્ટ નેહા ભંડારીએ એક ચોકીની કમાન સંભાળી હતી, જ્યારે કોન્સ્ટેબલ મંજિત કૌર, મલકીત કૌર, જ્યોતિ, સંપા, સ્વપ્ના અને બીજા સરહદ પર તહેનાત હતા. તેમણે એ વાતને સમર્થન આપ્યું કે પાકિસ્તાનના ડ્રોનહુમલામાં બીએસએફના સબ ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ, કોન્સ્ટેબલ દીપક કુમાર અને ભારતીય લશ્કરના નાયક સુનીલ કુમાર શહીદ થયા હતા. તેમણે કહ્યું હતું કે બે ચોકીના નામ શહીદ કર્મચારીના નામ પરથી રાખવામા આવ્યા છે એક ચોકીનું નામ સિંદૂર રાખવામાં આવ્યું છે



**સજ્જતા:** બીએસએફની સજ્જતાના ભાગરૂપ જમ્મુના પાલૌરાસ્થિત બીએસએફની છાવણી ખાતે મંગળવારે યોજવામાં આવેલા પ્રદર્શન દરમિયાન જમ્મુ ફ્રન્ટિયરના બીએસએફના આઈજી શશાંક આનંદ. (એજન્સી)

આઈએસ પુરા સેક્ટરના બીએસએફના ડીઆઈજી ચિતર પાલે માહિતી આપી હતી કે નવમી મેએ પાકિસ્તાને ફ્લેટ ટ્રેજેક્ટરી હથિયારો અને મોર્ટારથી ગોળીબાર કર્યો અને સીમાની નજીકની બીએસએફની અનેક ચોકીઓ અને અબ્દુલિયાન ગામને લક્ષ્ય બનાવ્યું. બીએસએફએ જવાબી કાર્યવાહી કરી હતી જ્યારે સીધા ગોળીબારની તીવ્રતા ઓછી થઈ એમ પાકિસ્તાને ડ્રોનની ગતિવિધિ વધારી હતી ભારતે આના જવાબમાં સરહદ પર સ્થિત મસ્તપુર આતંકવાદી લોન્ચ પેડનો ખુરદો બોલાવી દીધો. આનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિ અને હુમલો કરવા માટે થતો હતો. પત્રકાર પરિષદમાં હાજર સુદરબની સેક્ટરના બીએસએફના ડીઆઈજી વરિંદર દત્તાએ માહિતી આપી હતી કે સરહદ નજીકના

પાકિસ્તાનના લૂની લોન્ચ પેડમાં ૨૫-૨૦ આતંકવાદી હાજર હતા. બીએસએફએ જવાબી ઓપરેશન કર્યું હતું. ■

## રાજસ્થાનના રોડ એક્સિડન્ટમાં છનાં મરણ

જયપુર : રાજસ્થાનમાં બે અલગ રોડ એક્સિડન્ટમાં બે મહિલા સહિત છ જણ મૃત્યુ પામ્યાં હતાં અને બીજા ૨૯ જણને ઈજા પહોંચી હતી, એમ પોલીસે કહ્યું હતું.

પોલીસે માહિતી આપી હતી કે જયપુરના મનોહરપુર-દૌસા હાઈવે પર એક કાર ટ્રક સાથે અથડાતા કારમાં બેસેલા બે ભાઈ સહિત ત્રણ જણનાં મરણ થયાં હતાં અને બીજા બે ઘાયલ થયા હતા.

કાર ઉત્તર પ્રદેશના સિકર તરફ જઈ રહી હતી. અકસ્માતમાં અજય યાદવ અને તેના ભાઈ અભય અને મિત્ર આકાશ યાદવનાં મરણ થયાં હતાં. ઈજાગ્રસ્તોને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અકસ્માત રાઈસર પોલીસ સ્ટેશનના રાતપુરા ગામમાં થયો હતો. બીજા માર્ગ અકસ્માતમાં કોટપુતલી-બહરુર જિલ્લામાં જયપુર-દિલ્હી હાઈવે પર હરિયાણા રોડવેઝની બસ ટ્રક સાથે અથડાતા ત્રણ ઉતારુ શકિરા, રાજિયા ખાતુન અને સુનિલ જૈનનું મરણ થયું હતું. (એજન્સી) ■

## છત્તીસગઢના સુકમા જિલ્લામાં ૧૮ નક્સલીએ આત્મસમર્પણ કર્યું

સુકમા: છત્તીસગઢના સુકમા જિલ્લામાં મંગળવારે ૧૦ નક્સલીઓ સહિત ૧૮ નક્સલીઓએ સુરક્ષાદળો સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું, જેમાંથી ૧૦ નક્સલીના નામ ૩૮ લાખ રૂપિયાના ઈનામ સાથે જાહેર કરવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે, ''ખોટી'' અને ''અમાનવીય'' માઓવાદી વિચારધારા અને સ્થાનિક આદિવાસીઓ પર અતિવાદીઓ દ્વારા કરવામાં આવતા અત્યાચારોથી નિરાશ થઈને કાર્યકરોએ અહીં વરિષ્ઠ પોલીસ અને સીઆરપીએફ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

તેમણે કહ્યું કે, તેઓ રાજ્ય સરકારની 'નિયાદ નેલ્લાનાર' (તમારું સારું ગામ) યોજનાથી પણ પ્રભાવિત થયા છે, જેનો હેતુ દૂરનાં ગામડાઓમાં વિકાસ કાર્યોને સરળ બનાવવાનો છે, અને નવી શરણાગતિ અને પુનર્વસન નીતિ છે, એમ તેમણે જણાવ્યું હતું.

ચવ્હાણે આત્મસમર્પણ કરનારા નક્સલીઓ વિશે જણાવ્યું હતું કે, માઓવાદીઓની પીએલજીએ બટાલિયન નંબર ૧ માં પ્લાટૂન પાર્ટી કમિટીના સભ્ય મડકમ આયતા (૨૫), અને તે જ બટાલિયનમાં પાર્ટી સભ્ય ભાસ્કર ઉર્ફે ભોગમ લાખા (૨૬), દરેકને માટે ૮ લાખ રૂપિયાનું ઈનામ રાખવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે માઓવાદીઓના બંને ક્ષેત્ર સમિતિના સભ્યો મડકમ કમલુ (૨૫) અને લક્ષ્મણ ઉર્ફે માધવી છન્નુ (૨૮) પર ૫-૫ લાખ રૂપિયાનું ઈનામ હતું, જ્યારે અન્ય છ નક્સલીઓ પર ૨-૨ લાખ રૂપિયાનું ઈનામ હતું.

આત્મસમર્પણ કરનારા નક્સલીઓને ૫૦૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી હતી અને સરકારની નીતિ અનુસાર તેમનું વધુ પુનર્વસન કરવામાં આવશે, એમ તેમણે કહ્યું. ગયા વર્ષે, સુકમા સહિત સાત જિલ્લાઓ ધરાવતા બસ્તર ક્ષેત્રમાં ૭૯૨ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું હતું. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીની વાત સાવ સાચી, પાકિસ્તાન શાંતિથી ના રહે તો ગોળી ખાવી જ પડશે

**ભારત** અને પાકિસ્તાન વચ્ચે ભલે યુદ્ધવિરામ થઈ ગયો હોય પણ બંને દેશના નેતાઓ વચ્ચેનું શાબ્દિક યુદ્ધ હજુ બંધ થયું નથી. ભારતે યુદ્ધ ટાળવા માટે યુદ્ધવિરામ સ્વીકારી લીધો પણ પોતાના આક્રમક તેવર છોડ્યા નથી. આર્મી ચીફથી માંડીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સુધીના દેશના તમામ નેતા પાકિસ્તાનને સતત ચીમકીઓ આપ્યા જ કરે છે.

મોદી હમણાં ગુજરાત આવેલા ને એક રેલી દરમિયાન તેમણે પાકિસ્તાનને સીધી ચેતવણી આપતાં કહ્યું હતું કે, ભારત પર ખરાબ નજર નાખશે તેને કોઈ પણ કિંમતે છોડવામાં નહીં આવે અને તેની કિંમત તેમણે ચૂકવવી જ પડશે. મોદીએ પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે સુખેથી જીવો અને શાંતિથી રોટી ખાઓ નહીંતર પછી અમારી ગોળી ખાવી પડશે.

મોદીના નિવેદનથી પાકિસ્તાનને મરચાં લાગી ગયાં છે અને પાકિસ્તાને સત્તાવાર રીતે નરેન્દ્ર મોદીના નિવેદન સામે નારાજગી વ્યક્ત કરી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, નરેન્દ્ર મોદીની હિંસા અંગેની વાત અશોભનિય છે અને ન્યૂક્લિયર પાવર ધરાવતા દેશના નેતાને આ શોભતું નથી. પાકિસ્તાનના કહેવા પ્રમાણે, મોદીનું નિવેદન માત્ર નફરત ફેલાવતું નથી પણ દક્ષિણ એશિયાની પ્રાદેશિક શાંતિ માટે પણ જોખમી છે. અમે શાંતિ ઇચ્છીએ છીએ પણ અમને ધમકી આપવામાં આવશે તો અમે પણ એનો વળતો જવાબ આપીશું.

પાકિસ્તાને સાવ બકવાસ કરતાં એવું પણ કહ્યું કે, ભારત સરકાર આવાં નિવેદનો કરીને જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય લશ્કર દ્વારા થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘન પરથી દુનિયાનું ધ્યાન બીજી તરફ વાળવા માગે છે. પાકિસ્તાને પોતાને શાંતિના સમર્થક ગણાવતાં કહ્યું કે, પાકિસ્તાન યુએનનાં પીસ મિશનમાં હંમેશાં મોખરે રહ્યું છે અને આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પાકિસ્તાને ભારતને સુફિયાણી સલાહ પણ આપી છે કે, ભારત ખરેખર આતંકવાદ અંગે ચિંતિત હોય તો તેણે તેના દેશમાં વધતી જતી બહુમતીવાદ, ધાર્મિક અસહિષ્ણુતા અને લઘુમતીઓ સામેના અન્યાય પર ધ્યાન આપવું જોઈએ.

પાકિસ્તાનનું નિવેદન અને તેની વાતો તેના દોગલાપણાના નાદાર નમૂના છે. પાકિસ્તાનના ચાવવાના અને બતાવવાના સાવ જુદા જુદા છે તેનો આ નિવેદન મોટો પુરાવો છે. પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવીને લોકોની લાશો ઢાળે તેમાં તેને કશું ખોટું લાગતું નથી પણ મોદી ગોળી મારવાની વાત કરે તેમાં તો પાકિસ્તાન સૂફિયાણી વાતો પર ઊતરી આવ્યું છે.

પાકિસ્તાનને ભલે મરચાં લાગ્યાં પણ મોદીએ પાકિસ્તાન સામે કરેલા નિવેદનમાં કશું ખોટું નથી. ભારત સરકારના વડા તરીકે મોદી માટે દેશની અને દેશનાં લોકોની સુરક્ષા સૌથી મહત્ત્વની છે ને પાકિસ્તાન દેશની સુરક્ષા ને શાંતિને ડહોળે તો તેનો જવાબ ગોળીથી જ આપવો પડે, બીજો કોઈ રસ્તો જ નથી. ભારતને શાંતિમાં રસ છે પણ એ શાંતિ પાકિસ્તાન ડહોળે ને ભારત કશું ના કરે એવી આશા પાકિસ્તાન ના રાખી શકે. પાકિસ્તાન અશાંતિ ફેલાવે તેનો જવાબ ગોળીથી પણ મળે ને પાકિસ્તાન ફાટીને ધુમાડે જાય તો બૉમ્બથી પણ મળે.

પાકિસ્તાન મોદીના નિવેદનને ઉશ્કેરણીજનક ગણાવે છે એ હાસ્યાસ્પદ છે. ભારતની પ્રજાએ ચૂંટેલી સરકારના વડા તરીકે ભારતની સુરક્ષા કરવી એ મોદીની જવાબદારી છે. તેના માટે કંઈ પણ કરવું પડે એ કરવું એ મોદીની નૈતિક ફરજ છે ને મોદી એ જ ફરજ બજાવી રહ્યા છે. તેમાં ઉશ્કેરણી ક્યાંથી આવી ? આ ઉશ્કેરણી નથી પણ હુંકાર છે ને ૧૫૦ કરોડની પ્રજા વતી મોદીને આ હુંકાર કરવાનો પૂરો અધિકાર છે. મોદીએ શું બોલવું ને શું ના બોલવું તેની સલાહ પાકિસ્તાને આપવાની જરૂર નથી.

પાકિસ્તાન ભારતમાં નિર્દોષોનાં લોહી રેડે, આતંકવાદ ફેલાવે તો તેના જવાબમાં ગોળી જ મળશે એવું મોદીનું નિવેદન એક દેશના વડાને શોભે એવું જ છે. બાકી, પાકિસ્તાન ભારત સાથે શાંતિથી રહે અને આતંકવાદ ના ફેલાવે તો ભારતને તેને કશું કરવામાં જરાય રસ નથી. ભારતે પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરવી પડે કેમ કે પાકિસ્તાને ભારતના પહલગામમાં નિર્દોષ લોકોનાં લોહી વહાવ્યાં. પહલગામમાં આતંકવાદી હુમલો ના થયો હોત તો ભારત પાકિસ્તાન સામે કશું કરવાનું નહોતું પણ પાકિસ્તાને સામેથી કારણ આપ્યું અને હવે ડહાપણ ડહોળે છે.

પાકિસ્તાન ખરેખર દક્ષિણ એશિયામાં શાંતિ ઈચ્છતું હોય તો તેણે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવાનું બંધ કરવું જોઈએ. ભારત અને પાકિસ્તાન વચ્ચેની અશાંતિનું કારણ જમ્મુ અને કાશ્મીરનો આતંકવાદ જ છે. પાકિસ્તાન આ આતંકવાદ બંધ કરી દે તો બંને દેશો વચ્ચેનો ઉગ્રતા આપોઆપ ખતમ થઈ જાય. પાકિસ્તાન દુનિયાના એક ખૂણામાં પડ્યું પડ્યું સબડ્યા કરે તો પણ ભારતને તેની તરફ જોવાની ફુરસદ પણ નથી.

પાકિસ્તાનની વાતો ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ આપે એવી છે. પાકિસ્તાન ભારતમાં લઘુમતીઓની હાલત વિશે સુફિયાણી વાતો કરે છે પણ પોતાના દેશમાં લઘુમતીઓની શું હાલત છે એ વિશે તેણે વિચારવું જોઈએ. પાકિસ્તાનમાંથી લઘુમતી સમુદાયના લોકો અત્યાચારોથી ત્રાસીને ભાગી રહ્યા છે ને બીજા દેશોમાં આશરો લે છે કે પછી થાકીને ધર્માંતરણ કરી લે છે.

ભારતમાં સ્થિતિ તેનાથી બિલકુલ ઊલટી છે. ભારતમાં મુસ્લિમો સહિતની તમામ લઘુમતીઓ સંપૂર્ણ સલામત છે અને બહુમતી તથા લઘુમતી એક થઈને રહે છે. પાકિસ્તાને પહલગામમાં કરેલા આક્રમણ સામે વિરોધ દર્શાવવા અને પાકિસ્તાનને ઝાટકવા માટે આ દેશના મુસ્લિમો પણ હિંદુ અને બીજા સમુદાયના લોકો સાથે ખભેખભા મિલાવીને રસ્તા પર ઉતર્યા હતા.

ભારતે પાકિસ્તાન સામે કરેલી લશ્કરી કાર્યવાહીનો અવાજ કર્નલ સોફિયા કુરેશી બનેલી ને વિદેશમાં પાકિસ્તાનના આતંકવાદ સામેના ભારતના વિરોધનો ઝંડો અસદુદ્દીન ઓવૈસી જેવા મુસ્લિમ સાંસદો ઊંચકીને ચાલે છે. ભારતમાં બહુમતીવાદ હાવી થઈ રહ્યો છે, અસહિષ્ણુતા વધી રહી છે એ બધી વાતો ભારત સામેના કુપ્રચારનો ભાગ છે. પાકિસ્તાન અને તેના પીઠ્ઠુઓ ભારતના મુસ્લિમોમાં અસંતોષ ઊભો કરવા માટે આ કુપ્રચાર ફેલાવે છે પણ ભારતના મુસ્લિમો સમજદાર છે. એ લોકો આ પ્રકારની વાતો કે કુપ્રચારથી ભરમાતા નથી.

પાકિસ્તાને ભારતને સલાહ આપવાના બદલે પોતાનું ઘર સાચવવું જોઈએ અને પોતાના દેશમાં લઘુમતીઓને સાચવવી જોઈએ. આ દેશની લઘુમતી કે બીજા કોઈની પણ તેણે ચિંતા કરવાની જરૂર નથી કેમ કે ભારત પોતાના નાગરિકોની અને સરહદો બંનેની સુરક્ષા કરવા સક્ષમ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
બુધવાર, તા. ૨૮–૫–૨૦૨૫, કરીદિન, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૭, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ–૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ–૨
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર મૃગશીર્ષ મધ્યરાત્રે ક. ૨૪–૨૮, પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૩–૩૬ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુનમાં (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૭, સ્ટા. ટા.,
- મુંબઈ સમુદ્રમાં ભરતી–ઓટ • ભરતીઃ બપોરે ક. ૧૩–૦૦, મધ્યરાત્રે ક. ૦૦–૪૦ (તા. ૨૯) • ઓટઃ સવારે ક. ૦૬–૦૯, રાત્રે ક. ૧૯–૦૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – દ્વિતીયા. કરી દિન, ચંદ્રદર્શન, મું. ૩૦ સામ્યાર્ધ, દક્ષિણ શૃંગોન્નતિ ૦૪ અંશ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, ખૈરનું વૃક્ષ વાવવું, ચંદ્રબળ જોઈ અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, હજામત, નિત્ય થતાં પશુ લે–વેંચ, દસ્તાવેજ, દુકાન–વેપાર, ખેતીવાડી, સ્થાવર લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.

જયેષ્ઠ (તા. ૨૮–૫–૨૦૨૫ થી ૨૫–૦૬–૨૦૨૫) માસ સંક્ષિપ્તઃ શુક્લપક્ષમાં એકમનો ક્ષય, બારસની વૃદ્ધિ એમ કુલ દિવસ–૧૫ છે. કૃષ્ણપક્ષમાં એકાદશીનો ક્ષય, દિવસ–૧૪ એમ ૨૯ દિવસનો આ માસ છે. શુક્લપક્ષમાં પૂનમનું ગ્રહણ નથી. કૃષ્ણપક્ષમાં અમાસનું ગ્રહણ નથી. આ માસમાં નિર્જલા, ભાગવત એકાદશી એ મુખ્ય તિથિ પર્વ છે. જયેષ્ઠ માસમાં મહિલાઓના વ્રતો તહેવારો વિશેષ છે.

- આચમનઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ આર્થિક નાણાં લેતીદેતીમાં સંભાળવું, ચંદ્ર–ગુરુ યુતિ પ્રમાણિક, ચંદ્ર–શનિ ચતુષ્કોણ શંકાશીલ સ્વભાવ,
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ, ચંદ્ર–ગુરુ યુતિ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ, બુધ રોહિણી પ્રવેશ. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ ૧ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–કર્ક, બુધ– વૃષભ, ગુરુ–મિથુન, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# કર્ણાટકમાં ભાજપે બે વિધાનસભ્યની હકાલપટ્ટી કરી

બેંગલૂરુઃ કર્ણાટકમાં ભાજપે પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા બે વિધાનસભ્યની મંગળવારે તાત્કાલિક અસરથી છ વર્ષ માટે કરી હકાલપટ્ટી હોવાનું પક્ષના રાજ્ય એકમના પ્રમુખ બી. વાય. વિજયેન્દ્રએ કહ્યું હતું.

હકાલપટ્ટી કરાયેલા બે વિધાનસભ્યમાં એસ. ટી. સોમશેખર અને એ. શિવરામ હેબરનો સમાવેશ થાય છે.

લાંબી ચર્ચાવિચારણા બાદ પાર્ટી હાઈકમાન્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

સોમશેખર અને હેબર અનુક્રમે યશવંતપુર અને યેલાપુર વિધાનસભા મતદારક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે. આ બંને અગાઉ કૉંગ્રેસમાં હતા.

દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન અને રાજ્ય કૉંગ્રેસના વડા ડી. કે. શિવકુમારે આ પગલાંની આકરી ટીકા કરી હતી.

વર્ષ ૨૦૧૯માં એચ. ડી. કુમારસ્વામીના વડપણ હેઠળની કૉંગ્રેસ-જેડીએસ મોરચા સરકાર પાડવામાં અને રાજ્યમાં ચોથીવાર ભાજપને સત્તામાં લાવવામાં તેમ જ બી. એસ. યેદીયુરપ્પાને મુખ્ય પ્રધાન બનાવવામાં મદદ કરવામાં સાથ આપનારાં ૧૮ એમએલએમાં આ બંને પણ હતા.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૩ની વિધાનસભાની ચૂંટણીમાં આ બંને ભાજપની ટિકિટ પર ચૂંટાઈ આવ્યા હતા, પરંતુ જલદી જ તેમણે કૉંગ્રેસ સાથે સંબંધ વધારવાનું શરૂ કરી દીધું હતું.

આ બંને કર્ણાટક વિધાનસભામાં તેમ જ બહાર પણ કૉંગ્રેસને ટેકો આપી રહ્યા હતા. આ મામલે ભાજપે અવારનવાર તેમને ચેતવણી આપી હતી, પરંતુ બંનેએ તેની અવગણના કરી હતી.

અંતે બંનેની પક્ષમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી, એમ વિજયેન્દ્રએ કહ્યું હતું. (એજન્સી) ■

# ઉલ્ફા પર પ્રતિબંધ વધુ પાંચ વર્ષ માટે લંબાવાયોઃ મ્યાનમારમાં જૂથના ૨૦૦–૨૫૦ ઉગ્રવાદી

નવી દિલ્હી : સરકારની રજૂઆત બાદ ન્યાયિક ટ્રિબ્યુનલે છેલ્લા ૩૫ વર્ષથી પ્રતિબંધિત સંગઠન, યુનાઇટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસોમ (ઉલ્ફા) પર પ્રતિબંધને વધુ પાંચ વર્ષ માટે લંબાવવાની પુષ્ટિ કરી છે.

ઉલ્ફા પાસે મ્યાનમારમાં લગભગ ૨૦૦-૨૫૦ કેડર છે અને હાલમાં તેમની પાસે લગભગ ૨૦૦ શસ્ત્ર હોવાની શક્યતા છે,

ઉલ્ફાની પ્રવૃત્તિઓ અંગે દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા પછી, ગૌહાટી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ માઈકલ જોથનખુમાની અધ્યક્ષતા હેઠળના ટ્રિબ્યુનલે ૨૧ મેના રોજ પુષ્ટિ કરી હતી કે ઉલ્ફા અને તેનાં તમામ જૂથો, પાંખો અને ફ્રન્ટ સંગઠનોને ૨૭ નવેમ્બર, ૨૦૨૪ થી પાંચ વર્ષ માટે ''ગેરકાયદેસર સંગઠન'' તરીકે જાહેર કરવા માટે પૂરતાં કારણો છે.

ઉલ્ફા અને તેના તમામ જૂથો, પાંખો અને ફ્રન્ટ સંગઠનોને ગેરકાયદેસર સંગઠનો તરીકે જાહેર કરવા માટે પૂરતા કારણો છે કે નહીં તે નક્કી કરવા માટે ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી હતી. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર, ટ્રિબ્યુનલને કહેવામાં આવ્યું છે કે ''હાલમાં, મોટાભાગના ઉલ્ફા કેડર અથવા નેતાઓ મ્યાનમારમાં તૈનાત છે અને ત્યાં ચાર મુખ્ય કેમ્પ ચલાવે છે. ઉલ્ફા ઓપરેશનલ અને લોજિસ્ટિક હેતુઓ માટે અન્ય ભારતીય બળવાખોર જૂથો સાથે પણ સંપર્ક જાળવી રાખે છે.'' ''ઉલ્ફા સુરક્ષાદળો પર હુમલા, વિસ્ફોટ વગેરે સહિત હિંસાનાં કૃત્યોમાં સામેલ છે. તે આસામ રાજ્યમાં રાષ્ટ્રીય દિવસોની ઉજવણીનો બહિષ્કાર પણ કરે છે અને આ દિવસોમાં વિસ્ફોટો દ્વારા વિક્ષેપજનક કૃત્યો કરવાનો પ્રયાસ કરે છે,'' એમ સરકારી વકીલોએ ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કર્યું.

આસામ સરકારે એ પણ અહેવાલ આપ્યો છે કે છેલ્લાં પાંચ વર્ષમાં, ઉલ્ફાના ૫૬ કેડર અને ૧૭૭ ફ્રન્ટમેન, ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ, સમર્થકો અથવા સહાનુભૂતિ ધરાવતા લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૬૩ કેડરએ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે.

આ સમયગાળા દરમિયાન ૨૬ (માક ૮૧-૦૪, એકે શ્રેણી-૦૨, પિસ્તોલ- ૨૧) હથિયારો, ૫૧૫ રાઉન્ડ - દારૂગોળો, નવ ગ્રેનેડ અને બે આઈઈડી જપ્ત કરવામાં આવ્યા હોવાના અહેવાલ પણ છે. ■

# ચીનમાં કેમિકલ પ્લાન્ટમાં વિસ્ફોટઃ પાંચનાં મોત, છ ગુમ

બીજિંગઃ ચીનના સરકારની માલિકીના સૌથી મોટા શૅન્ડૉન્ગ યૉડાઓ કેમિકલ પ્લાન્ટમાં મંગળવારે થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા પાંચ જણનાં મોત થયાં હોવા ઉપરાંત છ વ્યક્તિ ગુમ હોવાના અહેવાલ છે.

વિસ્ફોટને કારણે મોટો અગનગોળો નિર્માણ થયો હતો અને ધુમાડાના ગોટેગોટા સેંકડો ફૂટની ઊંચાઈ સુધી પહોંચ્યા હતા.

ક્લૉરોપાયરિફોસ પેસ્ટિસાઈડનું ઉત્પાદન કરતો વિશ્વનો આ સૌથી મોટો પ્લાન્ટ છે.

વર્ષ ૨૦૧૯માં ગાઓમી શહેરમાં સ્થાપવામાં આવેલા આ પ્લાન્ટમાં વરસે ૧૧,૦૦૦ ટન પેસ્ટીસાઈડનું ઉત્પાદન કરવામાં આવે છે. આ પ્લાન્ટમાં ૩૦૦ કરતાં પણ વધુ લોકો કામ કરે છે.

જોકે વિસ્ફોટનું કારણ જાણી શકાયું નહોતું. સોશિયલ મીડિયા પર પૉસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં પ્લાન્ટમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા.

વિસ્ફોટને પગલે અગ્નિશમન દળ, તબીબી નિષ્ણાતો, સુરક્ષા નિષ્ણાતો અને બચાવ તેમ જ રાહત કામગીરી માટેની ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આગને કાબૂમાં લેવા અગ્નિશમન દળના કુલ ૨૩૨ બંબા ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા.

વિસ્ફોટને કારણે તેઓ હચમચી ગયા હોવાનું સ્થાનિક લોકોએ કહ્યું હતું.

વિસ્ફોટને કારણે આસપાસની ઈમારતોની બારીના કાચ તૂટી ગયા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# હરિયાણાના પંચકુલામાં દેવાની જાળમાં ફસાયેલા એક જ પરિવારના સાત સભ્યની આત્મહત્યા

ચંદીગઢઃ હરિયાણાના પંચકુલામાં મંગળવારે એક કારમાંથી ત્રણ બાળકો સહિત એક પરિવારના છ લોકોના મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી ગઇ હતી. જ્યારે એકનું હોસ્પિટલ લઇ જતી વખતે મૃત્યુ થયું હતું. આ તમામ સભ્યોએ આત્મહત્યા કરી હોવાની પોલીસને શંકા છે. આ માહિતી પોલીસે મંગળવારે આપી હતી.

પોલીસે મૃતકોમાંથી એકની ઓળખ ૪૧ વર્ષીય પ્રવીણ મિત્તલ(૪૧) તરીકે કરી છે. જ્યારે અન્યની ઓળખ તેની પત્ની, દંપતીના ત્રણ સગીર બાળકો(જેમાંથી બે જોડિયા પુત્રી) અને તેના માતા-પિતા તરીકે કરી છે. પંચકુલાના સેક્ટર ૨૭માં રહેણાંક વિસ્તારમાં દેહરાદૂન નંબર પ્લેટવાળી કાર રસ્તાની બાજુમાં પાર્ક કરેલી મળી આવી હતી.

સ્થાનિક રહેવાસી પુનીત રાણાએ પત્રકારોને જણાવ્યું કે તે બીજા વ્યક્તિ સાથે ફરવા નીકળ્યો હતો અને રાત્રે લગભગ ૧૦ વાગ્યે તેણે એક કાર જોઇ હતી. જેના એક દરવાજે ટુવાલ લટકી રહ્યો હતો. તેણે કહ્યું કે કારનો લોક ખુલો હતો અને તેણે એક દરવાજો ખોલ્યો. અંદર બેઠેલા વ્યક્તિએ તેમને કહ્યું કે પંચકુલામાં બાગેશ્વર ધામ કાર્યક્રમમાંથી પાછા ફરતી વખતે તેમને હોટલમાં રૂમ ન મળ્યો હોવાથી તેઓ અને તેમનો પરિવાર કારમાં સૂઇ રહ્યા છે.

રાણાએ વધુમાં જણાવ્યું કે જ્યારે તેણે હાથમાં પકડેલી ટોર્ચને અરીસા તરફ ફેરવી ત્યારે તેણે છ લોકોને એકબીજાની ઉપર બેભાન પડેલા જોયા હતા. જ્યારે સાતમી વ્યક્તિ કે જેની સાથે તે વાત કરી રહ્યા હતા તેને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. તેથી વધુ શંકા પેદા થઇ. રાહદારીએ તે વ્યક્તિની મદદ કરી, તેને પાણી આપ્યું અને પૂછ્યું કે શું તેણે અંદર રહેલા લોકોને મારી નાખ્યા છે. રાણાએ કહ્યું કે તે વ્યક્તિએ મને કહ્યું કે તેના પરિવારના બધા સભ્યોએ આત્મહત્યા કરી લીધી છે અને પોતે પણ પાંચ મિનિટમાં મરવાનો છે. અને પછી તે બેભાન થઇને પડી ગયો.

રાણાએ કહ્યું કે બેભાન થતાં પહેલા તેણે કહ્યું કે તેના પર બેંકોનું ઘણું દેવું છે. તેના સંબંધીઓ ધનવાન છે પણ તેઓ મદદ કરી રહ્યા નથી. આ દરમિયાન લોકોનું ટોળું એકઠું થઇ ગયું અને પોલીસને જાણ કરવામાં આવતા તે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી.

પંચકુલાના ડેપ્યુટી પોલીસ કમિશ્નર હિમાદ્રી કૌશિકે જણાવ્યું કે પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મહત્યાનો કેસ લાગે છે. જો કે વધુ તપાસ ચાલી રહી છે. ■

# આવકવેરા ખાતાએ રિટર્ન ભરવાની મુદત વધારી

નવી દિલ્હી : ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે મંગળવારે ૨૦૨૫-૨૬ના એસેસમેન્ટ યરના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદત ૩૧ જુલાઈથી લંબાવીને ૧૫ સપ્ટેમ્બર કરી છે. જેમને અકાઉન્ટનું ઓડિટ કરવાની જરૂર નથી એવી વ્યક્તિઓ કે એન્ટિટીને ૩૧ જુલાઈ સુધી રિટર્ન ભરવું પડશે.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)એ કહ્યું હતું કે નોટિફાઈડ આઈટીઆરમાં કરાયેલા વ્યાપક સુધારા અને એસેસમેન્ટ યર ૨૦૨૫-૨૬ માટે આઈટીઆર યુટિલિટીને લોન્ચ કરવા અને સિસ્ટમને તૈયાર કરવા લાગનારા સમયને ધ્યાનમાં રાખીને રિટર્ન ભરવાની મુદત લંબાવાઈ છે.

કરદાતાઓ રિટર્ન સરળતાથી કે સુગમતાથી નોંધાવી શકે એ માટે રિટર્ન ભરવાની તારીખ ૩૧ જુલાઈને બદલે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ કરવામાં આવી છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારત ૧૧મા

(વિશ્વ એક પરિવાર છે) એ આપણી સંસ્કૃતિ છે, આપણે આપણા પડોશીઓ માટે પણ ખુશી ઇચ્છીએ છીએ, પરંતુ જો તમે અમારી શક્તિને પડકારો છો, તો ભારત પણ વીરોની ભૂમિ છે. વડા પ્રધાને કહ્યું હતું કે, આપણે તેને પ્રોક્સી યુદ્ધ કહી શકીએ નહીં કારણ કે છઠ્ઠી મે પછી (ઓપરેશન સિંદૂર દરમિયાન) માર્યા ગયેલા લોકોને પાકિસ્તાનમાં રાજ્ય સન્માન આપવામાં આવ્યું હતું. તેમના શબપેટીઓ પાકિસ્તાની ધ્વજથી લપેટાયેલી હતી અને તેમની સેનાએ તેમને સલામી આપી હતી. આ સાબિત કરે છે કે આ આતંકવાદી પ્રવૃત્તિઓ ફક્ત પ્રોક્સી યુદ્ધો નથી પરંતુ તેમના તરફથી એક સારી રીતે વિચારેલી યુદ્ધ વ્યૂહરચના છે. તેમણે કહ્યું, ''જો તેઓ યુદ્ધમાં સામેલ થશે, તો જવાબ તે મુજબ આપવામાં આવશે.'' પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરવા માટે ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂર પછી મોદીની આ પહેલી ગુજરાત મુલાકાત હતી. વડોદરા, દાહોદ, ભુજ, અમદાવાદ અને ગાંધીનગરની તેમની મુલાકાત દરમિયાન, તેમણે ઓપરેશન સિંદૂરની સફળતાની ગર્જના સાથે દેશભક્તિનો ઉત્સાહ અનુભવ્યો હતો, અને ઉમેર્યું હતું કે આ ભાવના દેશભરમાં જોઈ શકાય છે. વડા પ્રધાને કહ્યું હતું કે શરીર ગમે તેટલું મજબૂત હોય, કાંટો સતત પીડાદાયક બની શકે છે.

તેમણે કહ્યું હતું કે, ભારતે આતંકવાદના કાંટાને દૂર કરવાનું મન બનાવી લીધું છે અને તે ખૂબ જ દૃઢ નિશ્ચય સાથે કર્યું છે. તેમણે કહ્યું વધુમાં કહ્યું હતું કે, આપણે ૧૯૪૭માં કાશ્મીરમાં ઘૂસેલા મુજાહિદ્દીનોને મારી નાખવા જોઈતા હતા, જો તેવું થયું હોત તો વર્તમાન પરિસ્થિતિ ઊભી ન થાત. સ્વતંત્રતા પછી તરત જ કાશ્મીરમાં થયેલી ઘૂસણખોરીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, વિભાજન દરમિયાન, મા ભારતી બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી અને તે જ રાત્રે, મુજાહિદ્દીન દ્વારા કાશ્મીર પર પહેલો આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ આતંકવાદીઓની મદદથી પાકિસ્તાને ભારત માતાના એક ભાગ પર કબજો કર્યો છે. વડા પ્રધાન મોદીએ સરદાર પટેલને યાદ કરતા કહ્યું હતું કે, સરદાર પટેલનો તે સમયે મત હતો કે ભારતીય સેનાએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) ને પાછું ન લઈ લે ત્યાં સુધી રોકવું જોઈએ નહીં. જોકે, પટેલની સલાહ પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું. તેઓએ (પાકિસ્તાન અને તેના દ્વારા સમર્થિત આતંકવાદીઓ) લોહીનો સ્વાદ ચાખ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, આતંકવાદનો આ વારસો છેલ્લા ૭૫ વર્ષથી ચાલુ છે અને પહલગામમાં થયેલો આતંકવાદી હુમલો તેનું વધુ એક ભયાનક સ્વરૂપ છે. રાજદ્વારી રમત રમવા છતાં, પાકિસ્તાને વારંવાર યુદ્ધમાં ભારતની લશ્કરી શક્તિનો સામનો કર્યો છે. ત્રણ વખત, ભારતની સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને નિર્ણાયક રીતે હરાવ્યું છે, જેનાથી સ્પષ્ટ થયું કે પાકિસ્તાન ભારત સાથે સીધો લશ્કરી સંઘર્ષ જીતી શકશે નહીં. તેમણે કહ્યું કે પોતાની મર્યાદાઓને સમજીને, પાકિસ્તાને પ્રોક્સી યુદ્ધનો આશરો લીધો છે, તાલીમ પામેલા આતંકવાદીઓને ભારતમાં મોકલ્યા અને યાત્રાળુઓ સહિત નિર્દોષ અને નિઃશસ્ત્ર નાગરિકોને નિશાન બનાવ્યા હતા.

વડા પ્રધાને વધુમાં કહ્યું હતું કે, ભારતે ફક્ત સિંધુ જળ સંધિ (પહલગામ આતંકવાદી હુમલા પછી) મુલતવી રાખી છે અને પાકિસ્તાન પહેલાથી જ તેની ગરમી અનુભવી રહ્યું છે. તેમણે કહ્યું, ભારતે હંમેશાં કટોકટીના સમયમાં (તેના પડોશીઓને) સહાય પૂરી પાડીને બધાની પ્રગતિ અને કલ્યાણ માટે પ્રયત્નશીલ રહ્યા છે. જો કે, આ પ્રયાસો છતાં, રાષ્ટ્રને ઘણીવાર હિંસક હુમલાઓનો સામનો કરવો પડ્યો છે. મોદીએ કહ્યું હતું કે આપણી બાજુએ, નદીઓ પર બંધ બનાવવામાં આવ્યા હતા (સિંધુ જળ સંધિને આવરી લેતા), પરંતુ તેમની યોગ્ય રીતે જાળવણી કરવામાં આવી ન હતી અને સાઠ વર્ષ સુધી કાદવ કાઢવાની અવગણના કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે પાણીના પ્રવાહને નિયંત્રિત કરવા માટે બાંધવામાં આવેલા દરવાજા ખુલ્લા રાખવામાં આવ્યા ન હતા, જેના કારણે સંગ્રહ ક્ષમતામાં ભારે ઘટાડો થયો અને તેની ક્ષમતા માત્ર બે થી ત્રણ ટકા જ રહી ગઈ. તેમણે કહ્યું કે ભારતીય લોકોને પાણીનો હક મળવો જોઈએ. જોકે તેમણે કહ્યું કે મહત્વપૂર્ણ પગલાં લેવાના બાકી છે, પરંતુ પ્રારંભિક પગલાં શરૂ કરવામાં આવ્યા છે.

વડા પ્રધાન મોદીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, ''ભારત કોઈની સાથે દુશ્મનાવટ ઇચ્છતું નથી અને શાંતિ અને સમૃદ્ધિની ઇચ્છા રાખે છે. દેશ પ્રગતિ અને વૈશ્વિક કલ્યાણમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. દૃઢ નિશ્ચય સાથે, ભારત તેના નાગરિકોના કલ્યાણ માટે સમર્પિત છે.'' મોદીએ કહ્યું હતું કે જ્યારે તેમણે ૨૦૧૪ માં વડા પ્રધાનપદ સંભાળ્યું ત્યારે ભારત ૧૧મું સૌથી મોટું અર્થતંત્ર હતું અને છેલ્લા ૧૧ વર્ષમાં કોવિડ-૧૯ રોગચાળા, પડોશી દેશો સાથેની મુશ્કેલીઓ અને કુદરતી આફતો જેવા પડકારોનો સામનો કરવા છતાં તે ચોથા સ્થાને પહોંચી ગયું છે. ■

### કૌસ્તુભ ત્રિવેદીની

રંગભૂમિના જાણીતા લેખક પ્રભુલાલ દ્વિવેદીના પુત્ર વિનયકાન્ત દ્વિવેદી. એ નાટક સફળ થયા પછી તેમણે અનેક નાટકો ક્રમશઃ મોડર્ન રંગભૂમિનાં કર્યા હતાં.

મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવે સાથે પણ તેમણે નાટકોનું નિર્માણ કર્યું હતું જેવા કે 'કેસ નંબર ૯૯', 'પપ્પાને પ્રેમ છે, દીકરાને વહેમ છે', 'દિવ્યા દોષી છે?' અને પ્રવીણ સોલંકી લિખિત અને વિપુલ વિઠલાણી દિગ્દર્શીત નાટક 'છલનાયક' અત્યારે ફ્લોર પર છે. આ સિવાય તેમણે નીલેશ દવે સાથે એકમાત્ર ગુજરાતી વેબસિરીઝ 'દેસાઈ ડાયમંડ્' પણ પ્રોડ્યુસ કરી હતી.

કૌસ્તુભ ત્રિવેદી સાથે ૧૦૨ નાટકોમાં સાથે રહેનારા સંજય ગોરડિયાએ કહ્યું હતું કે અમારી મૈત્રી ગુજરાતી રંગમંચના ઈતિહાસમાં સૌથી લાંબી ૨૫ વર્ષની હતી. બા રિટાયર થાય છે, જલસા કરો જેંતીલાલ, અમે લઈ ગયા તમે રહી ગયા, મસાલામામી, લાલી લીલા, છગન મગન તારા છાપરે લગન, જાદુ તેરી નજર, રૂપિયાની રાણી ડોલરિયો રાજા, ઝીરો બની ગયો હીરો, પ્રેમ કરતાં પંક્ચર પડ્યું, એક મુરખને એવી ટેવ, જંતરમંતર અને છેલછબીલો ગુજરાતી જેવા અનેક નાટકો સાથે કર્યા છે. અમારી બંનેની મુલાકાત ૧૯૯૩માં સિદ્ધાર્થ રાંદેરિયાના નાટક ભાઈના સેટ પર થઈ હતી, આ નાટકમાં અમે બંને અભિનય કરી રહ્યા હતા, ત્યારે જે મૈત્રી શરૂ થઈ તે તેમના જીવનના અંત પર્યંત ચાલી હતી.

આમ તો કૌસ્તુભ ત્રિવેદીની કારકિર્દીની શરૂઆત ૧૯૭૭થી થઈ હતી, પરંતુ તેમને સ્થાપિત કરનારું નાટક હતું ૧૯૮૯માં આવેલું અજાતશત્રુ. એ પછી તેમણે પાછું વળીને જોયું નહોતું. પૈસાના વ્યવહારમાં ચોખ્ખો સ્વભાવ એમનો સૌથી મોટો ગુણ હતો. છેલ્લાં થોડા સમયથી બિમારીના કારણે કામ કરવા માટે અક્ષમતા વ્યક્ત કરતાં હોવા છતાં અત્યારે પણ નાટકોમાં તેમનું નામ આવી રહ્યું છે, એનું કારણ છે તેમની ક્રેડિબિલીટી. ■

# અમદાવાદ, રાજકોટ અને સુરતમાં કોરોનાના કેસ વધ્યા, અમદાવાદમાં એક જ દિવસમાં નવા ૧૭ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સતત વધી રહેલા કોરોના કેસ ફરી ચિંતાનો વિષય બન્યો છે. રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ કોરોનાના કેસ નોંધાતા સ્થાનિક મનપા તંત્ર દોડતું થયું હતું. વર્તમાન મે મહિનામાં શહેરમાં ૮૯ કોરોનાના કેસ નોંધાયા છે. જેમાં ૭૬ એક્ટિવ કેસ છે. બે દર્દીઓ સારવાર હેઠળ છે. ૧૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

રાજકોટમાં મંગળવારે કોરોનાના નવા ચાર કેસ નોંધાયા હતા જેમા એક મહિલા અને એક પુરુષ સંક્રમિત થયા હોવાનું બહાર આવ્યું હતું. શહેરના શિવપાર્ક, ગોવિંદ નગર, શિવાજી પાર્ક અને સિલ્વર સાઈન વિસ્તારમાં કોરોનાના કેસ જોવા મળ્યા છે. હાલ ચારે દર્દીઓને હોમ આઈસોલેશન હેઠળ રાખવામાં આવ્યા છે. ટ્રાવેલ્સ હિસ્ટ્રી અંગે હજુ સુધી કોઈ વિગત જાણવા મળી નથી, પહેલા કેસમાં પણ ટ્રાવેલ્સ હિસ્ટ્રી વગર જ પોઝિટિવ કેસ નોંધાયો હતો. કોરોનાના કેસને પગલે સિવિલ હૉસ્પિટલમાં ખાસ વોર્ડ તૈયાર કરાયો છે. આ સાથે જ ૨૦ બેડની પણ ઓક્સિજન સાથે વ્યવસ્થા કરવામાં આવી છે.

તે જ પ્રકારે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સોમવારે બે દર્દીનો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમાં સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં રહેતી અને ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી ૪૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. હાલ યુવતી સિવિલ હૉસ્પિટલમાં ઓક્સિજન સપોર્ટ પર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના બે વ્યક્તિઓને હાલમાં કોઈ તકલીફ નથી.

બીજા દર્દી ૭૩ વર્ષીય વૃદ્ધ (રહેઠાણ-વેસુ) જેઓ રીટાયર્ડ છે અને કેન્સરની સારવાર હેઠળ છે અને મુંબઈથી કેન્સરની સારવાર મેળવી તા.૨૩/૦૫/૨૦૨૫ના રોજ સુરત પરત આવ્યા હતા અને તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. હાલ તેઓ મૈત્રય હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર છે અને તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના એક વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલા કુલ આઠ ટેસ્ટમાંથી બે કેસ પોઝિટિવ આવ્યા હતા. આ આઠ ટેસ્ટમાં છ આરટીપીસીઆર અને બે આરએટી ટેસ્ટનો સમાવેશ થાય છે. અગાઉ જિલ્લામાં એક એક્ટિવ કેસ હતો. નવા બે કેસ ઉમેરાતા હવે કુલ એક્ટિવ કેસની સંખ્યા ત્રણ થઈ ગઈ છે. તમામ કોરોના પોઝિટિવ દર્દીઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે. ■

# ગુજરાત પર ત્રણ સિસ્ટમ સક્રિય

## હવામાન વિભાગનું ૧૦ જિલ્લામાં ઑરેન્જ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી મેઘમહેર થઈ રહી છે. સોમવાર રાતથી રાજ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે ફરી એક વખત તેજ પવન સાથે વરસાદની આગાહી કરી હતી. રાજ્ય પર ૩ સિસ્ટમ સક્રિય થઈ છે, જેના ભાગરૂપે કાંઠાના ભાગોમાં વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગની દક્ષિણ ગુજરાત, દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓ માટે આગાહી સામે આવી છે.આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવા તાકીદ કરવામાં આવી હતી.

હવામાન વિભાગ તરફથી ૧૦ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. આજે ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી ઉપરાંત સૌરાષ્ટ્રના કાંઠાના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં ઓરેન્જ એલર્ટ અપાયું હતું. આ સાથે જ ત્રણ દિવસ ગુજરાતમાં ગાજવીજ સાથે તોફાની વરસાદ થઈ શકે છે. ૫૦થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ત્રણ દિવસ સુધી દરિયાકાંઠે ઊંચાં મોજાં ઉછળી શકે છે. જ્યારે માછીમારોને દરિયો ન ખેડવા તાકીદ કરવામાં આવી છે. ૩૧મી મેના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં વરસાદની આગાહી છે. ■

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેર

## ભરૂચના હાંસોટમાં ૨.૩૨ ઇંચ, મહુવામાં ૨.૧૭ ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે ૧ જૂન સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળે વરસાદની આગાહી કરી છે. ૨૭ મે મંગળવારના રોજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટા ભાગના જિલ્લાઓમાં ગાજવીજ અને પવન સાથે છૂટાછવાયા સ્થળે વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા જારી કરાયેલા આંકડા મુજબ, મંગળવારે સવારના ૦૬:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન અનેક તાલુકાઓમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. સૌથી વધુ વરસાદ ભરૂચ જિલ્લાના હાંસોટમાં ૫૯ મિમી (૨.૩૨ ઇંચ) નોંધાયો હતો, જ્યારે ભાવનગરના મહુવામાં ૫૫ મિમી (૨.૧૭ ઇંચ) વરસાદ પડ્યો હતો. ભરૂચના નેત્રંગમાં ૪૪ મિમી (૧.૭૩ ઇંચ) અને ભરૂચ શહેરમાં ૪૩ મિમી (૧.૬૯ ઇંચ) વરસાદ નોંધાયો હતો.

દક્ષિણ ગુજરાતમાં મુખ્યત્વે ભરૂચના હાંસોટમાં ૨.૩૨ ઇંચ, નેત્રંગ ૧.૭૩ ઇંચ, ભરૂચ શહેર ૧.૬૯ ઇંચ, વાલિયા ૧.૦૨ ઇંચ, ઝઘડિયા ૦.૭૯ ઇંચ, વાગરા ૦.૫૯ ઇંચ, અને અંકલેશ્વરમાં ૦.૩૧ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે સુરતના માંગરોળમાં ૧.૫૪ ઇંચ, ઓલપાડ ૧.૧૦ ઇંચ, કામરેજ ૦.૯૧ ઇંચ, ઉમરપાડા ૦.૩૯ ઇંચ, સુરત સિટી ૦.૩૧ ઇંચ, બારડોલી ૦.૨૦ ઇંચ, અવે ચોર્યાસીમાં ૦.૧૨ ઇંચ વરસાદ થયો હતો. નર્મદા જિલ્લાના નાંદોદમાં ૦.૭૧ ઇંચ, તિલકવાડા ૦.૫૧ ઇંચ, ગરુડેશ્વર ૦.૧૬ ઇંચ, ડેડિયાપાડા ૦.૦૪ ઇંચ વરસાદ થયો હતો. જ્યારે છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુરમાં ૦.૨૦ ઇંચ, નસવાડી ૦.૧૨ ઇંચ, ક્વાંટ ૦.૦૪ ઇંચ, સંખેડા ૦.૦૪ ઇંચ વરસાદ થયો હતો. ડાંગ જિલ્લાના ડાંગ-આહવામાં માત્ર ૦.૦૮ ઇંચ પડ્યો હતો. તે જ પ્રકારે વડોદરા જિલ્લાના સિનોરમાં ૦.૪૭ ઇંચ, ડભોઈમાં ૦.૩૯ ઇંચ અને વાઘોડિયા ૦.૦૮ ઇંચ વરસાદ થયો હતો. જ્યારે અમદાવાદ જિલ્લાના ધોલેરામાં ૦.૮૭ ઇંચ થયો હતો. સૌરાષ્ટ્રના ભાવનગરમાં મહુવાના ૨.૧૭ ઇંચ અને તળાજામાં ૦.૬૩ ઇંચ, અમરેલી જિલ્લાના ધારીમાં ૦.૪૭ ઇંચ અને જાફરાબાદમાં ૦.૨૮ ઇંચ થયો હતો. ગીર સોમનાથ જિલ્લાના તાલાલામાં ૦.૪૭ ઇંચ, ઉના ૦.૩૧ ઇંચ, તથા પાટણ-વેરાવળમાં ૦.૦૮ ઇંચ વરસાદ થયો હતો. ■

# પાંચ મહાનગરમાં લાગશે હવાની ગુણવત્તા માપતી મોનિટરિંગ સિસ્ટમ!

## વડોદરા, રાજકોટ અને સુરત પ્રથમ તબક્કામાં સામેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર રાજ્યના પાંચ મહાનગરોમાં હવામાં રહેલા પ્રદૂષણના લેવલને ચોકસાઈથી માપી શકાય તેવી એડવાન્સ મોનિટરિંગ સિસ્ટમ લગાવશે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા આ માટે તજવીજ શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ પછી હવે વડોદરા, રાજકોટ અને સુરત જેવા શહેરોને પ્રથમ તબક્કામાં આ સિસ્ટમ લગાવાશે. જ્યારે જામનગર અને વાપી, અંકલેશ્વર વિસ્તારને બીજા તબક્કામાં આ સિસ્ટમ લગાવવાની શક્યતા છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે હવામાં રહેલા ઘાતક તત્ત્વોનું પ્રમાણ નિયમિત રીતે માપવા માટે ઓટોમેટેડ એર મોનિટરિંગ સ્ટેશનોની ખરીદીની પ્રક્રિયા હાથ ધરી છે. આ સિસ્ટમ પીએમ ૨.૫, પીએમ ૧૦ જેવા હવામાં તરતા રજકણો ઉપરાંત સલ્ફર ડાયોક્સાઇડ, નાઇટ્રોજન ડાયોક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ, ઓઝોન, એમોનિયા અને બેન્ઝીન જેવા ૮થી વધુ ઘાતક વાયુમેળક તત્ત્વોનું પ્રમાણ માપે છે.

આ તમામ ડેટા સીધા કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના 'સમીર પોર્ટલ' સાથે જોડાશે, જેથી હવાની ગુણવત્તા અંગેનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યુઆઈ) જાહેર રીતે દરેક નાગરિક જોઈ શકે અને તેમના આરોગ્ય અંગેના નિર્ણયો લઈ શકશે. વળી, રાષ્ટ્રીય ધોરણે પણ રાજ્યની હવા કેટલી શુદ્ધ કે દૂષિત છે તેની નિષ્ણાત વિજ્ઞાનસર્જિત પદ્ધતિથી અંદાજ મળી રહેશે. પર્યાવરણ અને વન પ્રધાન મૂળ બેરાએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં પહેલેથી એવી સિસ્ટમ કાર્યરત છે અને હવે રાજ્યના અન્ય મહાનગરો સુધી તેને વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારની આ પહેલ દ્વારા શહેરોમાં પ્રવર્તતું વાયુ પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસો ઝડપ પકડશે અને જાહેર આરોગ્ય માટે પણ ફાયદાકારક સાબિત થશે.

જામનગર, વાપી અને અંકલેશ્વર જેવા ઉદ્યોગપ્રધાન શહેરોમાં વાયુપ્રદૂષણનું સ્તર સામાન્યથી વધુ હોય છે અને ત્યાં મોનિટરિંગ સિસ્ટમ ન હોવાના કારણે ચોક્કસ માહિતી ઉપલબ્ધ ન રહેતી. હવે આવી જગ્યાઓ પર પણ સિસ્ટમ લગાવાથી સરકારને વિવિધ નિયંત્રણાત્મક પગલાં લેવા માટે ચોક્કસ માર્ગદર્શિકા મળશે. ■

# મુંબઈના વરસાદે અમદાવાદ એરપોર્ટનું ફ્લાઇટ શેડ્યૂલ બગાડ્યુંઃ ૧૬ ફ્લાઇટ્સ પ્રભાવિત, એક રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમવારે મુંબઈમાં ચોમાસાના આગમનની સાથે જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી અને ભારે વરસાદને કારણે મુંબઇનુ જનજીવન ભારે પ્રભાવિત થયું હતું. મુંબઇમાં પડેલા ભારે પડેલા વરસાદને કારણે ફ્લાઇટ શેડ્યૂલ ખોરવાઈ ગયું હતું, જેની સીધી અસર અમદાવાદ એરપોર્ટ પર પણ જોવા મળી હતી. મુંબઈથી આવતી-જતી કુલ ૧૬ ફ્લાઇટ્સ પ્રભાવિત થઈ હતી, જેમાં સાત ફ્લાઇટ્સ મોડી પડી હતી અને એક ફ્લાઇટ રદ કરવામાં આવી હતી.

અમદાવાદ એરપોર્ટના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં પડેલા ભારે વરસાદને કારણે દિવસભર હવાઈ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. અમદાવાદથી મુંબઈ જતી સાત ફ્લાઇટ્સ એકથી ત્રણ કલાક મોડી પડી હતી, જ્યારે મુંબઈ-અમદાવાદ ઇન્ડિગોની ફ્લાઇટ સંપૂર્ણપણે રદ કરવામાં આવતા ઘણા મુસાફરો અટવાઈ પડ્યા હતા.

ઇન્ડિગો, સ્પાઇસજેટ, આકાસા એર અને એર ઇન્ડિયા સહિતની મુખ્ય એરલાઇન્સની ફ્લાઇટ્સ પણ વિલંબિત થઈ હતી. લાંબા સમય સુધી રાહ જોવા પડતા મુસાફરોમાં હતાશા જોવા મળી હતી, જેમાંના કેટલાક તો કલાકો વહેલા એરપોર્ટ પર પહોંચી ગયા હતા. કેટલાક મુસાફરોએ એરલાઇન સ્ટાફ સાથે ઉગ્ર બોલાચાલી પણ કરી હોવાના અહેવાલ મળ્યા હતા. ■

# અમદાવાદઃ ખાળકૂવો સાફ કરવા ઊતરેલા ત્રણ લોકોનાં મોત

## શહેરના નારોલ વિસ્તારમાં ચોંકાવનારો કિસ્સો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નારોલ કોઝી હોટલ પાસે આવેલા વૃંદાવન સોસાયટીમાં ખાળકૂવો સાફ કરવા ઉતરેલા યુવક ઘણા સમય સુધી બહાર નહીં આવતા તેની શોધખોળ કરવા બે યુવકો સહિત ત્રણના ગૂંગળામણના લીધે મૃત્યુ નીપજ્યાં હોવાની ચકચારી ઘટના સોમવારે બપોરે બનવા પામી હતી. બનાવ અંગેની જાણ ફાયર અને પોલીસને કરવામાં આવી હતી. ફાયર વિભાગે ત્રણેય મૃતકોના શબને ખાળકૂવામાંથી બહાર કાઢ્યા બાદ નારોલ પોલીસે ત્રણેય મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની તપાસ શરૂ કરી છે.

બનાવની વિગત એવી છે કે, નારોલમાં વૃંદાવન સોસાયટીમાં સોમવાર બપોરે ખાળકૂવો સાફ કરવા ઉતરેલા ત્રણ યુવકોનાં ગૂંગળામણના લીધે મોત નીપજ્યાં હોવાની ચકચારી ઘટના બની હતી. વૃંદાવન સોસાયટીમાં આવેલા મકાનમાં ભાડુઆત તરીકે રહેતા ૪૫ વર્ષીય રામભજન શર્મા મકાન માલિકના ઘરના ખાળકૂવાનું સમારકામ કરવા માટે અંદર ઉતર્યા હતા.

ઘણો સમય વીતી જતા રામભજન બહાર આવ્યો ન હતો. જેથી તેની શોધખોળ કરવા માટે ૧૯ વર્ષીય રિશીરાજ વર્મા ખાળકૂવામાં ઉતર્યો હતો પરંતુ તે પણ ઘણા સમય સુધી બહાર નહીં આવતા આખરે ૨૨ વર્ષીય ભુપેન્દ્રસિંગ રાજપૂત ખાળકૂવામાં ઉતર્યો હતો. ત્રણેય લોકો બહાર નહીં આવતા આસપાસના લોકો એકઠા થઈ ગયા અને એક વ્યક્તિને બહાર કાઢ્યો ત્યારે તેનું મૃત્યુ નીપજી ચૂક્યું હતું. ત્યારબાદ ગભરાયેલા મકાન માલિકે તાત્કાલિક ફાયર અને પોલીસને જાણ કરતા ફાયરની ત્રણ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ અને ખાળકૂવામાં દટાયેલા બે યુવકોને બહાર કાઢ્યા તેઓનાં મોત નીપજ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સમગ્ર મામલે નારોલ પોલીસે ત્રણેય મૃતક યુવકોના પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલ ખસેડાયા હતા. મળતી માહિતી અનુસાર ત્રણેય યુવકોનાં મોત ખાળકૂવામાં રહેવા ઝેરી ગેસ શ્વાસમાં ભળી ગયો જેના લીધે ગૂંગળામણ થઈ હતી. ■

# વિધાનસભા પછી ગ્રામ પંચાયતોની ચૂંટણીના ટકોરા

## આજે ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે બેઠક યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૂંટણી પંચ ટૂંક સમયમાં ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીની જાહેરાત કરી શકે છે, જેના માટે તાડમાર તૈયારીઓ કરવામાં આવી છે. આજે બુધવારે (૨૮ મે)ની સાંજે રાજ્ય ચૂંટણી પંચ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને નોડલ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ મારફતે બેઠક યોજશે, જેમાં ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

રાજ્યમાં ગ્રામ પંચાયતો માટે સામાન્ય, મધ્યસત્ર, વિભાજન કે પેટા ચૂંટણી યોજાવાની છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાંજે ૪ થી ૬ દરમિયાન આ બેઠક યોજાશે. બેઠકમાં મતદાન મથકોની તૈયારી, સ્ટાફની નિયુક્તિ, ચૂંટણી માટેના મટીરીયલના ટેન્ડર જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં નોડલ અધિકારીઓ, રિટર્નિંગ ઓફિસર્સ (એઆર) અને આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર્સ (એઆરઓ)ની અપોઈન્ટમેન્ટ, પોલીસ સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવો તથા તમામ મતદાન મથકોની ફિઝિકલ ચકાસણી કરવા જેવી બાબતોની ચર્ચા કરવામાં આવશે.

બેઠક દરમિયાન રાજ્યના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની યાદી તૈયાર કરવામાં આવશે. ચૂંટણી માટે જરૂરી બેલેટ પેપર છાપવા માટે પ્રિન્ટિંગ પ્રેસની પસંદગી, તેની કેપેસિટી અને સિક્યોરિટીની સમીક્ષા પર પણ ચર્ચા કરવામાં આવશે. બેઠકમાં એ પણ માહિતી લેવામાં આવશે કે ચૂંટણીલક્ષી મટિરિયલ અને સ્ટેશનરીની ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ છે કે નહીં. ■

# મહેસૂલી તલાટીની ભરતી માટે ઉમેદવારોનો ધસારોઃ ગણતરીના કલાકોમાં ૨૨,૦૦૦થી વધુ અરજીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મહેસૂલ તલાટીની કુલ ૨,૩૮૯ જગ્યાઓ માટે ભરતીનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ ભરતી માટે જુલાઈ મહિનામાં પરીક્ષા યોજાશે. સોમવારથી ઓનલાઇન અરજીઓ સ્વીકારવાનું શરૂ કરવામાં આવ્યું હતું, જેના માટે ઉમેદવારોનો ધસારો જોવા મળી રહ્યો છે. મંડળને માત્ર ગણતરીના કલાકોમાં જ ૨૨ હજારથી વધુ અરજીઓ મળી ચૂકી છે.

આ ભરતી માટે ૨૬ મે સોમવારના બપોરે ૨ વાગ્યાથી ઓનલાઇન અરજી ખોલવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ અરજી ખુલ્યાના માત્ર ૨૨ કલાકમાં એટલે કે મંગળવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૨૨,૧૦૦ જેટલી અરજીઓ થઇ ચૂકી છે. જેમાંથી ૧૪,૩૫૦ જેટલી અરજીઓ કન્ફર્મ થઇ ગઇ છે અને ૭,૧૦૦ જેટલા ઉમેદવારે પરીક્ષા ફી ચૂકવી દીધી છે.

આ ભરતી માટે ૧૦ જૂન, ૨૦૨૫ ના રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારોના ધસારાને જોતા કુલ ત્રણ લાખથી વધુ અરજીઓ થાય તેવી શક્યતા છે. અહેવાલ મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ઉમેદવારોની પ્રાથમિક પરીક્ષા જુલાઇમાં યોજી શકે છે.

મહેસૂલી તલાટીની આ ભરતી પ્રક્રિયા નવા નિયમો હેઠળ કરવામાં આવશે, જેમાં ઉમેદવારોની લાયકાત, ઉંમર અને પરીક્ષા પદ્ધતિ સહિતની બાબતોમાં મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. ઉમેદવારોએ આ ભરતી માટે ઓજસની વેબસાઈટ પર પણ અરજી કરી શકે છે. ■

# અમૂલે દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે ₹૧૦નો વધારો અને દાણના ભાવમાં પ્રતિ કિલોએ ૫૦ પૈસાનો ઘટાડો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમૂલ ડેરીએ લાખો પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને મહત્વનો નિર્ણય લીધો છે. દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ.૧૦ વધારો કરવામાં આવ્યો છે, આ સાથે પશુ દાણના ભાવમાં પ્રતિ કિલોએ ૫૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે ડેરી સાથે સંકળાયેલા સાત લાખ પશુપાલકોને ફાયદો થશે.

સુત્રોએ આપેલી જાણકારી મુજબ આ પહેલા અમૂલ ડેરીએ છેલ્લે ૧ ઑગષ્ટ ૨૦૨૩ના રોજ દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ.૩૦નો વધારો કર્યો હતો, હવે ૨૦ મહિના બાદ રૂ.૧૦નો વધારો કરવામાં આવ્યો છે. હવે અમૂલ ડેરી પશુપાલકોને પ્રતિ કિલો ફેટ રૂ.૮૫૫ને બદલે રૂ.૮૬૫ ચૂકવશે.

નોંધનીય વાત એ છે કે અમુલ ડેરીના ઇતિહાસમાં પહેલીવાર દાણના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. દાણની ૭૦ કિલોની એક ગુણના ભાવમાં રૂ.૩૫નો ઘટાડો થયો છે, જ્યારે ૫૦ કિલોની ગુણ ૨૫ રૂપિયા સસ્તી થઇ છે.

અમૂલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલે પ્રેસ કોન્ફરન્સ યોજીને આ અંગે માહિતી આપી હતી. દૂધના ખરીદ ભાવમાં વધારાની અસર ગ્રાહકો પર નહીં પડે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા બનાસ ડેરીએ દૂધ ખરીદ કિંમતમાં વધારો કર્યો હતો. ■

# વડા પ્રધાન મોદીના રોડ શો દરમિયાન ફરજ પર મૃત્યુ પામેલા હોમગાર્ડ જવાનના પરિવારને સહાય આપવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગુજરાત પ્રવાસના પહેલા દિવસ સોમવારે વડોદરામાં 'સિંદૂર સન્માન યાત્રા' રોડ શો યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સુરક્ષા વ્યવસ્થા માટે તૈનાત હોમગાર્ડ જવાન નિતેશભાઇ જરીયાને ફરજ દરમિયાન હાર્ટ એટેક આવ્યો હતો, તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. હોમગાર્ડ જવાનનો પરિવાર નિરાધાર બન્યો હતો, મૃતક હોમગાર્ડ જવાનના પરિવારને મંગળવારે રૂ. ૪,૦૫,૦૦૦ ની સહાય આપવામાં આવી હતી..

ફરજ દરમિયાન હોમગાર્ડસના જવાનનું આકસ્મિક મૃત્યુ થાય ત્યારે તેના પરિવારને માત્ર રૂ.૫,૦૦૦ આપવામાં આવતા હોય છે, પરંતુ આ નિતેશભાઇના મૃત્યુને ખાસ કિસ્સા તરીકે વધારાના રૂ.૪,૦૦,૦૦ આપવામાં આવ્યા છે.

અહેવાલ મુજબ નિતેશભાઇના મૃત્યુ બાદ તેમના ઘરમાં કોઈ કમાનાર વ્યક્તિ નથી. નિતેશભાઇના પત્ની ઘરકામ કરે છે જ્યારે એક વર્ષનું બાળક પણ છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભાજપના પૂર્વ કોર્પોરેટર રાજેશભાઈ આયરે ગુજરાતના વિધાનસભાના દંડક બાળું શુકલને રજૂઆત કરી હતી કે આ કિસ્સાને ખાસ કિસ્સો ગણવામાં આવે. તેમણે મુખ્ય પ્રધાનને જાણ કરી, ત્યાર બાદ રાજ્ય સરકાર તરફથી રૂ.૨ લાખ અને ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ તરફથી રૂ.૨ લાખની સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મંગળવારે નિતેશભાઇના પત્નીને રૂ.૪,૦૫,૦૦૦નો ચેક આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત મૃતક નિતેશભાઇના ભાઈને નોકરી આપવાની પણ ખાતરી આપવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ લક્ષ્મીપુરા ગામના રહેવાસી ૨૯ વર્ષીય નિતેશભાઇ જરીયા હોમગાર્ડમાં ફરજ બજાવતા હતાં. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શોને ધ્યાનમાં રાખીને તેમને બે દિવસ સુરક્ષા ફરજ પર તૈનાત કરવામાં આવ્યા હતાં. તેઓ ફરજ બજાવી રહ્યા હતાં, ત્યારે સવારે ૮:૦૦ વાગે તેમને અચાનક છાતીમાં દુઃખાવો થવાની તકલીફ થઇ હતી, સાથી કર્મચારીઓ તેમને હૉસ્પિટલમાં લઇ ગયા. ફરજ પર હાજર ડૉક્ટરોના પ્રયાસ છતાં તેમનો જીવ બચી શક્યો નહીં, પ્રાથમિક અહેવાલ મુજબ હાર્ટ એટેકને કારણે તેમનું મોત થયું હતું. ■

# કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે પ્રભારી તરીકેની જવાબદારી સ્વીકારવાનો જિગ્નેશ મેવાણીનો ઇનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કોંગ્રેસમાં આંતરિક કલહ ફરી વકર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કૉંગ્રેસના યુવા અને આક્રમક નેતા જિગ્નેશ મેવાણીએ આગામી કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે પ્રભારી તરીકેની જવાબદારી સ્વીકારવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. આ નિર્ણય પાછળ અમરેલી ખાતે બનેલી ઘટનાને પગલે પક્ષ સામેની તેમની નારાજગી મુખ્ય કારણભૂત હોવાનું મનાય છે.

મળતી માહિતી મુજબ, અમરેલીમાં બનેલી કોઈ ચોક્કસ ઘટના સંદર્ભે જિગ્નેશ મેવાણી પક્ષના વલણ કે કાર્યવાહીથી ખૂબ નારાજ છે. તેમણે પોતાની આ નારાજગી અને કડી પેટાચૂંટણીના પ્રભારી પદ સ્વીકારવાના ઇનકાર અંગે કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને જાણ કરી દીધી છે. મેવાણીનો આ નિર્ણય કોંગ્રેસ માટે ચિંતાનો વિષય બની શકે છે, ખાસ કરીને જ્યારે ૧૯ જૂને કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો પર મહત્વપૂર્ણ પેટાચૂંટણીઓ યોજાવાની છે.

કડી અને વિસાવદર બેઠકો પરની પેટાચૂંટણીઓ કૉંગ્રેસ માટે અગ્નિપરીક્ષા સમાન છે. આવા સમયે જિગ્નેશ મેવાણી જેવા લોકપ્રિય અને સક્રિય નેતા દ્વારા પ્રભારીપદનો ઇનકાર કરવો એ પક્ષ માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે. મેવાણીની ગેરહાજરી ચૂંટણી પ્રચાર અને સંગઠનાત્મક માળખા પર નકારાત્મક અસર કરી શકે છે. કૉંગ્રેસ નેતૃત્વ હવે મેવાણીને મનાવવા અને તેમની નારાજગી દૂર કરવા માટે શું પગલાં ભરે છે તે જોવું રસપ્રદ રહેશે. આ આંતરિક ખેંચતાણ વચ્ચે કૉંગ્રેસ કેવી રીતે આ પેટાચૂંટણીઓમાં પ્રદર્શન કરે છે તે આવનારા સમયમાં સ્પષ્ટ થશે. ■

# અમદાવાદના બાવળામાં ગેરકાયદેસર ગર્ભપાત રેકેટનો પર્દાફાશ

## ગેસ્ટહાઉસમાંથી ત્રણ મહિલાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ ગ્રામ્યના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) એ બાવળા વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ગર્ભપાત રેકેટનો પર્દાફાશ કર્યો હતો. એસઓજીએ આરોગ્ય વિભાગની ટીમ સાથે મળીને એક ગેસ્ટ હાઉસ પર દરોડા પડ્યા હતાં. આ મામલે પોલીસે ત્રણ મહિલાઓની ધરપકડ કરી હતી. પોલીસને સ્થળ પરથી એક ભ્રૂણ પણ મળી આવ્યું હતું.

પોલીસને બાતમી મળી હતી કે પનામા ગેસ્ટ હાઉસના રૂમ નંબર ૧૦૫માં કોઈપણ મેડિકલ પ્રેક્ટિસ વિના ગેરકાયદે ગર્ભપાતનું રેકેટ ચાલી રહ્યું છે. બાતમીના આધારે, પોલીસે તાલુકા આરોગ્ય અધિકારી અને બાવળાના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરનો સંપર્ક કર્યો હતો. ત્યાર બાદ આરોગ્ય વિભાગની ટીમ સાથે ગેસ્ટ હાઉસ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

ઘટનાસ્થળે ત્રણ મહિલાઓ મળી આવી હતી, જેમાંથી એકનો દરોડાના થોડા સમય પહેલા ગર્ભપાત થયો હતો. ઘટનાસ્થળેથી એક ભ્રૂણ પણ મળી આવ્યું હતું. જેથી પુષ્ટિ થઇ હતી કે અહીં ગેરકાયદે ગર્ભપાતનું રેકેટ ચાલી રહ્યું છે.

અહેવાલ મુજબ ત્રણેય મહિલાઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો અને મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટ, ૧૯૭૧ ની કલમો હેઠળ બાવળા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

અહેવાલ મુજબ વધુ નાણાં કમાવવાના લાલચે ધોળકાની રહેવાસી એક મહિલાએ ગેસ્ટ હાઉસનો રૂમ ભાડે રાખીને ગેરકાયદે ગર્ભપાત કરાવવાનો ગોરખધંધો શરુ કર્યો હતો. ગર્ભપાત માટે મોટી રકમ વસૂલવામાં આવી આવતી હતી. પોલીસની પુછપરછમાં આરોપી મહિલાએ કબૂલ્યું હતું કે તેમની પાસે મેડિકલ ડિગ્રી નથી, પરંતુ તેમણે નર્સિંગનો કોર્ષ કર્યો છે અને અગાઉ ધોળકાની એક હોસ્પિટલમાં કામ કરતી હતી. આરોપી મહિલા અગાઉ ઘણા ગર્ભપાત કરાવી ચુકી હોવાની શંકા છે. આ રેકેટમાં હજુ ઘણા લોકો સંડોવાયેલા હોવાની પોલીસને શંકા છે. આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે. ■

# પાલિકાની તિજોરી ખાલી કરી નાખી, હવે રાજ્ય સરકાર વળતર આપેઃ આદિત્ય ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યભરમાં વરસાદે તબાહી મચાવી છે. તેની સાથે, છેલ્લા બે - ત્રણ દિવસથી ચાલી રહેલા વરસાદથી મુંબઈને ભારે ફટકો પડ્યો છે અને શહેરના ઘણા રસ્તાઓ સોમવારના વરસાદમાં પાણીમાં ડૂબેલા જોવા મળ્યા હતા.

શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ આ પરિસ્થિતિ માટે રાજ્યની ભાજપ સરકાર અને નગરવિકાસ ખાતાના પ્રધાન એકનાથ શિંદેને જવાબદાર ઠેરવ્યા છે. મંગળવારે પત્રકારો સાથે વાતચીત કરતી વખતે આદિત્ય ઠાકરેએ શાસક પક્ષની આકરી ટીકા કરી હતી.

આદિત્ય ઠાકરેએ વરસાદને કારણે મુંબઈમાં થયેલા ઘરો અને દુકાનોના નુકસાન માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા નહીં પણ રાજ્ય સરકારના ખજાનામાંથી વળતર આપવાની માગણી કરી હતી.

આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવું ખૂબ જ સહેલી છે, પરંતુ ગઈકાલનો વરસાદ આ મહિનાનો પહેલો વરસાદ નહોતો. મે મહિનાના પહેલા અઠવાડિયામાં પણ વરસાદ પડ્યો હતો. ત્યારે પણ પરિસ્થિતિ આવી જ હતી, સાકીનાકા વિસ્તાર સંપૂર્ણપણે પાણીથી ભરાઈ ગયો હતો. ઉપરાંત ગયા અઠવાડિયે પણ સાકીનાકા અને અંધેરી સબવે વિસ્તારોમાં આવી જ પરિસ્થિતિ સર્જાઈ હતી.

આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, 'આ વરસાદથી જે લોકો પ્રભાવિત થયા છે, જેમના ઘરો અને દુકાનોને નુકસાન થયું છે તેમના માટે વળતરની માગણી કરવા માટે હું આ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યો છું. તમે મુંબઈ મહાનગરપાલિકાનો ખજાનાનો કસ કાઢી નાખ્યો છે, તેથી રાજ્ય સરકારની તિજોરીમાંથી વળતર આપવું જોઈએ. ગઈકાલે વરસાદને કારણે જે અંધાધૂંધી સર્જાઈ હતી તે ફક્ત વરસાદને કારણે નહોતી. આ સરકાર અને મુંબઈ મહાનગરપાલિકાની નિષ્ફળતા છે.

શું આ રાજ્યમાં સરકાર અને વહીવટીતંત્રનું અસ્તિત્વ છે? સરકાર અને વહીવટીતંત્ર મજા કરવામાં વ્યસ્ત છે. દરેક જગ્યાએ ભાગલાનું રાજકારણ ચાલી રહ્યું છે, આ જિલ્લો મારા માટે છે અને તે જિલ્લો તમારા માટે છે. ક્યાંય કોઈ કામ થતું દેખાતું નથી. બ્રીચ કેન્ડી, નરીમાન પોઈન્ટ, હિંદમાતા અને મંત્રાલયના વિસ્તારોમાં પહેલા ક્યારેય પાણી જમા થયું ન હતું, પરંતુ હવે ત્યાં પણ પાણી જમા થઈ રહ્યું છે. આ માટે ભાજપ સરકાર અને નગર વિકાસ ખાતાના પ્રધાન એકનાથ શિંદે જવાબદાર છે, એમ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું.

# નવી મુંબઈના રહેવાસીને ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇના નામે ખંડણી માટે મળી ધમકી

નવી મુંબઈઃ નવી મુંબઈના સીવૂડ વિસ્તારના એક રહેવાસીને ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇના નામે ખંડણી માટે ધમકી આપવામાં આવી છે. તેના મોબાઇલ પર મેસેજ મોકલાવીને એક કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી અને પૈસા ન આપે તો જાનથી મારી નાખવાની ધમકી તેને આપવામાં આવી હતી. આ પ્રકરણે એનઆરઆઇ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હોઇ પોલીસ કેસની તપાસ કરી રહી છે. સીવૂડ ખાતે રહેતા શખસને સોમવારે રાતે આઠ વાગ્યે મોબાઇલ પર મેસેજ આવ્યો હતો, જેમાં એક કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી. મેસેજમાં જણાવાયું હતું કે હું ગેન્ગસ્ટર ગોલ્ડી બ્રાર છું. ચોવીસ કલાકમાં એક કરોડ રૂપિયા આપ, નહીં તો તને મારી નાખવામાં આવશે. એ મેસેજમાં લોરેન્સ બિશ્નોઇ ગ્રૂપની સાથે રોહિત ગોદારાના નામનો પણ ઉલ્લેખ કરાયો હતો. દરમિયાન ધમકીભર્યો મેસેજ મળ્યા બાદ શખસે એનઆરઆઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# સાઇકલ ટ્રેક પર ગટરનો કાદવ

## વસઈમાં ફરતા નાગરિકોને અસુવિધા

વસઈઃ વસઈ પશ્ચિમના સનસિટીમાં દરરોજ હજારો નાગરિકો સાઇકલ ટ્રેક પર ચાલવા અને સાઇકલ ચલાવવા માટે આવે છે. સાઇકલ ટ્રેકની બાજુમાં આવેલી ગટરની સફાઈ ચોમાસા પહેલા શરૂ કરવામાં આવી હતી અને તેનો કચરો ટ્રેક પર જ નાખી દેવામાં આવ્યો હતો, જેને કારણે ચાલવા આવતા નાગરિકોને ભારે અસુવિધા થઈ રહી છે.

શહેરમાં પ્રદૂષણના વધતા સ્તરને રોકવા અને નાગરિકોના સ્વાસ્થ્યની ખાતરી કરવા માટે નગરપાલિકાએ આ પ્રોજેક્ટ સ્થાપ્યો છે, જેના અંતર્ગત નગરપાલિકાએ તાજેતરમાં જ ગટર સાફ કરવાનું શરૂ કર્યું હતું. જોકે, કાદવ ઉપાડતી વખતે યોગ્ય કાળજીના અભાવે, તે બધો જ કાદવ સાઇકલ ટ્રેક પર પડ્યો રહેતો હતો, જેના કારણે અહીં ફરવા આવતા નાગરિકોને ભારે અસુવિધા થઈ રહી છે. હવે જ્યારે વચ્ચે-વચ્ચે વરસાદ શરૂ થયો છે, ત્યારે આખા સાયકલ ટ્રેક પર કાદવ જામી ગયો છે. નાગરિકોને આના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નાગરિકોએ એમ પણ કહ્યું હતું કે ત્યાં કાદવ હોવાથી, કેટલાક નાગરિકો મુખ્ય રસ્તા પર ચાલવુ પડે છે અને ઝડપી વાહનો સાથે અથડાવાથી અકસ્માત થવાની સંભાવના રહે છે.

# વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક મદદ કરવાની કૉંગ્રેસની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં કૉંગ્રેસે મહાયુતિ સરકારને વરસાદને કારણે પાકને થયેલા નુકસાન માટે ખેડૂતોને એકર દીઠ ૨૦,૦૦૦ રૂપિયા અથવા ૫૦,૦૦૦ રૂપિયા પ્રતિ હેક્ટરની આર્થિક રાહત આપવા મંગળવારે જણાવ્યું હતું.

પ્રદેશ કૉંગ્રેસ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળેએ સોમવારે મુંબઈમાં ચોમાસાના પ્રથમ વરસાદ બાદ અનેક સ્થળોએ ભારે પાણી ભરાવા અને રહેવાસીઓને થતી અસુવિધા માટે ભાજપના નેતૃત્વવાળી સરકારની પણ ઝાટકણી કાઢી હતી.

રાજ્યના ખેડૂતો પહેલેથી જ સંઘર્ષ કરી રહ્યા છે અને હવે ભારે વરસાદને કારણે તેમની હાલત વધુ વણસી છે કારણ કે ધોધમાર વરસાદને કારણે પાકને ભારે નુકસાન થયું છે. કમોસમી વરસાદના કારણે ઉપજ માટે તૈયાર થયેલા પાકને નુકસાન થયું છે, એમ તેમણે જણાવ્યું હતું.

સપકાળે ભારપૂર્વક જણાવ્યું હતું કે કૉંગ્રેસના શાસન દરમિયાન જ્યારે પણ ખેડૂતોને કટોકટીનો સામનો કરવો પડ્યો હતો ત્યારે તેમને તાત્કાલિક નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી હતી. જીવાત હોય કે કરા પડ્યા હોય કે પછી કમોસમી વરસાદ હોય, આ બધા કારણો પાકને નોંધપાત્ર અસર કરી શકે છે.

જોકે, ભાજપ, શિવસેના અને એનસીપીની હાલની સરકારમાં મુશ્કેલીના સમયે ખેડૂતોને મદદ કરવાની ઇચ્છાશક્તિનો અભાવ છે એવો દાવો તેમણે કર્યો હતો.

કૉંગ્રેસ નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, માત્ર સર્વેક્ષણો માંગવાથી અને પોકળ ખાતરી આપવાથી કોઈ લાભ નહીં થાય. જરૂરી સહાય વિના વિલંબે ખેડૂતો સુધી પહોંચવી જોઈએ. (પીટીઆઈ)

# ટેન્ડર અંગે હાલ કોઈ નિર્ણય ન લેવાનો હાઈકોર્ટનો ઍરપોર્ટ ઓથોરિટીને આદેશ

મુંબઈઃ બૉમ્બે હાઇકોર્ટે સોમવારે વચગાળાના આદેશમાં મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (એમઆઇએએલ)ને મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગ્રાઉન્ડ અને બ્રિજ હેન્ડલિંગ સેવાઓ માટે તુર્કીની કંપની સેલેબીની બદલે અન્ય કંપનીઓને આમંત્રણ આપતા ટેન્ડરો પર અંતિમ નિર્ણય લેવા પર પ્રતિબંધ મૂક્યો છે.

ન્યાયાધીશ સોમશેખર સુંદરેસનની વેકેશન બેંચે આ મામલાની ટૂંકી સુનાવણી કર્યા પછી કહ્યું હતું કે જૂનમાં અદાલત ફરી શરૂ થયા પછી સેલેબી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓની સુનાવણી ન થાય ત્યાં સુધી ટેન્ડર અંગે કોઈ અંતિમ નિર્ણય નહીં લેવામાં આવે.

તુર્કી સ્થિત એરપોર્ટ ગ્રાઉન્ડ હેન્ડલિંગ સર્વિસીસ મેજર સેલેબીની પેટાકંપનીએ ગયા અઠવાડિયે તેની સુરક્ષા મંજૂરી રદ કરવા અને ત્યારબાદ એમઆઈએએલ સાથેનો કરાર રદ કરવા સામે હાઇકોર્ટમાં અરજી કરી હતી.

ઓપરેશન સિંદૂર દરમિયાન તુર્કીએ પાકિસ્તાન તરફી વલણ દાખવતા પર ભારતમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા. આ વાતાવરણમાં ભારતના ઉડ્ડયન સુરક્ષા નિયમનકાર બીસીએએસએ આ મહિનાની શરૂઆતમાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત ધોરણે સેલેબી એરપોર્ટ સર્વિસીસ ઇન્ડિયાની સુરક્ષા મંજૂરી તાત્કાલિક અસરથી રદ કરી દીધી હતી.

આ નિર્ણય ભારતમાં સેલેબીની અન્ય સહયોગી સંસ્થાઓને પણ લાગુ પડે છે. આને કારણે જે ભારતીય એરપોર્ટ્સ પર સેલેબી કાર્યરત હતી તેના તેમજ જૂથ કંપનીઓ સાથેના કરાર સમાપ્ત કરી દીધા હતા. (પીટીઆઈ)

# વિનયભંગના કેસમાં પુરાવાના અભાવે યુવાન નિર્દોષ જાહેર

મુંબઈઃ ૨૦૧૩ના વિનયભંગના કેસમાં કોર્ટે પુરાવાના અભાવે ૩૯ વર્ષના યુવાનને નિર્દોષ જાહેર કર્યો હતો. અવધૂત સતીષ નલાવડે પર ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૪ (વિનયભંગ) અને ૫૦૬ હેઠળ કેસ ચાલી રહ્યો હતો.

અવધૂત એક મહિલા સાથે રિલેશનશિપમાં હતો અને મહિલાએ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ તેના પર છૂટછાટ લેવાનો અને ગળે લગાવવાનો આરોપ લગાવ્યો હતો.

ઘટના અગાઉ અવધૂતે તેની ઓળખ અને પોતે પરિણીત હોવાની વાત મહિલાથી છુપાવી હતી, એવો આરોપ કરવામાં આવ્યો હતો.

૨૨ મેના રોજ પોતાના ચુકાદામાં મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) ડો. એ.એસ. ભાસરકરે અવલોકન કર્યું હતું કે આરોપીએ ક્યારેય ધમકી આપી હતી કે આમ મહિલાને ધમકાવી હતી તે દર્શાવવા માટે કોઇ પુરાવા રજૂ કરવામાં આવ્યા નહોતા.

વિનયભંગના આરોપ અંગે કોર્ટે સ્પોટ પંચનામા (ક્રાઇમ સીન ઇન્સ્પેક્શન રિપોર્ટ)ના અભાવ પ્રત્યે અંગુલીનિર્દેશ કર્યો હતો અને જુબાનીમાં સાતત્ય ન હોવા બાબતની નોંધ લીધી હતી.

મહિલા દ્વારા ઉલ્લેખિત બે સાક્ષીદારની તપાસ કરવામાં આવી નહોતી અને ફરિયાદ નોંધાવવામાં ૧૮ કલાકનો વિલંબ સૂચવે છે કે તે કદાચ બાદમાં વિચારવામાં આવ્યું હતું, એમ કોર્ટે જણાવ્યું હતું. ફરિયાદ પક્ષનું પ્રતિનિધિત્વ કે.જી. વેખંડે દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આરોપી તરફથી એડવોકેટ અમરેશ જાધવ હાજર રહ્યા હતા. (પીટીઆઇ)

# ચંદ્રપુરમાં વાઘના હુમલામાં બેનાં મોત

ચંદ્રપુર : પૂર્વ મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં મંગળવારે અલગ અલગ વાઘના હુમલામાં એક પુરુષ અને મહિલાનું મોત થયું હતું. આમ આ મહિનામાં કુલ ૧૧ લોકોનાં મોત થયાં હોવાનું વન અધિકારીઓએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના વન વિકાસ નિગમના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, મૂળ તહસીલના ચિરોલી ગામની રહેવાસી નંદા સંજય મકલવાર (૪૫), તેના પતિ અને કેટલાક અન્ય લોકો સાથે વાંસની લાકડીઓ લેવા જંગલમાં ગઈ હતી, ત્યારે તેના પર સવારે ચિચપલ્લી વનમાં વાઘે હુમલો કર્યો હતો.

બીજા કેસમાં કાંટાપેઠના રહેવાસી સુરેશ સોપંકર (૫૨) નું બપોરે ચિચપલ્લી રેન્જ હેઠળના જ ડબ્બા નંબર ૫૨૪માં મોત થયું હતું. સોપંકર પશુઓ ચરાવવા માટે જંગલમાં ગયા હતા. આ મહિનાની શરૂઆતમાં, સિંદેવાહી તાલુકાની ત્રણ મહિલાઓ પર ૧૦ મેના રોજ વાઘે હુમલો કર્યો હતો.

આ ઉપરાંત આ વિસ્તારમાં વાઘના હુમલાના અન્ય બનાવો પણ બન્યા હતા.

પાંચમા પાનાનું ચાલુ

## મુંબઈમાં ૨૬ જુલાઈવાળી

કૉન્ટ્રેક્ટરને પ્રશાસનની સાથે છેતરપીંડી કરવા બદલ તેને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો છે. તેથી પાલિકાની મીઠી નદીની સફાઈનું કામ અટવાઈ ગયું છે. ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મીઠી નદીની સફાઈકામમાં થયેલા કૌભાંડની તપાસ ચાલી રહી છે તેથી કોઈ નવો કૉન્ટ્રેક્ટર મીઠીના સફાઈના કામ માટે આગળ આવતો નથી. તેથી ચોમાસા પહેલા નદીની સફાઈનું જે લક્ષ્યાંક રાખ્યું હતું તેને પહોંચી શકયા નથી. કામ પૂરું કરવા માટે નવો કૉન્ટ્રેક્ટર શોધવાની સાથે જ થાણે અને નવી મુંબઈમાં જઈને પણ તપાસ કરી છે પણ નાળાસફાઈના કૌભાંડની તપાસ ચાલતી હોવાથી કોઈ કામ કરવા આગળ આવવા તૈયાર નથી. મીઠી નદીની સફાઈ અધૂરી થઈ હોવાને કારણે આગામી દિવસોમાં જો ભારે વરસાદ પડયો તો ઉપનગરમાં કુર્લા, સાકીનાકા, સાયન, માટુંગા, બાન્દ્રા, માહિમ સહિતના વિસ્તારોમાં પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ શકે છે. મુંબઈમાં ૨૬ જુલાઈ, ૨૦૦૫માં અતિવૃષ્ટિ દરમ્યાન મીઠી નદીમાં આવેલા પૂરને કારણે જ પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી હતી.

## વરસાદમાં મેટ્રોની

દ્વારા બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ સાથે જોડવામાં આવ્યો છે. ઇમરજન્સી મદદ માટે ૧૮૦૦૮૮૯૦૫૦૫/૦૮૦૮ અને ૮૪૫૨૯૦૫૪૩૪ ચોવીસ કલાકના હેલ્પલાઇન નંબર ઉપલબ્ધ છે. ઈમરજન્સી કે અણધારી પરિસ્થિતિ સર્જાય તો બંને લાઈન પર તાત્કાલિક સેવામાં લાવી શકાય તેવી રિઝર્વ મેટ્રો ટ્રેન તૈયાર રાખવામાં આવી છે. મુંબઈ મેટ્રોએ મેટ્રો-ટૂએ અને મેટ્રો-૭ના ૧૦ મુખ્ય સ્ટેશનો પર પવનની ગતિ માપવા માટે પવનની ગતિ માપવા માટે વિન્ડો વેલોસિટી એનિમોમીટર બેસાડવામાં આવ્યા છે. દરેક મેટ્રો સ્ટેશન પર ૬૪ હાઈ ડેફિનેશન સીસીટીવી કેમેરા બેસાડવામાં આવ્યા છે અને સુરક્ષા અને દેખરેખ માટે ૨૪ કલાક સર્વેલન્સ રાખવામાં આવી રહ્યું છે.

## આદિત્ય રૉય કપૂરના

બેઠી હોવાની જાણ કરી હતી. જોકે આદિત્યએ તે આવી કોઈ મહિલાને ઓળખતો ન હોવાનું કહ્યું હતું.

ફરિયાદમાં જણાવાયું હતું કે આદિત્યને જોઈ મહિલાએ તેની નજીક જવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાને ઘરની બહાર જવાનું કહેવામાં આવતાં તેણે ઇનકાર કર્યો હતો અને આદિત્યને મળવા દેવાની જીદ પકડી હતી. પરિણામે પોલીસને જાણ કરાઈ હતી.

સંગીતા પવારની ફરિયાદને આધારે ખાર પોલીસે મહિલા વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ મહિલાએ તેની ઓળખ ગઝાલા ઝકરિયા સિદ્દીકી તરીકે આપી હતી. તે દુબઈના લિવાનની રહેવાસી હોવાનું કહ્યું હતું. આશિકી-ટુ ફિલ્મના રિલીઝ પછી તે આદિત્યની ફૅન થઈ ગઈ હતી. સોશ્યલ મીડિયા પરથી તેણે અભિનેતાને લગતી બધી માહિતી એકઠી કરી હતી.

## 'ઑપરેશન સિંદૂર

ગળે લગાવતા. 'ભાજપ કેન્દ્રમાં ૧૧ વર્ષથી સત્તામાં છે... રાજ્યમાં તેઓ સાડા ત્રણ વર્ષથી સત્તામાં છે... છતાં પણ તેઓ મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ, ઇન્દિરા ગાંધી અને ડો. મનમોહન સિંહને દોષી ઠેરવશે,' એમ તેમણે કહ્યું હતું.

'વીર સાવરકરે અખંડ ભારત વિશે વાત કરી હતી... પરંતુ (યુનાઇટેડ સ્ટેટ્સ) રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર સશસ્ત્ર દળોને રોકાઈ જવા માટે કહેવામાં આવ્યું હતું, એવો ગંભીર આક્ષેપ તેમણે કર્યો હતો.

## બકરાં ઉછેરને નામે

વિરુદ્ધ ગુનો નોંધી આરસીએફ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પકડાયેલા શખસે આપેલી માહિતીને આધારે પોલીસે મુંબઈ અને નવી મુંબઈથી ચાર જણને તાબામાં લીધા હતા. તેમની પાસેથી ૧૩.૩૭ કરોડ રૂપિયાનું એમડી જપ્ત કરાયું હતું.

આરોપીની પૂછપરછ પછી પોલીસની ટીમે ત્રણ દિવસ પહેલાં કર્જતના કિકવી સ્થિત સાવલી ફાર્મ હાઉસ પર રેઇડ કરી હતી. બકરાં ઉછેરને નામે આ ફાર્મ હાઉસમાં એમડી બનાવવાની ફૅક્ટરી શરૂ કરવામાં આવી હતી. ફાર્મ હાઉસના માલિકને બકરાં અને મરઘાં ઉછેરનો વ્યવસાય શરૂ કરવા રૂમ ભાડે જોઈતી હોવાનું આરોપીએ કહ્યું હતું. મહિને લાખ રૂપિયાના ભાડે બે રૂમ ભાડે લેવામાં આવી હતી. છેલ્લા ત્રણ મહિનાથી આરોપીઓ ડ્રગ્સ બનાવતા હતા, એવું તપાસમાં જણાયું હતું.

ફૅક્ટરીમાંથી પોલીસને ૧૧.૦૫ કરોડ રૂપિયાનું એમડી અને એક કરોડ રૂપિયાનો કાચો માલ જપ્ત કર્યો હતો. આ કાચા માલમાંથી અંદાજે દોઢસો કિલો એમડી બનાવી શકાયું હોત, એવું તપાસમાં જણાયું હતું. ફૅક્ટરીમાંથી ડ્રગ્સ બનાવવાનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં હોઈ અત્યાર સુધીમાં આ ટોળકીએ કેટલું ડ્રગ્સ બનાવી વેચ્યું હતું તેની તપાસ પોલીસ કરી રહી છે.

## મુંબઈમાં પાણી ભરાવા

ગયા હતા. મધ્ય રેલવેમાં મસ્જિદ બંદર સ્ટેશને પાટા પાણી ભરાઈ જતા લગભગ દોઢ કલાક માટે રેલવે ઠપ થઈ ગઈ હતી તો હાર્બર લાઈનમાં ચુનાભટ્ટી ખાતે પમ્પ બેસાડયો ન હોવાને કારણે ચુનાભટ્ટી સ્ટેશન પાણી ભરાઈ જતા રેલવે સેવાને ફટકો પડયો હતો. તેથી ટેન્ડરની શરત મુજબ દરેક મિની પમ્પિંગ સ્ટેશન માટે ૧૦ લાખ રૂપિયાનો દંડ કૉન્ટ્રેક્ટરને ફટકારવાં આવ્યો છે.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ધમડાછા (ફળિયું-લીમડા ચોક) જમનાબેન વસંતભાઇ પટેલના સુપુત્રી ધનુબેન રતિલાલ પટેલ (ઉં. વ. ૮૦) સોમવાર, તા. ૨૬-૫-૨૫ના દેવલોક પામ્યા છે. તે સુભાષભાઇ અને મુક્તાના માતા. તે દક્ષાબેનના સાસુ. દ્રષ્ટિ, દર્શિત અને ક્રિશના દાદી. તે સ્વ. સવિતાબેન, સ્વ. નટુભાઇ (સાલેજ) સ્વ. જયંતીભાઇ અને રમિલાબેનના બેન. કૈલાસબેન (સાલેજ) અને સુનીતાબેનના નણંદ. લલિત, હિતેન, યોગેશ, સરોજ, જયશ્રી, મીનાક્ષી, જયોષ્ના અને નયનાના માસી. બેસણું શુક્રવાર, તા. ૩૦-૫-૨૫ના નિવાસસ્થાન ધમડાછામાં રાખેલ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ બડોલી હાલ બોરીવલી, કું. કૈલાશબેન ભટ્ટ (ઉં. વ.૭૮) ૨૬/૫/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે ઈચ્છાબેન તથા જટાશંકર પ્રહલાદજી ભટ્ટના દીકરી. કિરીટ, જયેશ, રેખા રમેશચંદ્ર ગોરડીયા, શોભા સુરેન્દ્ર કદમના બહેન. સુચેતન, ચિંતનના ફઈ. હેતલ તથા ઋષિના માસી. સમતા કિરીટ ભટ્ટ તથા સ્વ. પ્રિતી જયેશ ભટ્ટના નણંદ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે ૧૫૦૩, રસરાજ હાઈટ્સ, રોકડીયા લેન, એસ વિ રોડ, બોરીવલી વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ધાંધળી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. હરિકૃષ્ણ નારણજી પંડ્યાના ધર્મપત્ની ગં.સ્વ. જયશ્રીબેન પંડ્યા (ઉં. વ. ૮૭) તે જયેશ, ચેતનના માતુશ્રી. જાસ્મીન તથા અમિતાના સાસુ. સ્વ. ભાનુમતી મુકુંદભાઈ પંડ્યાના દેરાણી, વળાવળ નિવાસી સ્વ. સરસ્વતીબેન વ્રજલાલ મહેતાના દીકરી ૨૫-૫-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

પોરબંદર નિવાસી હાલ સાંતાક્રુઝ, વિનુભાઈ (બિપીનચંદ્ર) કરસનદાસ તલાટી (ઉં. વ. ૯૩) તે સ્વ. રશ્મિબેન (બેનાબેન)ના પતિ. સ્વ. હીરજીભાઈ મધ્યમના જમાઈ. સ્વ. લલિતભાઈ તલાટીના મોટાભાઈ. અભય, બિંદુના પિતા. ભારતી, નીતિનભાઈના સસરા. આયુષી, આશના, રોહનના દાદા-નાના. ૨૬/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ ચીખલીવાળા હાલ વિલેપારલા, સ્વ. પરસોત્તમભાઈ જીવરાજભાઈ મકવાણા અને સ્વ. નંદુબેનના સુપુત્રી રેખાબેન મકવાણા (ઉં. વ. ૬૪) તા.૨૫-૫-૨૫ના અક્ષરનિવાસ થયેલ છે તે રમેશભાઈ, ઘનશ્યામભાઈ, સ્વ.પુષ્પાબેન, જાગૃતીબેન દુર્ગેશકુમાર એન્જિનિયર, ભાવનાબેન પ્રીતમકુમાર રાઠોડના બેન, રશ્મિબેન અને પ્રીતિબેનના નણંદ. વૈશાલી જય, રચના કપિલ, હિરલ વિપુલ, દીપિકા નિતીનકુમાર ચુડાસમા, ક્રિષ્નાના ફઈ. સ્વ.જયંતીભાઈ, શાંતિભાઈ બાલુભાઈ પરમારના ભાણકી. પ્રાર્થનાસભા તા.૨૯/૫/૨૫ના ગુરુવારે ૫ થી ૭. શ્રી વિશ્વેશ્વર ભવન પહેલા માળે, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપારલા વેસ્ટ.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

કચ્છ ગામ બાયઠ હાલે કાંદિવલી, મનસુખ રવજી નિર્મળ (ઉં. વ.૬૯) તા.૨૫/૫/૨૫ રવિવારના રામશરણ પામેલ છે. તે સ્વ. રવજી વિશ્રામ તથા સ્વ. ટબાબેન (મણીબેન)ના સુપુત્ર, ગૌરીબેનના પતિ. દિપાલીના પિતાશ્રી. મહેન્દ્ર, સ્વ.મધુબેન, પુષ્પાબેન, સ્વ. જયાબેન, ગોદાવરીબેન, સ્વ.રસીલાબેનના ભાઈ. ગં. સ્વ. નર્મદાબેન ડુંગરશી લિયાના જમાઈ. પ્રાર્થનાસભા બુધવાર તા.૨૮/૫/૨૫નાં ૪ થી ૫. પાંજીવાડી, કાંજુરમાર્ગ ઈસ્ટ. દશાવ પ્રથા રાખેલ નથી.

**દેસાઇ સઈ સુતાર દરજી સમાજ**

ગામ મેરીયાણા હાલ દહિસર, વિનોદભાઈ રણછોડભાઈ વાઘેલા (ઉં. વ. ૬૩) સોમવાર ૨૬/૦૫/૨૫ના શ્રીજીચરણ થયેલ છે. તે હર્ષાબેનના પતિ. સ્વ.બાબુભાઈ, સ્વ.સુરેશભાઈ, સ્વ. પ્રવિણભાઇ, સ્વ. હિંમતભાઈ, સ્વ.શાંતુબેન લવજીભાઈ, કનુબેન રતિભાઇના ભાઈ. સ્વ. નાનજીભાઈ દેવજીભાઈ હિંગુ (ક્રાકચ)ના જમાઈ. અલ્પેશભાઈ, હિરેનભાઈ, સોનલબેનના પિતા. રિતેશભાઈ, તેજલબેનના સસરા. પ્રાર્થનાસભા બુધવાર તા.૨૮/૦૫/૨૦૨૫ના ૩.૩૦ થી ૫.૩૦. દેસાઈસઈ સુતારવાડી, અશોકચક્ર વતી રોડ, કાંદિવલી પૂર્વ.

**દશા ઝારોળા વણિક**

ભાવનગર હાલ મુંબઈ, અ. સૌ. હેમલતાબેન (રશ્મિબેન) નિરંજનભાઈ શાહ (ઉં. વ. ૮૪) તે સ્વ. વસુમતી વિઠ્ઠલદાસ શાહના પૂત્રવધૂ. સ્વ. રસીલાબેન શાંતિલાલ મોદીના પુત્રી. હિમાંશુ - જાગૃતિના માતુશ્રી. અ. સૌ. મનીષાના સાસુ. કુશલના દાદી. જગદીશ શાંતિલાલ મોદીના બેન, તા.૨૪-૫-૨૫ને શનિવાર શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૯-૫-૨૦૨૫ને ગુરુવાર ૫ થી ૬:૩૦. ભુરાભાઈ આરોગ્ય ભુવન હોલ, ગ્રાઉન્ડ ફલોર, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી વેસ્ટ.

**નવગામ વિસનગર વણીક જ્ઞાતિ**

ગામ પીલવાઇ હાલ કાંદીવલી, ચંપકલાલ કાંતિલાલ શાહ (ઉં. વ. ૮૫) તા.૨૫.૦૫.૨૫ના દેવલોક પામ્યા છે. તે શકુંતલાબેનના પતિ. અતુલ અને રશ્મિના પિતાશ્રી. સ્વ. અપુર્વકુમાર તથા અલ્પાબેનના સસરા. સ્વ. ચંદુલાલ પુંજીરામના જમાઈ. નવનીતલાલ, રજનીકાંત, સ્વ. બાલમુકુંદ, કીરીટકુમાર, સ્વ. વસંતીબેન તથા સ્નેહલતાના ભાઈ. પ્રાર્થનાસભા તા.૨૯.૦૫.૨૫ના ૫ થી ૭. સ્થળ બાળાશ્રમ, મથુરાદાસ એકસટેંશન રોડ, અતુલ ટાવરની બાજુમા, કાંદીવલી પશ્ચિમ, લૌકિક પ્રથા બંધ છે.

**વિરાર રૂખી પંચાયત**

ગામ સાયમાના હાલ વિરાર સ્વ. પરસોતમ તથા સ્વ. શશીના દીકરા. સ્વ. ધીરુભાઇ પરસોતમ હરિજન તા. ૨૨-૫-૨૫ ગુરુવારના શ્રીરામચરણ પામેલ છે. તે નૈયનાના પતિ. મેહુલ, જીગર, વૈશાલીના પપ્પા. ગીતાબેનના ભાઇ. હરીશના સારા. રિયા, કરુણા, તુલસીના સસરા. રાજેશ, સુધીર, અરવિનના મોટાભાઇ. બેસણું તા. ૨૮-૫-૨૫ બુધવારે ૪થી ૭. ઠે. ફૂલપાડા, પાપડ ખંડી રોડ, હરિજન ચાલ, વિરાર (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

મૂળ પોરબંદર હાલ ઘણસોલી (નવી મુંબઇ) ઇન્દુલાલ ભગવાનદાસ અમલાણીના ધર્મપત્ની. જૂનાગઢ નિવાસી સ્વ. મથુરાદાસ લીલાધર હિંડોચાના સુપુત્રી. નિલેશ તથા વિમલના માતુશ્રી. જીજ્ઞા, ક્રિષ્ણાના સાસુ. સ્વ. રમણીકલાલ પ્રભુદાસભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. કાંતીભાઇ, ઇન્દુબેન, ભાનુબેન, કાંતાબેનના બહેન. ગં. સ્વ. સુશીલાબેન સુધીરભાઇ ખખ્ખર તથા ભારતીબેન જગદીશભાઇ સાતાના ભાભી. તે જયશ્રીબેન (ઉં. વ. ૮૦) તા. ૨૬-૫-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા, બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

નેવીન ભીખાજી એનજીનયર તે મરહુમો તેહમીના ભીખાજી એનજીનયરના દીકરા. તે હોમીના ભાઇ. તે ઝીયુસ ને તાનીયાના કાકા. તે પરવીન બાતલીવાલાના કઝીન. તે માનેક કેકી પંથકી ને મરહુમો નરગીસ નરીમાન બાતલીવાલાના ભાણેજ. (ઉં. વ. ૭૫) રે. ઠે. ૧/જી, ૮ બલુ આરચ, કો.હા.સો, કોનવેટ એવન્યુ માર્ગ, ૪ બંગલો, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૫-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે, અસલાજી અગિયારીમાં છેજી.

ગુલ નોશીર જામાસજી તે મરહુમો જર અદી ધોનદીના દીકરી. તે મરહુમ ફ્રેનીના માતાજી. તે બેપસી હોમી કાંગા, ફ્રેની અદી ધોનદી, રુસી અદી ધોનદી ને મરહુમ ખોરશેદના બહેન. તે બેપસી, જમશેદ, જરુ, ખુશરુ ને મરહુમ કાલના માસી. તે નોઝરના ફૂઇજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૩૨ દોલત, ચોથે માળે, સઇદ ભગતસિંહ રોડ, કોલાબા પોસ્ટ ઓફિસ આગળ, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૫-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે જીજીભઇ દાદાભઇ અગિયારીમાં છેજી.

હોમી રૂસ્તમજી ખસુસા તે મરહુમો ગુલા ને રૂસ્તમ ખસુસાના દીકરા. તે મરહુમો હોમાય, એમી ને મીનુંના ભાઇ. તે જહાંગીર, કેરસી, રયોમંદના મામા. તે યાસમીનના મામા સસરા. તે વીરાના કાકા. તે મનરીઝ ને ડેલનાઝના મોટા મામાજી. (ઉં. વ. ૯૪) રે. ઠે. માસ્ટર બિલ્ડિંગ, ફલેટ નં.૧૦, ત્રીજો માળ, મોરી રોડ, નવાજબાઇ કોન્ટ્રેક્ટર બાગ, માહીમ. ઉઠમણાંની ક્રિયા : તા.૨૯-૫-૨૫ના રોજે બપોરે ૩.૪૫ કલાકે સુનાવાલા અગિયારી માહીમ.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ કાંદિવલી, વર્ધીલાલ મનસુખલાલ શેઠના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૮૩) સોમવાર તા.૨૬/૫/૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે તેજસ તથા પ્રિતિના માતુશ્રી. પ્રિયા (પ્રિતિ) તથા સંજયકુમાર તનસુખલાલ શાહના સાસુ. માનકુંવર હરિલાલ મહેતા, રમણીકલાલ, હિંમતલાલ, શાંતિલાલ તથા કીર્તિભાઈના ભાઈના પત્ની. પિયરપક્ષે ચલાળા નિવાસી મણિલાલ જુઠાભાઈ દોશીના દિકરી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ફ્લેટ નં. ૧ ડી રાજરતન પેલેસ-૨, શંકર લેન, કાંદીવલી વેસ્ટ.

**ઝાલા વિશા શ્રી. સ્થા. જૈન.**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. કાંતિલાલ ઠાકરસીભાઈ ગાંધીના પત્ની પુષ્પાબેન (ઉં. વ. ૯૮) તા.૨૫-૦૫-૨૫ના રવિવાર અરિહંતશરણ પામ્યા છે. તે હસમુખભાઈ, રમેશભાઈ, કિરીટભાઈ, સ્વ. કલાબેન, હંસાબેન, ચેતનાબેનના માતુશ્રી. હર્ષાબેન, ધનીબેન, ભારતીબેન, સ્વ. પ્રવિણચંદ્ર, સ્વ. જીતેન્દ્રકુમાર, મહેશકુમારના સાસુ. સ્વ. ચત્રભુજ નાનચંદ શાહના દિકરી. પ્રાચી, રીના, અંકિત, વિવેક, પ્રિતેશ, બ્રિજેશ, કરણના દાદી. પ્રાર્થનાસભા તા. ૨૯-૦૫-૨૫ના ગુરુવાર ૩ થી ૫. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી મહાદેવપુરીના વસનજી ગડા (ઉં. વ. ૭૨) તા. ૨૫-૫-૨૫ રવિવારના કો. મહાદેવપુરી ગામમાં અરિહંત શરણ પામેલ છે. લક્ષ્મીબેન કુંવરજી ભાવડ ગડાના પુત્ર. સ્વ. હંસરાજ, જીવરાજ, છગન, સ્વ. ઝવેર, પદમણીના ભાઈ. ખારૂઆના ખેતબાઈ નરશી ગેલા ગાલાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. એડ્રસ : જીવરાજ કુંવરજી ગડા, કચ્છ કો. મહાદેવપુરી, રંગુનીયો ફરિયો, તાલુકો માંડવી-૩૭૦૪૫૦.

કોડાયના સુશીલાબેન મંગલભાઇ માલસી ગડા (ઉં. વ. ૮૨) તા. ૨૫-૦૫-૨૫ના અવસાન પામ્યા છે. કુંવરબાઇ માલસી માણેકના પુત્રવધૂ. સ્વ. મંગલભાઇના પત્ની. પરેશ, નીતાના માતુશ્રી. નાશીકના યમુનાબેન તુલીસરામ વાઘના દિકરી. ગંગારામ, સુનીલભાઇ, જગ્ગુભાઇ, સુમન, લતીકાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પરેશ શાહ, બી-૨૦૫, મિલન એપાર્ટમેન્ટ, વસઇ સ્ટેશન રોડ, વસઇ (વેસ્ટ) ૪૦૧૨૦૨.

પત્રી હાલે હૈદ્રાબાદના નેમજી કાનજી શાહ (ધરોડ) (ઉં. વ. ૮૩) તા.૨૫-૫-૨૫ના અવસાન પામેલ છે. રતનબેન કાનજીના પુત્ર. જયવંતીબેનના પતિ. અમીષ, ગૌરાંગના પિતા. દામજી, મગનલાલ, પોપટલાલ, નવીનચંદ્ર, ધીરજ, શાંતિલાલ, છોટાલાલ, લાખાપુર કસ્તુરબેન ધનજી, સરોજબેન જયંતિલાલના ભાઈ. લક્ષ્મીબેન કેશવજીના જમાઈ. મુંબઈમાં પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. નેમજી કાનજી શાહ, ફ્લેટ નં.૩૦૫, રોમેન્સક્યુ એપાર્ટમેન્ટ, ચિકોટી ગાર્ડન, બેગમપેઠ, હૈદ્રાબાદ, ૫૦૦૦૧૬.

બાડાના કુ. કોમલ ભરત સાવલા (ઉં. વ.૩૦) તા. ૨૫-૫-૨૫ ના અવસાન પામેલ છે. સ્વ. રતનબેન રતનશીના પૌત્રી. અ.સૌ. દીપાબેન (જ્યોત્સના) ભરતના સુપુત્રી. અશ્વિની, જય ના બહેન. વાંકી દેવકાબેન કાનજીના દોહિત્રી. ચક્ષુદાન તથા ઓરગન દાન કરેલ છે. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.સંઘ સંચાલીત, શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે), સાંજે ૪ થી ૫.૩૦.

કોડાયના ડો. સુમીતા ડો. જયેશ લખમશી લાલનના સુપુત્રી અ.સૌ. ડો. શીતલ વિશાલ શિંદે (ઉં. વ. ૫૧) તા. ૨૪-૫-૨૫ ના અવસાન પામેલ છે. સાતારાના ઉજ્જવલા બજરંગના પુત્રવધુ. વિશાલના પત્ની. વિધીના મમ્મી. શિબાનીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિશાલ શિંદે, બી-૩૦૨, દેવકી એપાર્ટ., નાહુર ગાંવ, મુલુંડ (વે), મું.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ નાસિક ધીરજલાલ બાબુલાલ મહેતા (ઉં.વ.૮૬) મંગળવાર તા. ૨૭-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. રંજનબેનના પતિ. હિમાંશુ, અનિતા અનિલ જોશી, રૂપલ પ્રશાંત શાહના પિતા. સ્વ. બળવંતરાય, ભરતભાઇ, સ્વ. દમંયતીબેન અનિલભાઇ શાહના ભાઇ. લીનાબેનના સસરા. પંકિલ અને સિદ્ધાર્થના દાદા. રતિલાલ ખોખાણી મોરબીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી હાલ ફોર્ટ મુંબઇ સ્વ. લીલાવંતીબેન તથા સ્વ. હરિલાલ જીવન દોશીના પુત્ર વિનોદચંદ્રભાઇ (ઉં. વ. ૮૫) તે ઉષાબેનના પતિ. કલ્પનાબેન તથા સોનલબેનના પિતા. જગદીશ વ્રજલાલ ગોહિલ અને સ્વ. અનીષ કાંતિલાલ શાહના સસરા. સ્વ. નટવરભાઇ જયકુમારભાઇ, સ્વ. યોગેશભાઇ, સ્વ. તારાબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. નયનબેન, સ્વ. નીમુબેન, સ્વ. જયોતીબેનના ભાઇ. તે વેરાવળ નિવાસી સ્વ. વરજીવનદાસ ચત્રભુજ વોરાના જમાઇ. તા. ૨૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઠે. રૂમ નં.૫૧, ૫૮/૬૨, ૪થે માળે, સુદામા નિવાસ, બોરાબજાર, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# મુંબઈમાં ૨૬ જુલાઈવાળી થવાનું જોખમ

## મીઠી નદીની સફાઈ કરનારો કોન્ટ્રેક્ટર ફરાર

## ફક્ત ૫૩ ટકા સફાઈ થઈ છે

## સફાઈ કોન્ટ્રેક્ટમાં કૌભાંડ હોવાથી નવો કોન્ટ્રેક્ટર મળી નથી રહ્યો

## ભારે વરસાદમાં મુંબઈના ઉપનગરોમાં પૂર આવી શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં નાળાસફાઈનું કામ પૂરું થયું ન હોવાને કારણે સોમવારે શહેર અને ઉપનગરમાં ઠેકઠેકાણે પાણી ભરાઈ જતા ચોતરફથી પાલિકા પ્રશાસનની ટીકા થઈ રહી છે, તેમાં નાળાસફાઈના કામમાં મહત્ત્વની ગણાતી મીઠી નદીની સફાઈ પણ માંડ ૫૩ ટકા જ થઈ છે અને નાળાસફાઈના કથિત કૌભાંડની તપાસ ચાલી રહી હોવાથી જે કૉન્ટ્રેક્ટરને કામ આપ્યું છે તેનો જ અતોપતો નથી અને બીજા કૉન્ટ્રેક્ટર આગળ આવવા તૈયાર નથી. તેને કારણે આગામી દિવસોમાં ભારે વરસાદ પડયો તો મુંબઈ ઉપનગરના વિસ્તારો જળબંબાકાર થવાની ભારોભાર શક્યતા છે.

મુંબઈમાં ઉપનગર અને દક્ષિણ મુંબઈના બંને વિસ્તારોમાંથી વહેતી લગભગ ૨૨ કિલોમીટર લંબાઈની મીઠી નદીની સફાઈ અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે અને અત્યાર સુધી તેમાંથી માત્ર ૫૩ ટકા ગાળ કાઢવામાં આવ્યો છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મીઠી નદીની સફાઈનું કામ ત્રણ તબક્કામાં ચાલી રહ્યું છે, જેમાં પહેલા તબક્કાનું કામ કરનારા કૉન્ટ્રેક્ટર પર નાળાસફાઈમાં કૌભાંડ કરવાનો આરોપ હોવાથી તેનો કોઈ પતો નથી. તો બીજા તબક્કામાં સફાઈ કરનારા

(જુઓ પાનું ૪) ▶▶

**હાઈટાઈડની અસર:** સમુદ્રમાં હાઈટાઈડ સમયે મંગળવારે ઊંચા મોજાં ઊછળતાં જોવા મળ્યા હતા. બાન્દ્રાની ઝુંપડપટ્ટીમાં સમુદ્રનું પાણી ફરી વળતા રહેવાસીઓ હેરાન થયા હતા. (પીટીઆઈ)



### નાળાસફાઈ માંડ ૭૨ ટકા

નાળાસફાઈ માટે અગાઉ ૩૧ મે, ૨૦૨૫ની મુદત રાખવામાં આવી હતી, જેને બાદમાં સાત જૂન સુધી વધારવામાં આવી હતી. મંગળવાર ૨૭ મે સુધીમાં મુંબઈમાં સરેરાશ ૭૨ ટકા નાળાસફાઈનું કામ પૂરું થયું હતું, જેમાં શહેરમાં ૭૩ ટકા, પૂર્વ ઉપનગરમાં ૯૧ ટકા અને પશ્ચિમ ઉપનગરમાં ૯૬ ટકા કામ પૂરું થયું છે. જોકે મુંબઈ માટે અત્યંત મહત્ત્વની ગણાતી મીઠી નદીની સફાઈનું કામ માત્ર ૫૩ ટકા થયું છે. મીઠી નદીમાંથી કુલ ૨,૧૪,૩૧૫ મેટ્રિક ટન ગાળ કાઢવાનો લક્ષ્યાંક રાખ્યો હતો, તેની સામે અત્યાર સુધી માત્ર ૧,૧૩,૮૪૩ મેટ્રિક ટન ગાળ કાઢવામાં આવ્યો છે. ■

### મીઠીની સફાઈ કૌભાંડમાં ઈડીની તપાસ

મીઠી નદીમાથી ગાળ કાઢવાનો ૬૫ કરોડ રૂપિયાના કથિત કૌભાંડ પ્રકરણમાં મુંબઈની એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી) દ્વારા તપાસ ચાલી રહી છે. નદીના ગાલ કાઢવા સંબંધિત કૉન્ટ્રેક્ટ આપવાના અને તેને અમલમાં લાવવામાં કથિત રીતે અનિયમિતતા જણાઈ આવતા આ પ્રકરણમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ વખતે મીઠી નદીનું સફાઈનું કામ જેને આપવામાં આવ્યું છે તેમાના એક કૉન્ટ્રેક્ટરનો તેમાં સમાવેશ હોવાથી તે હાલ ગાયબ છે. તો ગાળ કાઢવાના કામમાં બેદરકારી બતાવી પાલિકાને છેતરવા બદલ બીજા કૉન્ટ્રેક્ટરને ત્રણ વર્ષ માટે બ્લેક લિસ્ટ કરવામાં આવ્યો છે. ■

# વરસાદમાં મેટ્રોની હાલત બાદ વ્યાપક યોજના ઘડાઈ

મુંબઈ: ચોમાસા દરમિયાન સલામતીનું ચુસ્તપણે પાલન થાય અને મેટ્રો ટ્રેન સર્વિસ વ્યવસ્થિત ચાલુ રહે એ માટે મહામુંબઈ મેટ્રો ઓપરેશન્સ કોર્પોરેશન લિમિટેડ (એમએમએમઓસીએલ)એ મેટ્રો-ટૂએ અને મેટ્રો-૭ લાઇન માટે ચોમાસાની વ્યાપક યોજના તૈયાર કરી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન તેમજ એમએમઆરડીએના પ્રમુખ એકનાથ શિંદેના નેતૃત્વમાં અને એમએમઆરડીએના મહાનગર આયુક્ત અને એમએમએમઓસીએલના અધ્યક્ષ ડો. સંજય મુખરજીના માર્ગદર્શન હેઠળ આ યોજના તૈયાર કરી અમલમાં મુકવામાં આવી રહી છે. એમએમએમઓસીએલ દ્વારા સુપરત કરવામાં આવેલી ચોમાસાની વિસ્તૃત સજ્જતા યોજનામાં ટેકનિકલ તપાસ, વિસ્તૃત રાઉન્ડ અને કાર્યસ્થળ પર અપનાવવામાં આવેલા સલામતીનાં પગલાં સામેલ છે.

પ્રત્યક્ષ ઘટનાસ્થળની તૈયારી વધુ સઘન બનાવવા દરેક પ્રોજેક્ટ માટે અલગ નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. સ્થાનિક સ્તરે સમયસર અને અસરકારક રીતે પગલાં લેવામાં આવે છે કે નહીં એની જવાબદારી આ અધિકારીઓની રહેશે. મહત્વના સ્થળો પર ખાડા પૂરવાના વાહનો અને પાણીના પંપ પહેલેથી જ તહેનાત કરી દેવામાં આવ્યા છે. ઉપરાંત ચોમાસા દરમિયાન રાહદારીઓ અને વાહનોના ટ્રાફિકનું સંચાલન કરવા માટે મેટ્રો સ્ટેશનોની આસપાસ ટ્રાફિક વોર્ડનની નિયુક્તિ કરવામાં આવી છે.

અદ્યતન મોનસૂન કન્ટ્રોલ રૂમ ચોવીસ કલાક કામ કરી રહ્યો છે. તેમાં લાઇવ મોનિટરિંગ સુવિધા છે અને તેને હોટલાઇન

(જુઓ પાનું ૪) ▶▶

**સેલિબ્રિટિઓના સિક્યોરિટીના નામે છીંડાં**

# હવે આદિત્ય રૉય કપૂરના ફ્લૅટમાં ઘૂસવાનો પ્રયત્ન

## દુબઈની મહિલાની ધરપકડ



મુંબઈ: બોલિવુડના સુપરસ્ટાર સલમાન ખાનના ઘરમાં યુવક-યુવતીએ ઘૂસવાનો બે વખત પ્રયત્ન કર્યો હોવાની ઘટના હજુ તાજી છે ત્યાં સોમવારે દુબઈની મહિલાએ અભિનેતા આદિત્ય રૉય કપૂરના બાન્દ્રાના ફ્લૅટમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું હતું.

ખાર પોલીસે પકડી પાડેલી મહિલાની ઓળખ ગઝાલા સિદ્દીકી (૪૮) તરીકે થઈ હતી. મંગળવારે ધરપકડ કરાયેલી મહિલાને કોર્ટે એક દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

બાન્દ્રા પશ્ચિમમાં શર્લી રાજન રોડ પર આવેલી એક બિલ્ડિંગમાં આદિત્ય રહે છે. સોમવારની સાંજે છ વાગ્યાની આસપાસ આદિત્ય શૂટિંગ માટે ગયો હતો ત્યારે મહિલા તેના ફ્લૅટ બહાર પહોંચી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર મહિલાએ ડૉરબેલ વગાડી ત્યારે નોકરાણી સંગીતા પવારે દરવાજો ખોલ્યો હતો. આ આદિત્ય રૉય કપૂરનું ઘર છે? એવું મહિલાએ પવારને પૂછ્યું હતું. પવારે હકારમાં જવાબ આપતાં મહિલાએ તે આદિત્ય માટે કપડાં અને ગિફ્ટ લાવી હોવાનું કહ્યું હતું. પવારે વિશ્વાસ રાખી મહિલાને ફ્લૅટમાં આવીને બેસવાનું કહ્યું હતું.

થોડા સમય પછી આદિત્ય ઘરે આવ્યો ત્યારે પવારે તેને એક મહિલા મળવા માટે રાહ જોતી

(જુઓ પાનું ૪) ▶▶

# બકરાં પાલનના નામે કર્જતના ફાર્મ હાઉસમાં ડ્રગ્સ બનાવવાની ફૅક્ટરી: ૨૪.૪૭ કરોડનું એમડી જપ્ત

## છ આરોપીની ધરપકડ: ફૅક્ટરીમાંથી મળેલા કાચા માલથી ૧૫૦ કિલો એમડી બન્યું હોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બકરાં ઉછેરને નામે કર્જતનું ફાર્મ હાઉસ ભાડે લઈ તેમાં શરૂ કરાયેલી ડ્રગ્સ બનાવવાની ફૅક્ટરીનો પર્દાફાશ કરી મુંબઈ પોલીસે છ આરોપીની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે ૨૪.૪૭ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું, જ્યારે ફૅક્ટરીમાંથી મળેલા કાચા માલમાંથી વધુ ૧૫૦ કિલો એમડી બનાવી શકાયું હોત, એમ પોલીસે જણાવ્યું હતું.

આરસીએફ પોલીસે પકડી પાડેલા આરોપીઓમાં રેહાન શેખ, શિવા ગુપ્તા, રાજન સુબ્રમણ્યમ, સોનુ પઠાણ અને આરકન મેમણનો સમાવેશ થાય છે. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

અધિકારીના જણાવ્યા મુજબ માર્ચ મહિનામાં ચેમ્બુર પરિસરમાં પેટ્રોલિંગ પર હાજર આરસીએફ પોલીસની ટીમે એક શખસને તાબામાં લીધો હતો. તેની પાસેથી ૪૫ ગ્રામ એમડી મળી આવ્યું હતું. તેની

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં પાણી ભરાવા માટે પમ્પિંગ સ્ટેશનો જવાબદાર

## ચાર કૉન્ટ્રેક્ટરને ₹ ૧૦-૧૦ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સોમવારે થયેલી અતિવૃષ્ટિને કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થતા મુંબઈ મહાનગરપાલિકાની ચોતરફથી ટીકા થયા બાદ છેવટે મિની પમ્પિંગ સ્ટેશન સક્રિય કરવામાં નિષ્ફળ રહેવા બદલ ચાર કૉન્ટ્રેક્ટરોને દસ-દસ એમ કુલ ૪૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. એટલું જ નહીં પણ વરસાદી પાણીનો નિકાલ કરનારા પંપની સંખ્યા પણ ૪૮૨થી ઘટાડીને ૪૧૭ કરવાના નિર્ણય પર પુનર્વિચાર કરવાની છે. પંપની સંખ્યા ઘટાડવા સામે અનેક વોર્ડમાંથી ફરિયાદો આવ્યા બાદ પાલિકા પ્રશાસન બુધવારે મહત્ત્વની બેઠક યોજીને સોમવારના ફિયાસ્કા બદલ સમીક્ષા કરવાની છે.

મુંબઈમાં નિર્ધારીત સમય કરતા ૧૬ દિવસ વહેલા આવી પહોંચેલા ચોમાસાના પહેલા વરસાદમાં જ પાલિકાના તમામ દાવો પોકળ સાબિત થયા હતા. સોમવારે માત્ર ૧૩ કલાકમાં ૨૫૦ મિલીમીટર (૧૦ ઈંચ) જેટલો વરસાદ પડયો હતો તેને કારણે દક્ષિણ મુંબઈ સહિત ઉપનગરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રોડ પર પાણી ભરાઈ જતા વાહનવ્યહારની સાથે જ રેલવે સેવા પણ ઠપ થઈ ગઈ હતી. સોમવારના મુખ્યત્વે મસ્જિદ બંદર, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસનો પરિસર, ક્રાફર્ડ માર્કેટ, હિંદમાતા, ગાંધી માર્કેટ, ચર્ચગેટ, ફ્લોરા ફાઉન્ટન, ચર્ચગેટ જેવા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.

નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાય નહીં તે માટે વરસાદી પાણીનો નિકાલ કરવા માટે પાલિકાએ દસ મિની પમ્પિગ સ્ટેશન ઊભા કર્યા છે. આ સ્ટેશનનું સંચાલન કૉન્ટ્રેક્ટર મારફત કરવામાં આવે છે. તે માટે ટેન્ડરમાં રહેલી શરત અને નિયમ મુજબ તેમણે ૨૫ મે, ૨૦૨૫ પહેલા સંપૂર્ણ યંત્રણા ચાલુ કરવાની હતી

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે પરેલ-હિંદમાતામાં એપ્રિલમાં વરસાદી પાણીનો નિકાલ માટે પમ્પ બેસાડવા માટે એક નવો કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો, જેમાં કૉન્ટ્રેક્ટરને ૨૫ મે, ૨૦૨૫ સુધીના ગ્રેસ પિરીયડમાં પમ્પ સક્રિય કરવાનો હતો પણ તે ૨૬ મેના વરસાદ પડી ગયો હિંદમાતામાં પમ્પ નહીં હોવાને કારણે પાણી ભરાઈ ગયા હતા. કિંગ સર્કલમાં પણ ભારે વરસાદ દરમ્યાન છમાંથી ફક્ત ચાર પમ્પ જ કાર્યરત હતા, તેને કારણે પાણી ભરાઈ ગયા હતા. મિની પમ્પિંગ સ્ટેશન કાર્યરત નહીં હોવાને કારણે ચુનાભટ્ટી અને યલો ગેટ જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ

(જુઓ પાનું ૪) ▶▶

### આજે સમીક્ષા બેઠક

સોમવારના પહેલા ધોધમાર વરસાદમાં અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા બાદ અનેક વોર્ડ ઓફિસમાંથી તેમના વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ કરવા માટે પમ્પની સંખ્યા વધારવાની માગણી કરવામાં આવી છે. પાલિકાએ બુધવાર સમીક્ષા બેઠકનું આયોજન કયું છે, જેમાં મોસમના પહેલા ભારે વરસાદ દરમ્યાન સર્જાયેલી પૂરપરિસ્થિતિને નિયંત્રણમાં લાવવામાં રહી ગયેલી ત્રુટીઓનું મૂલ્યાંકન કરીને પમ્પની સંખ્યા વધારવાની જરૂર છે કે તેના પર નિર્ણય લેવામાં આવશે. પાલિકાએ ૧૫ વેહિકલ માઉન્ટેટ ડીવોટરિંગ પમ્પનો પણ ઓર્ડર આપ્યો છે. આમાંથી શહેરના સાત ઝોનમાં તહેનાત કરવામાં આવશે, જ્યારે બાકીના ભારે વરસાદ દરમ્યાન જરૂરિયાત મુજબ પૂરગ્રસ્ત વિસ્તારમાં તહેનાત કરવામાં આવશે.

### પાણી ભરાવાના નવા ક્રોનિક પોઈન્ટ

મુંબઈમાં સોમવારના ભારે વરસાદ દરમ્યાન અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા, જેમાં ફ્લોરા ફાઉન્ટન, મંત્રાલય, ચર્ચગેટ, મેટ્રો સિનેમા જંક્શન, જે.જે. ફ્લાયઓવરની નીચેની જગ્યા વગેરેનો સમાવેશ થાય છે. ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પ્રાથમિક અંદાજ મુજબ નવા ક્રોનિક પોઈન્ટ નવા મેટ્રો સ્ટેશનની પાસે આવેલા છે. અગાઉ એવું જણાઈ આવ્યું હતું કે દક્ષિણ મુંબઈમાં મેટ્રોના કામ માટે તેઓએ જમીનની નીચે રહેલી સ્ટોમ વોટર ડ્રેનેજ લાઈનને બંધ કરી દીધી હતી અને તેને કારણે વરસાદી પાણીનો નિકાલ થવામાં અડચણ આવવાની શક્યતા હતી. તેથી તે પાઈપલાઈનને ડાઈવર્ટ કરવામાં આવી હતી. તેથી તેનું પુનરાવર્તન તો તેઓએ કર્યુ નથી તે તપાસવામાં આવશે, કારણે નવા ક્રોનિક પોઈન્ટ જે છે ત્યાં મેટ્રો આવેલી છે. તેથી હવે ચોમાસાના ચાર મહિના તમામ ક્રોનિક પોઈન્ટ પર પમ્પ તહેનાત રહેશે.

# દક્ષિણ મુંબઈમાં આજે પાણીપુરવઠો પૂર્વવત્ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા બુધવાર, ૨૭ મેના પાંજરાપૂર પમ્પિંગ સ્ટેશનમાં પાણીપુરવઠામાં સુધારણા કરવા માટે કામ હાથ ધરવામાં આવવાના હતા અને તેને કારણે દક્ષિણ મુંબઈમાં ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રાખવામાં આવવાનો હતો. જોકે પ્રતિકૂળ હવામાન અને વરસાદના અંદાજને કારણે નવી ૧,૨૦૦ મિ.મી. વ્યાસની પાઈપલાઈનનું કામ અને ભંડારવાડા રિઝવિયરમાં કમ્પાર્ટમેન્ટ-એકમાં ૯૦૦ મિમી. વ્યાસની જૂના ફ્લડગેટ કાઢીને નવા ૯૦૦ મિ.મી. ફ્લડગેટ બેસાડવાનું કામ રદ કરવામાં આવ્યું છે. ■

# મુંબઈમાં કોરોનાના ૩૧ પોઝિટિવ દર્દી

મુંબઈ: દેશભરમાં કોરોનાના કેસમાં ચિંતાજનક રીતે વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે હાલ રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસ ૬૬ થઈ ગયા છે, જેમાં સૌથી વધુ કેસ મુંબઈમા નોંધાયા છે.

હાલ મુંબઈમાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૩૧ થઈ ગયો છે. તો કલ્યાણ-ડોંબિવલીમાં કોરોનાને કારણે દર્દીનું મૃત્યુ થયું હતું.

રાજ્યમાં જાન્યુઆરી ૨૦૨૫થી અત્યાર સુધી કોરોનાના કુલ ૮,૨૮૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમાંથી ૪૩૫ કોરોના પોઝિટિવ નીકળ્યા છે. ■

# મધ્ય મુંબઈમાં પૂરની સમસ્યા ઘટાડવા માટે ધારાવી રિડેવલપમેન્ટ અનિવાર્ય

મુંબઈ: દાદર પૂર્વમાં ખોદાદાદ સર્કલ, માટુંગામાં કિંગ્સ સર્કલ, સાયન રેલવે સ્ટેશન જેવા વિસ્તારોમાં ભારે વરસાદ અને ચોમાસામાં ભરતી દરમિયાન વારંવાર પાણી ભરાવાની સમસ્યા રહે છે. ધારાવીના રિડેવલમેન્ટથી આ વર્ષો જૂની ચાલતી સમસ્યાનો ઉકેલ આવશે તેવી અપેક્ષા છે. ધારાવી રિડેવલમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી)ના ભાગ રૂપે આ વિસ્તારમાં વરસાદી પાણીના ડ્રેનેજ નેટવર્કને બદલવામાં આવશે અને અપગ્રેડ કરવામાં આવશે, જેનાથી માત્ર ધારાવીમાં જ નહીં પરંતુ નજીકના વિસ્તારોમાં પણ પૂર જેવી સ્થિતી ઘટાડવામાં મદદ મળશે.

દાદર પૂર્વ, માટુંગા અને સાયન જેવા વિસ્તારોમાંથી વરસાદી પાણી માહિમ ક્રીક દ્વારા અરબિયન સમુદ્રમાં વહે છે, જે ધારાવીમાં ડ્રેનેજ સિસ્ટમમાંથી પસાર થાય છે. જોકે, ધારાવીમાં હાલનું નેટવર્ક જૂનું અને ખરાબ રીતે આયોજનબદ્ધ છે. આના કારણે ચોમાસા દરમિયાન, ખાસ કરીને ભરતી દરમિયાન પાણી ભરાઈ જાય છે. ધારાવીમાં ડ્રેનેજ સિસ્ટમને મજબૂત અને વિસ્તૃત કરવામાં આવશે, પુનર્વિકાસ પ્રોજેક્ટથી માહિતગાર સૂત્રએ જણાવ્યું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ધારાવીમાં હાલની વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સાયન્ટિક પ્લાનિંગ આધારિત નથી અને વર્ષોથી અસ્તવ્યસ્ત રીતે વિકસિત થઈ છે. ઘણા ભાગોમાં, યોગ્ય વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કાં તો અસ્તિત્વમાં નથી અથવા ખૂબ જ ખરાબ સ્થિતિમાં છે. આનાથી ધારાવીમાં પૂર આવે છે એટલું જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોને પણ અસર થાય છે. ડીઆરપી હેઠળની નવી ડ્રેનેજ વ્યવસ્થા યોગ્ય એન્જિનિયરિંગ આધારિત વિકસાવવામાં આવશે અને આ સમસ્યાને ઉકેલવામાં મદદ કરશે. ■

# 'ઑપરેશન સિંદૂર એક નિષ્ફળતા': સંજય રાઉતનો બફાટ

## અમિત શાહના રાજીનામાની માગણી પણ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર પ્રહાર કરતા શિવસેના (યુબીટી)ના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે ગુરુવારે પાકિસ્તાન વિરુદ્ધના ઓપરેશન સિંદૂરને નિષ્ફળતા ગણાવીને એક નવો વિવાદ ઉભો કર્યો હતો અને અમિત શાહનું રાજીનામું માગીને સનસનાટી ફેલાવી દીધી હતી.

જેમ મેં પહેલા કહ્યું હતું તેમ ઓપરેશન સિંદૂર એક નિષ્ફળતા હતી. જોકે, રાષ્ટ્રના હિતમાં, અમે વિપક્ષના સભ્યો તેના વિશે વાત કરી રહ્યા નથી, એમ શિવસેના (યુબીટી)ના નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના નજીકના સાથી રાઉતે કહ્યું હતું.

'ઓપરેશન સિંદૂરની જરૂર કેમ પડી... આતંકવાદીઓએ આપણી માતાઓ, બહેનો અને પુત્રીઓના કપાળ પરથી સિંદૂર ભૂંસી નાખ્યું,' તેમણે પર્યટકો પર પહલગામ આતંકવાદી હુમલા માટે શાહને જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે પહલગામ ફક્ત અને ફક્ત શાહના કારણે થયું.

તેમણે રાજીનામું આપવું જોઈએ હકીકતમાં, મોદીએ તેમનું રાજીનામું માગવું જોઈતું હતું. તેઓ ગૃહપ્રધાન તરીકે નિષ્ફળ રહ્યા છે, એમ રાઉતે કહ્યું હતું.

રાઉતે સવાલ કર્યો હતો કે પહલગામ ઘટનામાં સામેલ આતંકવાદીઓ હજુ સુધી કેમ પકડાયા નથી. તેઓ ક્યાં છે. તમે આતંકવાદીઓને ક્યાં છુપાવ્યા છે? ગુજરાતમાં, દાહોદમાં? મોદી ગઈકાલે દાહોદમાં હતા. તેઓ તે સ્થાનથી ગર્જના કરી રહ્યા હતા જ્યાં (મુઘલ સમ્રાટ) ઔરંગઝેબનો જન્મ થયો હતો, એમ રાઉતે કહ્યું હતું.

પત્રકાર-રાજકારણીએ શાહના રાજીનામા અને પહલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માગણી કરી હતી.

શાહ આપણને શીખવવાનો પ્રયાસ કરી રહ્યા છે... તેઓ મહારાષ્ટ્રભરમાં પ્રવાસ કરી રહ્યા છે... નાંદેડમાં, તેમણે 'આદર્શ-પ્રસિદ્ધ' અશોક ચવ્હાણના ઘરે જઈને રાત્રિભોજન કર્યું... તેઓએ આમરસ-પુરી અને ઢોકળા ખાધા... ફોટા જુઓ,' એમ રાઉતે આદર્શ કૌભાંડનો ઉલ્લેખ કરતા કહ્યું હતું, જેના પછી ચવ્હાણને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન પદેથી રાજીનામું આપવું પડ્યું હતું.

રાઉતની ટિપ્પણી શાહની ટિપ્પણીને પગલે આવી છે કે જો શિવસેનાના સ્થાપક સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરે જીવતા હોત, તો તેઓ ઓપરેશન સિંદૂર માટે મોદીને

(જુઓ પાનું ૪) ▶▶

**પુણે દહેજ હત્યા કેસ**

# હગવણેને બચાવવાની કોશિશ કરનારા પોલીસનો રિપોર્ટ રાજ્યએ માગ્યો

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતા હેઠળના મહારાષ્ટ્રના ગૃહ વિભાગ દ્વારા એડિશનલ ડિરેક્ટર જનરલ (જેલ)ને વૈષ્ણવી હગવણે દહેજ ઉત્પીડન-આત્મહત્યા કેસમાં વિશેષ નિરીક્ષક જનરલ (જેલ) જલિંદર સુપેકરે આરોપીઓને બચાવવાનો પ્રયાસ કર્યો હતો એવા આરોપોની તપાસ કરવા કહેવામાં આવ્યું છે.

સુપેકર વૈષ્ણવીના પતિ શશાંકના કાકા છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના હાંકી કાઢવામાં આવેલા નેતા રાજેન્દ્ર હગવણેની પુત્રવધૂ વૈષ્ણવીએ ૧૬ મેએ પુણે નજીક પિંપરી-ચિંચવડમાં સાસરિયે આત્મહત્યા કરી હતી.

વૈષ્ણવીના પતિના પરિવાર દ્વારા દહેજ માટે તેના પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો, જેમાં ₹ બે કરોડની માગણીનો સમાવેશ થતો હતો, એવો આરોપ તેના પરિવારે કર્યો છે.

પોલીસે આ કેસમાં રાજેન્દ્ર હગવણે અને તેના પુત્ર સુશીલની ધરપકડ કરી છે. ■

# બાઈક ટેક્સીઓ પીળા રંગની જ

## ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને લઈ જવા પર પ્રતિબંધ

મુંબઈ: રાજ્યભરમાં બાઇક ટેક્સી સેવાઓને નિયમન અને સુવ્યવસ્થિત કરવા માટે મહારાષ્ટ્ર પરિવહન વિભાગે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. મુસાફરો અને ડ્રાઇવરો બંનેની સલામતી, સુવિધા અને અધિકારોની ખાતરી કરવા માટે પરિવહન સલામતી માર્ગદર્શિકા ઘડવામાં આવી છે. 'બાઇક ટેક્સી' પીળા રંગની હોવાનું ફરજિયાત રહેશે. ઉપરાંત ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને બાઇક ટેક્સીમાં લઈ જવા પર પ્રતિબંધ રહેશે.

આ ઉપરાંત બાઇક-ટેક્સી ચાલકોએ સલામતી માટે દરેક મુસાફરી દરમિયાન સ્વચ્છ અને પીળા હેલ્મેટ પહેરવાનું ફરજિયાત રહેશે. વધુમાં બાઇકર અને ડ્રાઇવર વચ્ચે ડિવાઇડર વરસાદમાં રક્ષણાત્મક કવર અને જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ હોવી જોઈએ. ઉપરાંત ભારે વરસાદ કે તોફાન જેવી પરિસ્થિતિઓ દરમિયાન બાઇક ટેક્સી સેવાઓ રદ કરવી જોઈએ.

નવા નીતિ માળખામાં બાઇક-ટેક્સી એગ્રીગેટર્સ માટે કડક શરતો નક્કી કરવામાં આવી છે. તેમાં મુસાફરોની યોગ્યતા, સલામતી રેટિંગ, ભાડાના નિયમો અને ઉલ્લંઘનો માટેની જવાબદારી વિશેના નિયમોનો સમાવેશ થાય છે. ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો સાથે મુસાફરી કરવાની સખત મનાઈ દરેક ફેરીમાં પાછળ ફક્ત એક જ મુસાફરને બેસવાની મંજૂરી આપવામાં આવશે.

# પત્ની સાથેના ઝઘડાનો ગુસ્સો ઍરપોર્ટ પર બ્લાસ્ટની ધમકી આપી ઉતાર્યો: પતિ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈ: પત્ની સાથે થયેલા ઝઘડા બાદ ગુસ્સામાં પતિએ પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ કરી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર બૉમ્બ બ્લાસ્ટની ધમકી આપી ઉતાર્યો હોવાની આંચકાજનક ઘટના સામે આવી હતી. પોલીસે મોબાઈલ લૉકેશનને આધારે પતિને પકડી પાડ્યો હતો.

એમઆઈડીસી પોલીસના જણાવ્યા મુજબ આરોપીની ઓળખ મનજીત કુમાર ગૌતમ (૩૫) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને આઝાદ મેદાન પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ મંગળવારની સવારે નવ વાગ્યે આરોપીએ પોલીસના મેઈન કન્ટ્રોલ રૂમને કૉલ કર્યો હતો. બૉમ્બ બ્લાસ્ટથી ઍરપોર્ટ ઉડાવી દેવાની ધમકી આરોપીએ આપી હતી.ધમકીભર્યા કૉલને ગંભીરતાથી લઈ પોલીસે તપાસ હાથ ધરી હતી. ઍરપોર્ટ પર તપાસ કરવાની સાથે પોલીસે જે નંબર પરથી કૉલ આવ્યો હતો તેને ટ્રેસ કર્યો હતો.




# આઈપીએલમાં પોઇન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન હાંસલ કરવા છતાં ખુશ નથી પોન્ટિંગ




જયપુરઃ પંજાબ કિંગ્સે વર્તમાન ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) માં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે. પરંતુ ટીમના મુખ્ય કોચ રિકી પોન્ટિંગનું માનવું છે કે ટીમે હજુ સુધી કાંઈ હાંસલ કર્યું નથી અને એક દાયકાથી વધુ સમયમાં પ્લેઓફ માટે ક્વોલિફાય થવું હજુ અડધું કામ છે. પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને સાત વિકેટથી હરાવીને પ્લેઓફમાં ટોચના બેમાં સ્થાન હાંસલ કર્યું છે જેનાથી તેમને ફાઇનલમાં પહોંચવાની બે તક મળશે.

પોન્ટિંગે જિયો હોટસ્ટાર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ''મને લાગે છે કે તે સ્પષ્ટ થઈ રહ્યું છે કે આ ખરેખર પ્રતિભાશાળી ટીમ છે અને યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. હા, અત્યાર સુધીની આ એક મોટી સિદ્ધિ છે, પરંતુ વાસ્તવમાં જો તમે ભૂતકાળ પર નજર નાખો તો આપણે હજુ સુધી કંઈ પ્રાપ્ત કર્યું નથી. અમે પ્લેઓફ માટે ક્વોલિફાય થયા ત્યારથી હું ખેલાડીઓને આ એક વાત કહેતો આવ્યો છું.

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટને કહ્યું હતું કે, ''શરૂઆતથી જ મારું લક્ષ્ય પોઇન્ટ ટેબલમાં ટોચના બેમાં રહેવાનું હતું અને હવે અમે ત્યાં પહોંચી ગયા છીએ. આ એક એવી ટીમ છે જેમાં દરેક ખેલાડી એકબીજાની સફળતાનો આનંદ માણી રહ્યા છે.''

પોન્ટિંગે કેપ્ટન શ્રેયસ ઐય્યરની ખૂબ પ્રશંસા કરી હતી. છેલ્લી વખત જ્યારે પોન્ટિંગ-ઐય્યરની જોડી દિલ્હી કેપિટલ્સ માટે કોચ અને કેપ્ટન હતા ત્યારે તેઓએ કોવિડ-૧૯ના સમયમાં ટીમને તેમની પહેલી ફાઇનલમાં પહોંચાડી હતી. પોન્ટિંગે કહ્યું હતું કે, ''હું તેની (ઐયર) સાથે ફરીથી કામ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત હતો. હરાજીમાં હું તેના પર કેટલા પૈસા ખર્ચવા તૈયાર હતો તે ખૂબ જ સ્પષ્ટ હતું. તેની કેપ્ટનશીપ હેઠળ અમે દિલ્હીને ફાઇનલમાં પહોંચાડ્યું હતું.''

તેમણે કહ્યું, હું તેને ઘણા સમયથી એક વ્યક્તિ અને ખેલાડી તરીકે ઓળખું છું. તે ખૂબ જ કાર્યક્ષમ વ્યક્તિ છે. જો તમે ખેલાડીઓ સાથે વ્યક્તિગત રીતે વાત કરો છો તો મને લાગે છે કે દરેક જણ શ્રેયસની ખૂબ પ્રશંસા કરશે કારણ કે તેણે ખેલાડીઓ સાથે ઘણો સમય વિતાવ્યો છે. જરૂર પડ્યે તે ખેલાડીઓને પ્રોત્સાહન આપે છે જે એક સારા અને મજબૂત કેપ્ટનની નિશાની છે. ■

# આઈપીએલ ૨૦૨૫: ક્વોલિફાયર-૧માં પંજાબ સામે ટકરાશે બેંગલુરુ, લખનઉને છ વિકેટથી હરાવ્યું

લખનઉઃ ઇન્ડિયન પ્રીમિયર લીગની છેલ્લી લીગ મેચમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ લખનઉ સુપર જાયન્ટ્સને ૬ વિકેટથી હરાવ્યું અને પોઈન્ટ ટેબલમાં ટોપ-૨ માં સ્થાન મેળવ્યું હતું. આ જીત સાથે બેંગલુરુ ક્વોલિફાયર-૧માં પહોંચી ગયું હતું. હવે તેઓ ૨૯ મેના રોજ મુલ્લાનપુરમાં પંજાબ કિંગ્સનો સામનો કરશે.

આ મેચમાં ટોસ જીત્યા બાદ બેંગલુરુએ પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ મેચમાં ટિમ ડેવિડ અને જોશ હેઝલવુડ રમી રહ્યા ન હતા. લખનઉની ટીમ પહેલા બેટિંગ કરવા આવી હતી. પંતના અણનમ ૧૧૮ રનની મદદથી લખનઉએ આરસીબીને ૨૨૮ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં આરસીબીએ જિતેશ શર્માની અણનમ ૮૫ રનની ઇનિંગ્સની મદદથી ૧૯મી ઓવરમાં મેચ જીતી લીધી હતી.

૨૨૮ રનના લક્ષ્યાંકના જવાબમાં બેંગલુરુની શરૂઆત શાનદાર રહી હતી. ફિલ સોલ્ટ અને વિરાટ કોહલીએ આક્રમક રીતે ઇનિંગ્સની શરૂઆત કરી હતી. સોલ્ટ ૩૦ રન કરીને આઉટ થયો હતો. કોહલીએ ૨૭ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. રજત પાટીદાર અને લિવિંગસ્ટોન એક જ ઓવરમાં આઉટ થયા હતા. કોહલી ૫૪ રન કરીને આઉટ થઈ ગયો. જિતેશ શર્માએ ૨૨ બોલમાં તોફાની ફિફ્ટી ફટકારી હતી. જિતેશે માત્ર ૩૩ બોલમાં ૮૫ રનની અણનમ ઇનિંગ રમી હતી. મયંક અગ્રવાલે ૨૩ બોલમાં ૪૧ રનની અણનમ ઇનિંગ રમી હતી.

અગાઉ ઋષભ પંતની સદીની મદદથી લખનઉ સુપર જાયન્ટ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ૨૨૮ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૨૨૭ રન ફટકાર્યા હતા. કેપ્ટન પંતે સૌથી વધુ ૧૧૮ રન કર્યા હતા. આરસીબી તરફથી નુવાન તુષારા, ભુવનેશ્વર કુમાર અને રોમારિયો શેફર્ડે એક-એક વિકેટ ઝડપી હતી.

લખનઉના ઓપનર મેથ્યુ બ્રિત્ઝકેને નુવાન તુષારાએ બોલ્ડ કર્યો હતો. તે ૧૪ રન કરીને આઉટ થયો હતો. જોકે, ત્રીજા નંબરે આવેલા કેપ્ટન પંતે જવાબદારી સંભાળી હતી. તેણે મિશેલ માર્શ સાથે બીજી વિકેટ માટે ૧૫૨ રનની જંગી ભાગીદારી કરી હતી. માર્શે ૩૭ બોલમાં ચાર ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૬૭ રન કર્યા હતા. પંતે ૫૪ બોલમાં તેના આઇપીએલ કારકિર્દીની બીજી સદી પૂર્ણ કરી હતી. ■

# આઈપીએલની ફાઇનલ માટે ત્રણેય સેનાના વડાઓને અપાયું આમંત્રણ

## સમાપન સમારોહમાં ઓપરેશન સિંદૂર માટે અપાશે સલામી

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ મંગળવારે જણાવ્યું હતું કે તેણે ત્રીજી જૂને અમદાવાદમાં યોજાનારી ઇન્ડિયન પ્રીમિયર લીગની ફાઇનલ માટે ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓને આમંત્રણ આપ્યું છે. ટુર્નામેન્ટના સમાપન સમારોહ દરમિયાન તાજેતરના ઓપરેશન સિંદૂરમાં તેમના 'વીર પ્રયાસો'ને સલામ કરવામાં આવશે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ એક મીડિયા નિવેદનમાં આ જાહેરાત કરી હતી. સૈકિયાએ પીટીઆઇને જણાવ્યું હતું કે ''અમે ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી કરવા માટે અમદાવાદમાં આઈપીએલ ફાઇનલમાં તમામ ભારતીય સશસ્ત્ર દળોના વડાઓ, ઉચ્ચ અધિકારીઓ અને સૈનિકોને આમંત્રણ આપ્યું છે.''

સૈકિયાએ કહ્યું કે બીસીસીઆઇ દેશના સશસ્ત્ર દળોની ''બહાદુરી, હિંમત અને નિઃસ્વાર્થ સેવા'' ને સલામ કરે છે. તેમણે ''ઓપરેશન સિંદૂર હેઠળના વીર પ્રયાસો''ની પ્રશંસા કરી જેણે રાષ્ટ્રની રક્ષા કરી અને તેમને પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું હતું કે ''તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે અમે સમાપન સમારોહ સશસ્ત્ર દળોને સમર્પિત કરવાનો અને આપણા નાયકોનું સન્માન કરવાનો નિર્ણય લીધો છે,'' સૈકિયાએ કહ્યું હતું કે. જ્યારે ક્રિકેટ એક રાષ્ટ્રીય ઝનૂન રહ્યું છે, ત્યારે આપણા રાષ્ટ્ર અને તેની સાર્વભૌમત્વ, અખંડિતતા અને સુરક્ષાથી મોટું કંઈ નથી.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આર્મી ચીફ છે જ્યારે એડમિરલ દિનેશ કે ત્રિપાઠી નૌકાદળના વડા છે. એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ વાયુસેનાના વડા છે. નોંધનીય છે કે ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આ હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. બાદમાં બન્ને દેશો વચ્ચે લશ્કરી સંઘર્ષ થયો હતો. ત્યારબાદ પાકિસ્તાને યુદ્ધવિરામની વિનંતી કરતા બન્ને દેશો વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરાઇ હતી. ■

# સિંગાપોર ઓપનમાં પીવી સિંધુની જીત સાથે શરૂઆતઃ માલવિકાનો પરાજય



સિંગાપોરઃ બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ અને એચએસ પ્રણય મંગળવારે સિંગાપોર ઓપન સુપર ૭૫૦ બેડમિન્ટન ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચી ગયા હતા. સિંધુએ કેનેડાની વેન યુ ઝાંગને માત્ર ૩૧ મિનિટમાં ૨૧-૧૪, ૨૧-૦૯થી પરાજય આપ્યો હતો. બીજા રાઉન્ડમાં સિંધુનો સામનો વિશ્વની પાંચમી ક્રમાંકિત અને ટોક્યો ઓલિમ્પિકની ગોલ્ડ મેડલ વિજેતા ચીનની ચેન યુ ફેઈ સામે થશે.

વિશ્વના ૩૪મા ક્રમાંકિત પ્રણયે ડેન્માર્કના રાસ્મસ ગેમકેને ૧૯-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૪થી હરાવ્યો હતો. હવે તેનો સામનો ફ્રાન્સના ક્રિસ્ટોવ પોપોવ સામે થશે. જોકે, ભારતના પ્રિયાંશુ રાજાવત, કિરણ જ્યોર્જ, અનમોલ ખરબ, માલવિકા બંસોડ પ્રથમ રાઉન્ડમાં હારીને બહાર થઈ ગયા હતા.

માલવિકાને આઠમા ક્રમાંકિત થાઇલેન્ડની સુપનિદા કેથોંગ સામે ૧૪-૨૧,૨૧-૧૮, ૨૧-૧૧થી પરાજય મળ્યો હતો. જ્યારે પ્રિયાંશુને સાતમા ક્રમાંકિત જાપાનની કોડાઈ નારોકા સામે ૧૪-૨૧, ૨૧-૧૦, ૨૧-૧૪થી પરાજય મળ્યો હતો.

અનમોલને ચેન સામે ૨૧-૧૧, ૨૪-૨૨થી પરાજય મળ્યો હતો. જ્યોર્જને ચીનના વેંગ હોંગ યાંગે ૨૧-૧૯, ૨૧-૧૭થી પરાજય આપ્યો હતો. જ્યારે આર સંતોષ રામરાજને પુરુષ સિંગલ્સની પ્રથમ મેચમાં દક્ષિણ કોરિયાના કિમ ગા યુને ૨૧-૧૪, ૨૧-૦૮થી પરાજય થયો હતો.

મિક્સ ડબલ્સમાં ભારતના ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોનો ચીનના ચેંગ શિંગ અને ઝાંગ ચી સામે ૨૧-૧૮, ૨૧-૧૩થી પરાજય થયો હતો. અસિત સૂર્યા અને અમૃતા પરમુથેશ જાપાનના યુઇચી શિમોગામી અને સયાકા હોબારા સામે ૨૧-૧૧, ૨૧-૧૭થી હાર મળી હતી. મહિલા ડબલ્સમાં કવિપ્રિયા સેલ્વમ અને સિમરન સિંહનો કોરિયાની બાએક હા ના અને લી સો હી સામે ૨૧-૦૪, ૨૧-૦૯ પરાજય થયો હતો. ■

# નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં કાર્લસને વર્લ્ડ ચેમ્પિયન ગુકેશને હરાવ્યો




સ્ટાર્વેજર (નોર્વે): વિશ્વના નંબર વન ચેસ ખેલાડી મેગ્નસ કાર્લસને નોર્વે ચેસ ટુર્નામેન્ટના રોમાંચક પ્રથમ રાઉન્ડમાં વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશને હરાવીને પૂરા ત્રણ પોઈન્ટ મેળવ્યા હતા. પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન ૩૪ વર્ષીય કાર્લસન અને ગુકેશ વચ્ચેની આ મેચને ટુર્નામેન્ટની સૌથી મોટી મેચ માનવામાં આવી હતી. ગુકેશે ચાર કલાકથી વધુ ચાલેલી ક્લાસિકલ ચેસ મેચ દરમિયાન મોટાભાગે નોર્વેના ડિફેન્ડિંગ ચેમ્પિયનને દબાણમાં રાખ્યો હતો, પરંતુ પછી ભારતીય ખેલાડીએ એક ભૂલ કરી જેનો લાભ ઉઠાવીને કાર્લસને ૫૫ ચાલમાં જીત મેળવી હતી.

આ જીત સાથે કાર્લસને ત્રણ પોઈન્ટ મેળવ્યા અને હવે તે અમેરિકન ગ્રાન્ડમાસ્ટર અને વિશ્વના બીજા નંબરના ખેલાડી હિકારુ નાકામુરા સાથે બરાબરી કરી હતી. નાકામુરાએ પોતાના જ દેશના ચેસના ખેલાડી ફેબિયાનો કારુઆનાને હરાવ્યો હતો. ટુર્નામેન્ટમાં ભાગ લેનારા બીજા ભારતીય અર્જુન એરિગૈસીને આર્માગેડન ગેમમાં ચીનના નંબર વન ખેલાડી વેઇ યીને હરાવ્યો હતો. અગાઉ ક્લાસિકલ બાજી ૫૪ ચાલમાં બરાબરી પર રહી હતી.


આ જીતથી એરિગૈસીને ૧.૫ પોઈન્ટ મળ્યા, જ્યારે વેઈને એક પોઈન્ટ મળ્યો હતો. ટુર્નામેન્ટની ક્લાસિકલ ફોર્મેટમાં સ્કોરિંગ સિસ્ટમ મુજબ વિજેતાને ત્રણ પોઈન્ટ મળે છે. જો ક્લાસિકલ રમત ડ્રો થાય છે તો ખેલાડીઓને એક-એક પોઈન્ટ મળે છે અને પછી આર્માગેડનમાં અડધા પોઈન્ટ માટે રમે છે. બીજા રાઉન્ડમાં એરિગૈસીનો મુકાબલો ગુકેશ સામે થશે.

દરમિયાન બે વખતની વર્લ્ડ રેપિડ ચેમ્પિયન કોનેરુ હમ્પીએ પોતાના દેશની આર વૈશાલી સામે નિર્ણાયક જીત નોંધાવી હતી. મેચ સરળતાથી ચાલી રહી હતી પરંતુ અંતે વૈશાલીએ એક ભૂલ કરી જેનો હમ્પીએ ફાયદો ઉઠાવ્યો અને જીત મેળવી હતી. કાર્લસન અને ગુકેશ વચ્ચેનો મુકાબલો નિર્ણાયક ક્ષણો સુધી ચાલ્યો, જેમાં નોર્વેજિયન ખેલાડીએ સફેદ મોહરા સાથે રમીને અંતે તેના પ્રતિસ્પર્ધી પર દબાણ બનાવ્યું અને જીત મેળવી હતી. જોકે, કાર્લસનની શરૂઆત અપેક્ષા મુજબ નહોતી અને તેણે પણ પાછળથી તેનો સ્વીકાર કર્યો હતો.

કાર્લસને કહ્યુ કે મને હમણાં જ ખ્યાલ આવ્યો કે મને કંઈ ખબર નથી. મેં તેમને આશ્ચર્યચકિત કરવાનો પ્રયાસ કર્યો. હું હંમેશાં જે રમત રમું છું તે જ રમત રમ્યો. આ ટુર્નામેન્ટમાં દરેક મેચ જીતવી સરળ નથી. વાસ્તવમાં બ્લેક મોહરા સાથે રમતા ગુકેશે ૧૧મી ચાલ દ્વારા તેના વિરોધીના વ્હાઇટ મોહરાના ફાયદાને તટસ્થ કરી દીધો હતો, જ્યારે તેણે નોર્વેજિયન ખેલાડીને ૧૫ મિનિટથી વધુ સમય માટે વિચારવા માટે મજબૂર કર્યો હતો.

પરંતુ ૩૪ વર્ષીય કાર્લસન જેણે હવે રેપિડ અને બ્લિટ્ઝ અને તાજેતરમાં ફ્રીસ્ટાઇલ ચેસ જેવા ટૂંકા ફોર્મેટ રમવાનું શરૂ કર્યું છે. આ ટુર્નામેન્ટમાં ઓપન અને મહિલા કેટેગરીમાં ટોચના છ-છ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ■

# મેં નિવૃત્તિ બાદ છ મહિનાથી રૅકેટ હાથમાં નથી લીધુંઃ નડાલ



પૅરિસઃ સ્પેનના ટેનિસ સુપરસ્ટાર અને બાવીસ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા ૩૮ વર્ષના રાફેલ નડાલે રવિવારે અહીં પોતાની ફેરવેલ માટે આયોજિત ઇવેન્ટ વખતે કહ્યું હતું કે 'હું રિટાયર થયા બાદ ખૂબ ખુશ છું. છ મહિનાથી મેં રૅકેટ હાથમાં નથી લીધું. હું જે કંઈ કરું છું એ એન્જૉય કરું છું. આય ઍમ હેવિંગ ફન. મેં ટેનિસની રમતને ઘણું આપ્યું છે અને એમાં ઘણું મેળવ્યું છે એટલે હવે ટેનિસને મિસ નથી કરી રહ્યો. હું અહીંની ઇવેન્ટમાં આવ્યો ત્યારે મને એ વાતની શાંતિ હતી કે મારે ટેનિસ કોર્ટ પર નથી જવાનું. મારું શરીર જ હવે મને ટેનિસ રમવાની પરવાનગી નથી આપતું. ખરેખર, હવે બહુ માનસિક શાંતિ અનુભવું છું.' રાફેલ નડાલે ૨૪ વર્ષની શાનદાર કારકિર્દીમાં ટેનિસ સિંગલ્સની ૧,૩૦૮માંથી ૧,૦૮૦ મૅચ જીતી હતી, કુલ ૯૨ ટાઇટલ જીત્યા હતા, ૨૦૦૮માં તે વર્લ્ડ નંબર-વન હતો અને બાવીસમાંથી ૧૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ અહીં પૅરિસમાં ફ્રેન્ચ ઓપનમાં જીત્યા હતા જે વિક્રમ છે. તે ૨૦૦૮માં બીજિંગમાં સિંગલ્સનો અને ૨૦૧૬માં બ્રાઝિલમાં ડબલ્સનો ઑલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યો હતો તેમ જ સ્પેનને ડેવિસ કપ ટેનિસના પાંચ ટાઇટલ અપાવ્યા હતા. નડાલ હવે ટેનિસ નહીં, પણ ગૉલ્ફ રમે છે. તે કહે છે, 'હવે મને હારવાનો કોઈ અફસોસ નથી થતો. ગૉલ્ફમાં જીતું તો ઠીક છે, પરંતુ જો હારી જાઉં તો એનો કોઈ રંજ નથી થતો. હા, સ્પર્ધા કરવી મને પહેલેથી ગમે છે એટલે જે કંઈ કરું છું એમાં મારી સ્પર્ધાત્મકતા એન્જૉય કરું છું. ગૉલ્ફ રમું કે બીજું કંઈ પણ કરું, સ્પર્ધાત્મકતા નથી ભૂલ્યો. બધું ખૂબ સારી રીતે પાર પાડવાની પૂરી કોશિશ કરું છું.' નડાલ ત્રીજી જૂને જીવનના ૩૯મા વર્ષમાં પ્રવેશ કરશે. તે હવે દરરોજ મોટા ભાગનો સમય પરિવાર સાથે વીતાવે છે. પત્ની અને બે વર્ષના દીકરાને તે બને એટલો સમય આપે છે. તેની પત્નીનું નામ મારિયા છે. તેમણે પુત્રનું નામ રાફેલ જ રાખ્યું છે. નડાલ હવે દરરોજ બિઝનેસમાં પણ થોડો સમય ધ્યાન આપે છે. તેની પોતાની ટેનિસ ઍકેડેમી છે. તેની પોતાની એક હોટેલ કંપની પણ છે તેમ જ પોષક તત્ત્વોનું વેચાણ કરતી કંપની પણ તે ચલાવે છે. નડાલના પરિવારનું ચૅરિટેબલ ફાઉન્ડેશન પણ છે. નડાલ પોતાને વેરી વેરી સ્પેશિયલ નથી માનતો. તે કહે છે, 'મારી જગ્યાએ આવતી કાલે બીજું કોઈ આવશે અને મારાથી ચડિયાતું પર્ફોર્મ કરશે, ચડિયાતી સિદ્ધિ મેળવશે.' ■

# લીડ્સમાં ભારત ૨૩ વર્ષથી ટેસ્ટ નથી જીત્યું

## ૨૦મી જૂનથી પહેલી ટેસ્ટ ત્યાં જ રમાવાની છે

નવી દિલ્હીઃ આઈપીએલ પૂરી થયા બાદ ભારતના ટેસ્ટ ખેલાડીઓની ટીમ ઈંગ્લેન્ડના લાંબા પ્રવાસે જશે જ્યાં પાંચ ટેસ્ટમાંથી ૨૦મી જૂનથી પ્રથમ મેચ લીડ્સના હેડિંગ્લી ગ્રાઉન્ડમાં રમાશે અને ત્યાં ભારતનો રેકોર્ડ સારો નથી.

લીડ્સમાં ભારત છેલ્લે ૨૦૦૨માં (૨૩ વર્ષ પહેલાં) ટેસ્ટ જીત્યું હતું. ત્યાર બાદ ભારત અહીં એક પણ ટેસ્ટ નથી જીતી શક્યું. એ જોતાં, નવા કેપ્ટન શુભમન ગિલના સુકાનમાં આગામી સિરીઝની શરૂઆત ભારત માટે આસાન નહીં હોય. લીડ્સમાં ભારત અત્યાર સુધીમાં સાત ટેસ્ટ રમ્યું છે જેમાંથી માંડ બે ટેસ્ટ જીત્યું છે. ભારતે લીડ્સમાં છેલ્લો ટેસ્ટ-વિજય ૨૦૦૨માં સૌરવ ગાંગુલીના સુકાનમાં લીડ્સમાં મેળવ્યો હતો. ભારતના ૬૨૮/૮ના સ્કોર સામે ઇંગ્લેન્ડની ટીમ ૨૭૩ રનમાં આઉટ થઈ ગયા બાદ ફૉલો-ઑન પછી બીજા દાવમાં બ્રિટિશ ટીમ ૩૦૯ રનમાં આઉટ થઈ જતાં ભારતનો એક ઇનિંગ્સ અને ૪૬ રનથી વિજય થયો હતો. એ મેચના પહેલા દાવમાં દ્રવિડ (૧૪૮), સચિન (૧૯૩) અને ગાંગુલી (૧૨૮)એ સેન્ચુરી ફટકારી હતી.

લીડ્સમાં ભારત પહેલી વાર ૧૯૮૬માં કપિલ દેવના નેતૃત્ત્વમાં ટેસ્ટ જીત્યું હતું. છેલ્લે ૨૦૨૧માં આ સ્થળે વિરાટ કોહલીની કેપ્ટન્સીમાં ભારત એક દાવ અને ૭૬ રનથી ટેસ્ટ હારી ગયું હતું. જોઈએ હવે ગિલના સુકાનમાં ભારત ચાર વર્ષ પહેલાંની એ હારનો બદલો લેશે કે નહીં. ■

# વૈભવ સૂર્યવંશી સામે નિયંત્રણ જાળવી રાખવાનો પડકાર, ઓસ્ટ્રેલિયન દિગ્ગજે આપી સલાહ



મુંબઇઃ ઈન્ડિયન પ્રીમિયર લીગની આ સીઝનમાં ધમાલ મચાવનારા ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીની શાનદાર ટાઇમિંગની ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ ખેલાડી સ્ટીવ વોએ પ્રશંસા કરી હતી. વૈભવ રાજસ્થાન રોયલ્સ તરફથી રમી રહ્યો છે. સ્ટીવ વોએ વૈભવને નિયંત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી હતી. સ્ટીવ વો નિયમિતપણે આઇપીએલની મેચ જોતા નથી પરંતુ તેમણે સૂર્યવંશીને એક શાનદાર ખેલાડી ગણાવ્યો અને કહ્યું કે તેણે પોતાના પગ જમીન પર રાખવા પડશે.

રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા સૂર્યવંશીએ ગુજરાત ટાઇટન્સ સામે ૩૫ બોલમાં સદી ફટકારી હતી, જે ટુર્નામેન્ટમાં ભારતીય બેટ્સમેન દ્વારા ફટકારવામાં આવેલી સૌથી ઝડપી સદી છે. સ્ટીવ વોએ જિયોસ્ટાર દ્વારા આયોજિત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને ઓસ્ટ્રેલિયન સરકાર મીડિયા કોન્ફરન્સ ઓસ્ટ્રેલિયન સમર ઓફ ક્રિકેટ ૨૦૨૫-૨૬માં અનિલ કુંબલે, રોબિન ઉથપ્પા અને મેથ્યૂ હેડન સાથે ભાગ લીધો હતો. તેમણે કહ્યું, ''૧૪ વર્ષની ઉંમરે તેમના પર કોઈ દબાણ નથી. તે સંપૂર્ણ સ્વતંત્રતા સાથે રમી રહ્યો છે જે જોવામાં સારું લાગે છે. મને લાગે છે કે તેમના માટે પડકાર નિયંત્રણ જાળવી રાખવાનો રહેશે.'' ભારતમાં દરેક નવા બેટિંગ સ્ટારની સરખામણી સચિન તેંડુલકર સાથે કરવામાં આવે છે પરંતુ વોએ કહ્યું કે સૂર્યવંશી કે બીજા કોઈની સરખામણી તેની (સચિન તેંડુલકર) સાથે ન થવી જોઈએ કારણ કે તેંડુલકર જેવી પ્રતિભા વારંવાર આવતી નથી. ૧૯૯૧માં પર્થ અને ૧૯૯૨માં ૧૮ વર્ષના તેંડુલકરની ૧૧૪ રનની ઇનિંગ હજુ પણ યાદ છે. વોએ કહ્યું, ''મને નથી લાગતું કે કોઈની સરખામણી સચિન તેંડુલકર સાથે થઈ શકે.'' ■

# જૂનમાં આવી રહી છે સૌરાષ્ટ્ર અને કચ્છના ખેલાડીઓની ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટ

નવી દિલ્હીઃ સૌરાષ્ટ્ર ક્રિકેટ ઍસોસિયેશને સોમવારે જાહેર કર્યું હતું કે ૭-૨૦ જૂન દરમ્યાન એની પ્રો ટી-૨૦ લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાશે.

આ સ્પર્ધાને સૌરાષ્ટ્ર પ્રો ટી-૨૦ લીગ (એસપીટીએલ) નામ આપવામાં આવ્યું છે અને એમાં પાંચ ટીમ કુલ ૨૦ મૅચ રમશે.

ઍસોસિયેશનના પ્રમુખ જયદેવ શાહે પીટીઆઇને એક યાદીમાં જણાવ્યું હતું કે 'અમારા પ્રાન્તમાં ક્રિકેટને વ્યાવસાયિક ધોરણે પ્રમોટ કરવા તેમ જ એનો વિકાસ કરવા સંબંધમાં અમારી આ ટૂર્નામેન્ટ સીમાચિહ્ન બની રહેશે.'

જયદેવ શાહે એવું પણ કહ્યું હતું કે 'સૌરાષ્ટ્ર પ્રો ટી-૨૦ લીગમાં સૌરાષ્ટ્ર તથા કચ્છના ટોચના ક્રિકેટરો તેમ જ ઊભરતા ખેલાડીઓ ભાગ લેશે. તેમને આ ટૂર્નામેન્ટ પોતાનું કૌશલ્ય અને ક્ષમતા બતાવવા વ્યાપક મંચ પૂરો પાડશે. નવા ટૅલન્ટેડ અને ઊભરતા યુવા ખેલાડીઓને અનુભવી પ્લેયરો સાથે રમવાનો મોકો પણ મળશે.'

મંગળવારે આ સ્પર્ધાના પ્લેયર્સ ડ્રાફ્ટની જાહેરાત કરાશે. આ ડ્રાફ્ટિંગ માટે ઍસોસિયેશન પાસે ત્રણ કૅટેગરીમાં કુલ ૧૨૫ સારા ક્રિકેટરો છે. ઍસોસિયેશન તરફથી પાંચેય ટીમને કોચ પૂરા પડાશે. જોકે ટીમો ભૂતપૂર્વ ક્રિકેટરોને પોતાના મેન્ટર તરીકે નિયુક્ત કરી શકશે. મુંબઈ અને મધ્ય પ્રદેશમાં આવતા મહિને ટી-૨૦ લીગ સ્પર્ધા રમાવાની છે. ■

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# ગાજ્યા આઈપીઓ વરસ્યા નહીં!





## હ્યુન્ડાઈ, સ્વિગી, ઓલા અને એનટીપીસી ગ્રીન જેવા બહુ ગાજેલા આઈપીઓ વળતરનો વરસાદ કરવામાં કેમ નિષ્ફળ રહ્યા?!

**વરસાદી** મોસમમાં મેઘરાજને યાદ કર્યા વગર ના ચાલે! જોકે કહેવત છે કે ગાજ્યા મેહ વરસે નહીં, એ રીતે મૂડીબજારમાં પાછલા વર્ષે જે બહુ ગાજેલા આઇપીઓએ પણ રોકાણકારોની વળતરના વરસાદની આશા પર પાણી ફેરવી દીધાં છે, તેની વાત માંડવી છે.

વર્ષ ૨૦૨૪માં આઈપીઓનો એક સમૂહ, જે આકાશને આંબતો હતો તે હજુ પણ ઊંચા મૂલ્યાંકન, નબળા અમલીકરણ અને લોક-ઈન પછીના વેચાણના દબાણને કારણે ઊર્ધ્વગતિ પામવા સંઘર્ષ કરી રહ્યો છે. રોકાણકારો હવે મુંઝાયા છે કે કરે તો ક્યા કરે?

૨૦૨૪ના ૧૦ સૌથી મોટા લિસ્ટિંગમાંથી ચાર મોટા નામમાં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા, સ્વિગી, એનટીપીસી ગ્રીન એનર્જી અને ઓલા ઇલેક્ટ્રિકને સ્થાન આપી શકાય. આ કંપનીના શેર હવે તેમના સંબંધિત ઈશ્યૂ ભાવથી નીચે ટ્રેડ કરી રહ્યા છે. મૂડીબજારમાં આટલી ગાજવીજ સાથે આવેલા આઇપીઓમાં આખરે શું ખોટું થયું તે જાણવાનો પ્રયાસ કરીએ.

ઉપરોક્ત યાદીમાંથી સૌથી મોટો આઇપીઓ હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાનો હતો, જે રૂ. ૧,૯૬૦ના ભાવે લિસ્ટેડ થયો હતો, પરંતુ ત્યારથી તેનું વળતર લિસ્ટિંગ કિંમતથી લગભગ ૩.૮૭ ટકા ઘટ્યું છે. મજબૂત બ્રાન્ડ અને મધ્યમ કદના સેગમેન્ટમાં મજબૂત પકડ હોવા છતાં, ઓટોમેકરના શેર લાભ ટકાવી શક્યા નથી. આનું એક કારણ તેની કિંમત પણ છે. જ્યારે આ આઇપીઓ લોન્ચ કરવામાં આવ્યો, ત્યારે બજારમાં નોંધપાત્ર ઉત્સાહ હતો. પ્રીમિયમ પણ ઊંચા બોલાતા હતા, તો આખરે એવું શું થયું?

બજારના નિષ્ણાત જણાવે છે કે, એવું નથી કે કંપનીની નાણાકીય કામગીરી નબળી રહી હતી, પરંતુ તુલનાત્મક ધોરણે ઉદ્યોગની અન્ય કંપનીઓ દ્વારા જોરદાર માર્કેટિંગ હલચલ અને નવા લોન્ચિંગ જેવાં પરિબળોને કારણે પણ તેના બજાર હિસ્સા પર દબાણ આવી શકે છે.

અગ્રણી વિશ્લેષકે જણાવ્યું હતું કે ચિંતામાં વધારો કરનારો એક મુદ્દો એ પણ છે કે, હ્યુન્ડાઇનો આઇપીઓ શુદ્ધ ઓફર ફોર સેલ (ઓએફએસ) હતો. બીજા શબ્દોમાં ભરણામાંથી પ્રાપ્ત નાણાંનો ઉપયોગ કોઈ નવા મૂડીરોકાણ માટે થવાનો જ નહોતો. જ્યારે એકત્ર કરાયેલા નાણાં આંતરિક વૃદ્ધિ તરફ ન જાય, ત્યારે તે પણ ચિંતાનો વિષય બની શકે છે.

આ ઉપરાંત કોઇપણ આઇપીઓ પછીના પ્રદર્શનને સમજવા માટેનું બીજું પાસું ગ્રે માર્કેટની અપેક્ષાઓ છે. લિસ્ટિંગ પહેલા હ્યુન્ડાઇએ ગ્રે માર્કેટમાં રૂ. ૨૫૦-૩૦૦ના પ્રીમિયમ પર ટ્રેડ કર્યો હતો, જે ઊંચી અપેક્ષાઓનો સંકેત છે, જે લિસ્ટિંગ પછીની નિરાશામાં વધારો કરી શકે છે.

બીજી ખૂબ જ અપેક્ષિત લિસ્ટિંગ સ્વિગીનું હતું. આ કંપનીના શેર તેના આઇપીઓના ભાવથી ૨૦ ટકાથી વધુ નીચે ગબડ્યા છે. આ કિસ્સામાં મુખ્ય ટ્રિગર એપ્રિલમાં લોકઇન પિરિયડની થયેલી સમાપ્તિ હતી, જેની અંતર્ગત તેના શેરહોલ્ડિંગનો ૮૩ ટકા હિસ્સો ટ્રેડિંગ માટે છૂટો થયો હતો. માર્કેટ એનાલિસ્ટ અનુસાર જે દિવસે લોકઇન પિરિયડ પૂરો થયો તે જ દિવસે આ કંપનીનો શેર ૬.૪૦ ટકાના કડાકા સાથે બાવન અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચ્યો હતો.

સંભવતઃ એન્કર ઇન્વેસ્ટરોએ લોક-ઇન પિરિયડ પૂરો થતાં જ, તેનો ઉપયોગ બહાર નીકળવાની તક તરીકે કર્યો હોવો જોઇએ. લિસ્ટિંગ સમયે વૃદ્ધિ વિશેની ગાથાઓ, વૃદ્ધિ માટે આવશ્યક મૂળભૂત સિદ્ધાંતો કરતાં વધુ સારા દેખાતા હતા. આખરે, રોકાણકારો જોખમને હળવું કરવા માટે બહાર નીકળી ગયા હોવા જોઇએ.

સ્વિગીના કિસ્સામાં, નાણાકીય બાબતો પણ નિરાશાજનક રહી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં કંપનીની ચોખ્ખી ખોટ લગભગ બમણી થઈને રૂ. ૧,૦૮૧ કરોડ નોંધાઇ છે. જોકે આવક વાર્ષિક ધોરણે ૪૫ ટકા વધી છે. કંપની બ્રેક-ઇવન માટે સંઘર્ષ કરી રહી છે અને સામે સ્પર્ધા પણ તીવ્ર છે, તે જોતા સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હોવી જોઇએ.

એ જ દશા ઓલા ઇલેક્ટ્રિકની થઇ હતી. આ કંપની શેર દીઠ રૂ. ૭૬ પર લિસ્ટેડ થઈ હતી, તે લોકઇન પિરિયડની સમાપ્તિ પછી તેના ઇશ્યૂ ભાવથી નીચે આવી ગઈ છે. લોકઇન પિરિયડની સમાપ્તિના અઠવાડિયા દરમિયાન તેના ૧૮ કરોડથી વધુ શેર અનલોક થયા હતા અને શેર સાત ટકાથી વધુ તૂટ્યા હતા.

કંપનીની આસપાસના સમાચાર પ્રવાહ અને નબળા ટૂંકા ગાળાનાં વલણોએ પણ રોકાણકારોના વિશ્વાસને ડગાવ્યો હતો. નિષ્ણાતે કહ્યું હતું કે, ઓલાને તેના સેગમેન્ટમાં અગ્રણી માનવામાં આવતું હતું, પરંતુ નકારાત્મક અહેવાલોને કારણે શેરને નુકસાન પહોંચાડ્યું છે. આ શેરો હજુ પણ તેના પૂર્ણ મૂલ્યાંકનથી દૂર હોઈ શકે છે.

પીએસયુ જાયન્ટ દ્વારા સમર્થિત, એનટીપીસી ગ્રીન એનર્જી પણ ઇશ્યૂ ભાવથી સહેજ નીચે ટ્રેડ કરે છે. અગાઉની કંપનીઓથી વિપરીત, તેને લોકઇન પિરિયડની સમાપ્તિને કારણે ઉદ્ભવતી નોંધપાત્ર અસ્થિરતાનો સામનો કરવો પડ્યો નહોતો, પરંતુ તેણે પણ વધુ ચમકારો કે ગતિ બનાવી નથી. લિસ્ટિંગ સમયે, રિન્યુએબલ એનર્જી એક ખૂબ જ ગાજેલી થીમ હતી. આ ક્ષેત્ર હજુ પણ લાંબા ગાળાની સુસંગતતા ધરાવે છે.

હ્યુન્ડાઇના કિસ્સામાં તાજેતરના ચોથા ત્રિમાસિક સમયગાળાના પરિણામમાં ચોખ્ખા નફામાં ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ કંપનીએ સ્થિર વૃદ્ધિ દૃષ્ટિકોણ જાળવી રાખ્યો છે. સ્વિગીનો મુખ્ય ફૂડ ડિલિવરી વ્યવસાય સતત વધતો રહે છે, પરંતુ તેનું ઇન્સ્ટામાર્ટ ક્વિક-કોમર્સ શાખા હજુ પણ રેડ ઝોનમાં છે, જે કંપનીના વધતા નુકસાનમાં ફાળો આપે છે. ઓલા ઇલેક્ટ્રિકે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિક સમયગાળામાં તેનો બજાર હિસ્સો ઘટીને ૩૨ ટકા થયો હતો, જે હવે હરીફો ટીવીએસ અને બજાજથી પાછળ છે.

કંપનીઓના ફંડામેન્ટલ્સ અને સંબંધિત ક્ષેત્રની સંભાવના સારી હોવા છતાં જો મૂલ્યાંકન વાજબી સ્તરથી વધુ પડતા હોય તો તે લાંબો સમય ટકી શકતા નથી. રિટેલ અને એચએનઆઇ રોકાણકારો હવે વધુ મૂલ્યાંકન પ્રત્યે વધુ સંવેદનશીલ બન્યા છે, તેઓ ઘણીવાર નિર્ણય લેવા માટે ગ્રે માર્કેટનાં વલણો અને તાજેતરના લિસ્ટિંગ ઇતિહાસ પર આધાર રાખે છે. જોકે જ્યારે બજારમાં અસ્થિરતા સર્જાય છે, ત્યારે માગ ઝડપથી અદૃશ્ય થઈ શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઉત્તરાર્ધમાં બજારમાં વધુ આઇપીઓ આવવાની તૈયારીમાં હોવાથી રોકાણકારો આગળના અનુભવને આધારે સાવચેત રહે અને એ જ સાથે કંપનીઓએ પણ પોતાની ભાવ ઓફરોને વધુ વાસ્તવિક સ્વરૂપ આપશે એવી આશા છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ભારતે શા માટે એફ-૩૫ નહીં, પણ એસયુ-૫૭ ફાઈટર જેટ ખરીદવા જોઈએ?




**અંગ્રેજીમાં** કહેવત છે કે A friend in need is a friend indeed..., ગુજરાતીમાં કહીએ તો સંકટમાં કામ લાગે એ સાચો મિત્ર !

ભારત - પાકિસ્તાન વચ્ચેના મિની યુદ્ધમાં ભારતને પણ ખબર પડી ગઈ છે કે તેના સાચા મિત્ર અને દુશ્મન કોણ છે. તુર્કી, બાંગ્લાદેશ અને ચીન જેવા દેશે તો પાકિસ્તાનને ખુલ્લેઆમ ટેકો આપ્યો છે, જ્યારે ઈઝરાયલ અને રશિયાએ ભારતને ટેકો આપ્યો. ફ્રાન્સ અને અમેરિકા જેવા દેશ એવા હતા, જે કથનીમાં ભારતને ટેકો આપતા હતા, પરંતુ તેમની કરણી અલગ હતી. સઉદી અરેબિયા અને કતાર જેવા દેશે ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવાની સલાહ આપી. ફ્રાન્સે ભારતને મોટો દગો દીધો.....

ભારતે ૫૯,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૩૬ રાફેલ ખરીદ્યા હતા. ભારતને તેની ડિલિવરી ડિસેમ્બર ૨૦૨૪ સુધી મળી ગઈ હતી. જોકે અખબારી અહેવાલોને માનીએ તો રાફેલ ફાઈટર પ્લેન નબળી કડી સાબિત થઈ હતી. અમેરિકા, પશ્ચિમ અને ચીનના મીડિયામાં એવા અહેવાલો વહેતા થયા છે કે પાકિસ્તાને ચીનના જે-૧૦સી જેટની મદદથી ભારતના ત્રણ રાફેલ તોડી નાખ્યા હતા. જોકે ભારત પર મોંઘા એફ-૩૫ ફાઈટર પ્લેન ખરીદવા દબાણ લાવવા માટેનો આ અમેરિકાનો કારસો હોઈ શકે. ભારતે આ અંગેના સવાલના જવાબમાં કહ્યું છે કે ‘ના, અમારા બધા પાઈલટ સલામત છે અને આટલી મોટી કાર્યવાહીમાં થોડું નુકસાન થઈ શકે...’

અહીં ભારતના હાથ હેઠા પડ્યા એનું કારણ એ છે કે ભારત - પાકિસ્તાનના સંઘર્ષ દરમિયાન ફ્રાન્સ પાસે ભારતે રાફેલનો સોર્સ કોડ માગ્યો હતો. આ કોડ ભારતને મળ્યો હોત તો ભારત આમાં પોતાના ઉત્તમ એઈએસએ રડાર અને એસ્ટ્રા મિસાઈલ લગાડી શકાયું હોત..

બીજી બાજુ, અમેરિકાએ પણ ભારતને દગો દીધો હતો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તો ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયર એટલે કે યુદ્ધવિરામની જાહેરાત કરીને ભારતને ચોંકાવી દીધું હતું. ટ્રમ્પે ક્રેડિટ લેવાની લાલચમાં હદ વટાવી દીધી હતી. ટ્રમ્પે એવો દાવો કર્યો હતો કે મેં બન્ને દેશને તેમની સાથે નવો વેપાર બંધ કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે મિડલ ઈસ્ટની એમની મુલાકાત દરમિયાન આ ગાણું ગાયા જ કર્યું હતું. આટલું અધૂરું હોય એ ટ્રમ્પે ભારત વિરોધી પગલાં લેવાનું ચાલુ રાખ્યું. ટ્રમ્પે એપલ કંપનીને પણ ચેતવણી આપી છે કે જો એપલ ભારતને બદલે અમેરિકામાં આઈફોન નહીં બનાવે તો હું તેના પર ટૅરિફ ફટકારીશ....

ટ્રમ્પ ભારત પર મોંઘા એફ-૩૫ ખરીદવા દબાણ લાવી રહ્યા છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતની પડખે ઊભા છે અને ભારતને સુખોઈ-૫૭ અને બીજા આધુનિક હથિયારો આપવાની ઓફર કરી છે.. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા ગયા હતા ત્યારે ટ્રમ્પે જાહેરાત કરી દીધી હતી કે ભારત અમેરિકા પાસેથી આધુનિક સ્ટીલ્થ ફાઈટર પ્લેન એફ-૩૫ ખરીદશે. તાજેતરના આપણા તાજા અનુભવના આધારે અને દેશનું હિત સર્વોત્પરી રાખીને ભારતે નિર્ણય લેવો જોઈએ. ભારતે તેના નૌકાદળ માટે ૨૬ રાફેલ મરીન ફાઈટરજેટ ખરીદવાની ફ્રાન્સ સાથે ડીલ કરી છે. આ ડીલ ૬૩,૦૦૦ કરોડ રૂપિયાની છે. જ્યારે ફ્રાન્સ ભારતને સોર્સકોડ આપવાની ના પાડે છે ત્યારે ભારતે આ ડીલ રદ કરીને ફ્રાન્સને સામી ટપલી મારવી જોઈએ.

હવે આપણે તપાસીએ કે ભારત માટે કયા ફાઈટરજેટ ખરીદવા યોગ્ય હશે. દુશ્મન ચીન પાસે રડારમાં ન પકડાય સ્ટીલ્થ જેટ છઠ્ઠી જનરેશનના છે. પાકિસ્તાનને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે ચીન ૪૦ જે૩૫ સ્ટીલ્થ ફાઈટર જેટ આપવાનું છે. આની ડિલિવરી ઓગસ્ટ ૨૦૨૫થી શરૂ થશે. આ પાંચમી પેઢીનું સ્ટીલ્થ ફાઈટર છે. ભારત પાસે સ્ટીલ્થ ટેક્નોલોજી નથી. ભારત પાસે સૌથી હલકું ફાઈટર જેટ તેજસ અને એડવાન્સ્ડ મિડિયમ કોમ્બેટ એરક્રાફટ (એમકા) પ્લેન છે.. જોકે રડારમાં ન દેખાય એવા આધુનિક ફાઈટર પ્લેન નથી..ભારતના હવાઈ દળને લાંબા સમયથી ૧૦૦ સ્ટીલ્થ ફાઈટર જેટની જરૂર છે. ભારત પોતાના સ્ટીલ્થ ફાઈટર પ્લેન બનાવે એમાં વર્ષો લાગી જાય એવી સંભાવના છે. બીજી બાજુ, પાકિસ્તાન અને ચીન જે-૩૫ પ્લેનને લીધે ભારત કરતાં પણ આગળ નીકળી જશે. આથી ભારતે તત્કાળ સ્ટીલ્થ પ્લેન ખરીદવાની જરૂર છે.

હવે આપણે ભારતે શા માટે એફ-૩૫ નહીં,એસયુ-૫૭ ફાઈટર જેટ લેવું જોઈએ એનો તુલનાત્મક અભ્યાસ કરીએ.

અમેરિકાના એફ-૩૫ પ્લેન ૮૫થી ૧૧૫ મિલિયન ડૉલરનું છે. આ શુદ્ધ સ્ટીલ્થ પ્લેન છે. આ એક જ એન્જિન ધરાવે છે. તે રડારમાં પકડાતું નથી, પરંતુ તેની ઝડપ એસયુ-૫૭ કરતાં ઓછી છે. ટ્રમ્પના જમણા હાથ સમા એલન મસ્ક કહે છે કે જે કામ સસ્તા ડ્રોન કરી શકે છે તે કામ માટે મોંઘું એફ-૩૫ કેમ લેવું. મસ્ક કહે છે કે ફાઈટર પ્લેનનો યુગ પૂરો થઈ ગયો છે. આ ફાઈટર પ્લેનને એટલા બધા ટાસ્ક પૂરા કરવા માટે બનાવવામાં આવ્યું છે કે તે એકેય ટાસ્ક સારી રીતે પાર પાડતું નથી.. આ પ્લેન ભારત લે તો રાફેલ જેવી સમસ્યા ઊભી થાય.

આમાં બીજી તકલીફ એ છે કે આ પ્લેનને વાપરવા ભારતે અમેરિકાની રડાર સિસ્ટમ લેવી પડશે, જે અતિશય મોંઘી છે.

આની સરખામણીમાં પુતિન ભારતને સુખોઈ-૫૭ આપવા એટલા આતુર છે કે ટેકનોલોજી ટ્રાન્સફર કરવા પણ તૈયાર છે.. ભારત ૬૦ ટકા જેટલા હથિયારો રશિયા પાસેથી જ મેળવે છે. આ ફાઈટર પાંચમી પેઢીનું છે. અને એ આંશિક રીતે જ અદૃશ્ય એટલે કે સ્ટીલ્થ પ્લેન છે. આમાં બે એન્જિન છે. કિંમત પ્રમાણે જોવા જઈએ તો આની કોસ્ટ ૩૫થી ૬૦મિલિયન ડૉલરની છે. જોકે તે ચપળ અને ઝડપી પ્લેન છે. ભારતે ૨૦૧૮માં આ પ્લેન ખરીદવાનો વિચાર કર્યો હતો, પરંતુ પછી તે ખસી ગયું. તેની રેન્જ ૩૫૦૦ માઈલની છે. ભારતને એક વાર પાંચમા જનરેશનના ફાઈટર પ્લેનની ટેકનોલોજી મળી જાય તે ભારત તેના વિજ્ઞાનીઓ અને ટેક્નિશિયનની મદદથી તેનું સુંદર અપગ્રેડેશન કરી શકે.

હા, અહીં એ પણ ધ્યાન પર લેવું જોઈએ કે ભારતે રશિયાની એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ વાપરી હતી જે અતિશય ઉપયોગી સાબિત થઈ છે. રશિયા હવે ભારતને એસ-૫૦૦ નામની અતિ આધુનિક એર ડિફેન્સ સિસ્ટમ આપવાનું છે. રશિયા આપણને સ્ટીલ્થ પ્લેનને પકડી શકે એવા રડાર બનાવવામાં પણ મદદ કરી શકે.‘હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ’ સુખોઈના પ્લેન બનાવે જ છે એટલે ભારત માટે એસ-૫૭ ભારતમાં બનાવવા એટલા અઘરા નહીં પડે.

અહીં આપણે એક વાત યાદ રાખવા જેવી એ છે કે પાકિસ્તાન સામે આપણા બ્રહ્મોસ મિસાઈલ અસરકારક સાબિત થયા હતા.. ભારતે આ મિસાઈલ રશિયા સાથે સહયોગ કરીને બનાવ્યા છે. પુતિન આપણને અવાજના ઝડપથી છ ગણી ઝડપવાળા બ્રહ્મોસ બનાવવામાં મદદ કરી શકે. રશિયા આપણું વિફલ ગયેલા કાવેરી એન્જિનને પણ સુધારવામાં મદદ કરી શકે.

ભારત એસ-૫૭ વિમાન ખરીદવા વિચારી રહ્યું છે એ જાણીને ચોતરફ ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ તો ભારત વિરુદ્ધ એલએફલ બોલવા માંડ્યા છે. ટ્રમ્પે આથી જ એપલને મોબાઈલ ભારતમાં ન બનાવાની ચીમકી આપી છે. ફ્રાન્સ પણ હેબતાઈ ગયું છે. ભારત પર અમેરિકા અને યુરોપનું પ્રચંડ દબાણ આવી રહ્યું છે. જો ભારત રશિયા પાસેથી એસ-૫૭ ખરીદે તો તેના પર પ્રતિબંધ મૂકવાની ધમકી આપવામાં આવી રહી છે. ભારતે આવી ધમકીઓથી ડરવું ન જોઈએ. ■

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!



પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## ચેટ્ટુરને ગંભીરતાથી લેવાયા હોત તો ખજાનો મળ્યો હોત?



કે. કે. ચેટ્ટુર



નેતાજી સુભાષચંદ્ર બૉઝ

**નેતાજી** સુભાષચંદ્ર બૉઝના એટલે કે ઈન્ડિયન નેશનલ આર્મીના મસમોટા ખજાનાના અદૃશ્ય થવા વિશે ટોકિયો સ્થિત ઈન્ડિયન લાયઝન ઑફિસના વડા કૃષ્ણા કૃષ્ણા ચેટ્ટુરે સ્પષ્ટ અને બોલકા અભિપ્રાય તાત્કાલીન નહેરુ સરકાર સુધી પહોંચાડ્યા હતા. ગોળગોળ કે ફેરવીફેરવીને વાત કરવાને બદલે ચેટ્ટુરે કરેલી મૌખિક અને લિખિત રજૂઆતને ગંભીરતાથી લેવાઈ નહોતી. એમની વાતો પર ધ્યાન આપવાની, પગલા લેવાની અને તપાસ યોજવાની જરૂર હતી પણ એવું કંઈ ન થયું.

કે. કે. ચેટ્ટુરની નોંધ ખજાનો ગાયબ થવા વિશે એમ. રામમૂર્તિ અને એના ભાઈ જે. રામમૂર્તિ ભણી આંગળી ચીંધી હતી. અગાઉ એટલે કે ૧૯૪૭માં ટોકિયો સ્થિત ઈન્ડિયન લાયઝન ઓફિસના વડા બેનેગલ રામરાવે પણ રામમૂર્તિ પર આક્ષેપ કર્યો હતો. નેતાજીના જૂના સાથી એસ.એ.ઐયર પર પણ શંકા વ્યક્ત કરી હતી.

કે.કે. ચેટ્ટુરે નેતાજીના ખજાના વિશે પૃચ્છા કરતા ઐયરે આપેલો જવાબ જાણીએ, ઐયરે કીધું કે, ‘મને ભારત સરકારે બે જવાબદારી સોંપી હતી. એક, રેન્કોજી મંદિરમાં રખાયેલા અવશેષ નેતાજીના છે કે નહિં એની ખાતરી કરવી. બે, નેતાજીના દુર્ઘટનાગ્રસ્ત વિમાનના કાટમાળમાંથી ખજાનો પાછો મેળવવો.’

આ તો ઐયરનો ખુલાસો થયો પણ ચેટ્ટુરે ભારત સરકારને મોકલેલ ગુપ્ત સંદેશમાં સ્પષ્ટપણે લખાયું હતું કે બન્ને મૂર્તિ બંધુ ઐયરને પાછા આવેલા જોઈને સ્થાનિક ભારતીયો ગુસ્સામાં હતા કારણ કે આ ત્રિપુટીનો નેતાજીએ ભંડોળરૂપે મેળવેલા સોનું અને ઘરેણાના ગાયબ થવા સાથે કંઈક સંબંધ હતો.

એક કરતાં વધુ અને જવાબદાર વ્યક્તિ તરફથી શંકમંદોના નામ બહાર આવ્યા હતા. અહીં ઐયરે નવો ધડાકો કર્યો. તેમણે ચેટ્ટુરને જણાવ્યું કે આઈ.એન.એ.નો આંશિક ખજાનો બચી ગયો છે અને તે ૧૯૪૫થી રામમૂર્તિ પાસે છે. અને ભારતીય દૂતાવાસે એ આંશિક ખજાનો રામમૂર્તિના નિવાસસ્થાનેથી મેળવી લીધો હતો.

આમ છતાં ચેટ્ટુરનું મન માનતું નહોતું કે ઐયરે પૂરેપૂરી કે એકદમ સાચી જાણકારી આપી છે. દિલ્હીને એક કેબલ મોકલીને તેમણે પોતાની આ શંકા વ્યક્ત કરી હતી. તેમના કહેવા મુજબ ૧૯૪૫માં શાંતિ કરાર થવાનો વહેલો અંદેશો આવી જવાથી ઐયર ‘લૂંટના ભાગ પાડવા’ ટોકિયો ગયા હતા. આની સાથોસાથ સલામતીના પગલા રૂપે સરકારને સોનાનો નાનકડો જથ્થો પણ સોંપી દીધો હતો.

કે.કે. ચેટ્ટુરમાં ગજબની મક્કમતા હતી. એમના સંદેશા કે રજૂઆતને યોગ્ય પ્રતિસાદ નહોતો મળતો છતાં તેઓ ચલિત ન થયા. ૧૯૫૧ની ૨૨મી જૂને પોતાના આખરી સંદેશામાં તેમણે નેતાજીના ખજાનાના ગાયબ થવા વિશે તપાસ યોજવાની ઓફર કરી હતી. પણ આ મેસેજનું પણ અગાઉ જેવું જ થયું. આ બાબતમાં કંઈ ન થયું.

બેનેગલ રામરાવ અને કે.કે. ચેટ્ટુર બાદ ભારતના વિદેશ મંત્રાલયના અન્ડર સેક્રેટરી આર.ડી. સાઠેએ પણ ખજાનો ગાયબ થવા વિશે બે પાનાની નોંધ લખી હતી. ૧૯૫૧ની પહેલી નવેમ્બરની ‘આઈ.એન.એ.ના ખજાના અને તેની એસ.એ. ઐયર અને રામમૂર્તિએ રાખેલી સંભાળ પરનો નિષ્કર્ષ’ જેવા શીર્ષક સાથેની વિગતો જાણીએ. ‘નેતાજી સુભાષચંદ્ર બૉઝને તેમની લડાઈ માટે ફાર ઈસ્ટમાં રહેતા ભારતીયોએ નોંધપાત્ર પ્રમાણમાં સોનું અને ઘરેણાં આપ્યા હતા, પરંતુ મળ્યુ માત્ર ૧૧ કિલો સોનું, ધાતુમાં ઓગળી ગયેલા સોનાનો ત્રણ કિલોનો ગઠ્ઠો અને ૧૯૪૫માં ઐયરે સાયગોનથી ટોકિયો લાવેલું ૩૦૦ ગ્રામ સોનું. ભારતીય સત્તાધીશીએ રામમૂર્તિની અનેકવાર પૂછપરછ કરી પણ તેમણે કોઈ ખજાનાના અસ્તિત્વને જ નકારી કાઢ્યો હતો. જાપાનમાં ઐયરની પ્રવૃત્તિ શંકાસ્પદ હતી. વધુ મહત્ત્વની બાબત એ છે કે સાયગોનમાં ખજાનાનો મોટોભાગ રહેવા દેવાયો હતો અને ૧૯૪૫ની ૨૬મી જાન્યુઆરીએ ઉપલબ્ધ માહિતી મુજબ નેતાજીના ખજાનાનું વજન એમના વજન કરતાં ઘણું વધુ હતું.’

આટલું જ નહિ, સાઠે સાહેબે તો ઐયરની સાયગોનથી ટોકિયોની અવરજવર ભણી આંગળી ચીંધતા ઘટસ્ફોટ કર્યો હતો કે ઐયરના રૂમમાં (ખજાનાના) કેટલાંક બૉક્સ જોનારો સાક્ષી પણ હતો. ‘પછી આ બધા બૉક્સનું શું થયું એ ભેદ જ રહ્યો કારણ કે ઐયર પાસેથી તો અમને માત્ર ૩૦૦ ગ્રામ સોનું અને ૨૬૦ રૂપિયા મળ્યા હતા.’

આર.ડી. સાઠેએ વધુ વ્યક્તિના નામનો ઉલ્લેખ કર્યો જેની ખજાનાની ગાયબ થવામાં ભૂમિકા વિશે કાયમ શંકા રહી.

(ક્રમશઃ)■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ખાલીપો માણસને શા માટે પરેશાન કરે છે?




આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાની ધમાલ વચ્ચે માણસ એકલતા અનુભવતો હોય છે. ચેક લેખક ફ્રાન્ઝ કાફકાની ધ 'મેટામોરફોસીસ' એક અનોખી વાર્તા છે. આ વાર્તાનું મુખ્ય પાત્ર ગ્રેગોર સામ્સા છે. એક સવારે ગ્રેગોર ઊઠે છે અને અનુભવે છે કે એ એક વિશાળ જંતુમાં ફેરવાઈ ગયો છે. ગ્રેગોરનું માણસમાંથી જંતુ બનવાનું રૂપાંતર માટે લેખકે કોઈ કારણ આપ્યું નથી.


આ વિશ્વપ્રસિદ્ધ કથામાં ગ્રેગોર પોતાના પરિવારનું આર્થિક ભરણપોષણ કરે છે, પણ હવે જંતુ બની જવાથી કામ પર જઈ શકતો નથી. ગ્રેગોર, જે પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે, હવે નકામો થઈ જાય છે. પ્રારંભમાં પરિવાર સહાનુભૂતિ રાખે છે, પણ ધીમે ધીમે પરિવાર એને બોજ માનવા લાગે છે. ગ્રેગોર ધીમે ધીમે સમાજ અને પોતાની ઓળખથી અલગ થઈને દુનિયા માટે એકલો અને નકામો થઈને મરી જાય છે.


આલ્બેર કેમુ

સામાન્ય જીવનમાં પણ આવું જ થતું હોય છે, માણસ જ્યારે મનોમન એવું માનવા લાગે છે કે એની જરૂરિયાત રહી નથી ત્યારે તે મનોમન મરવા લાગે છે. મનમાં ખાલીપો વધવા લાગે ત્યારે પોતાને જાણે -અજાણે બોજારૂપ માનવા લાગે છે.

જીવનમાં ઘણા પ્રશ્નો સતાવતા હોય છે, ક્યારેક એવું લાગે છે કે જીવનનો હેતુ શું છે કે પછી આ ધરતી પર શા માટે આવ્યો છે અથવા બીજાઓને પોતાના કરતાં શા માટે વધારે સુખ છે. આ પ્રશ્નોના જવાબ એ ભગવાન પાસે અથવા કુદરત પાસે શોધે છે. ભગવાન અથવા પ્રકૃતિ તો સદાય મૌન ધારણ કરીને બેઠા છે. તેમને આપણા સવાલોની પરવા હોતી નથી. આપણને જવાબ મળતો નથી ત્યારે શૂન્યતાનો અનુભવ થાય છે. આ શૂન્યતાનું બીજું નામ ખાલીપો છે, જે સદાય પરેશાન કરે છે.

આ ખાલીપાને બીજી રીતે સમજવાની કોશિશ કરીએ, માણસ દરરોજ લગભગ એક જેવું કામ એક સરખા સમયે કરતો રહે છે. સવારે નવથી સાંજના પાંચ સુધી કામ કરતો રહે છે. એક સમયે એને રોજનું એકસરખું કામ નિરર્થક લાગે છે. માણસ જીવનનો હેતુ શોધવા પ્રયત્ન કરે છે, પણ જવાબ મળતો નથી. એ સતત જાતને પૂછતો ફરે છે કે શા માટે મારે જ આવી વ્યર્થ જિંદગી જીવવાની? એ જ વ્યક્તિ સોશિયલ મીડિયા તેમ જ સમાજમાં પોતાની સજ્જન અને બુદ્ધિશાળી હોવાની છાપ પાડવાનો પ્રયાસ કરે છે, પણ એક સમયે પોતાની જાતને છેતરતો હોવાથી અંતરાત્મા સ્વયં સામે બળવો પોકારે છે.


ફ્રાન્ઝ કાફ્કા

આલ્બેર કેમૂ નામના ફ્રેન્ચ વિચારકે એક વાર્તાના માધ્યમથી આ વાતને સરળ રીતે સમજાવી છે. સિસિફસ નામનો રાજા એક સમયે દેવતાઓને છેતરે છે. દેવતાઓ રોષે ભરાઈને એને શાપ આપે છે. જેમાં એક વિશાળ પથ્થરને ડુંગરની ટોચ પર ધકેલવાનો છે. દર વખતે પથ્થર નીચે ગબડી જાય છે. આમ છતાં તેણે આ કામ ચાલુ રાખવાનું છે. આ નિરર્થક કામ આપણા જીવનની એવી લડાઈ જેવું છે, જેમાં અંતે કશું હાથ ન આવે, છતાં આપણે ચાલુ રાખીએ છીએ. એક સરખા વિચારોને લીધે જીવનમાં ખાલીપો લાવે છે અને માણસ નિરાશાની ગર્તામાં ડૂબવા લાગે છે.

લેખક આલ્બેર કેમુ આ ખાલીપાનો ઉકેલ આપતાં બહુ સરસ કહે છે, જ્યારે તમારા અસ્તિત્વ અથવા જીવનનો અર્થ મળતો નથી ત્યારે માણસના મનમાં નિરાશા વ્યાપી જાય છે. કોઈ ચમત્કારિક શક્તિ પાસે જવાબ મળતો નથી ત્યારે તે વધુ નિરાશા અનુભવે છે. આલ્બેર કેમુ માને છે કે માણસે ખાલીપા સામે અલગ રીતે વિચારવાની જરૂર છે. બ્રહ્માંડ કોઈ જવાબ આપતું નથી તો સામા પક્ષે તમને કોઈ પ્રશ્ન પણ પૂછતું નથી. તમે કયું કામ શા માટે કર્યું તો એનો પ્રશ્ન ક્યારેય કોઈ શક્તિ કે પછી બ્રહ્માંડ પૂછતું નથી. એનો અર્થ એવો થયો કે તમે તમારું જીવન માણવા માટે સ્વતંત્ર છો. ખાલીપાનો સામનો કરવા તમને ધરતી પર મળેલી સ્વતંત્રતાને ભોગવતા શીખવાની જરૂર છે. માણસે નિરાશામાં ડૂબવાને બદલે જીવનને હિમ્મત અને સ્વતંત્રતાથી જીવવું જોઈએ.

સૌથી મોટી વાત એ છે કે નિરર્થક જિંદગીને જુસ્સા સાથે જીવતા શીખવું જોઈએ. આપણે નાની-નાની ખુશીઓ, પ્રકૃતિની સુંદરતા અને મજાના અનુભવોને માણવા રહેવા જોઈએ, ભલે તેનો કોઈ શાશ્વત અર્થ ન હોય. આપણા કામમાં આનંદ શોધવો જોઈએ. આજના સોશિયલ મીડિયાના યુગ મુજબ વિચારીએ તો આપણે દંભમાંથી બહાર નીકળીને થોડી વાસ્તવિક જિંદગી તરફ વળવું જોઈએ. સોશિયલ મીડિયામાં પોતાનો ઉલ્લેખ કરતી વેળા જાતને છેતરવાની બંધ કરવી જોઈએ.

મેક્સિકોના લુઈસ બુનુએલની ફિલ્મ આવી હતી. ફિલ્મમાં શ્રીમંત લોકો એક ડિનર પાર્ટીમાં જાય છે અને કોઈ અજાણ્યા કારણોસર એક રૂમમાં ફસાઈ જાય છે. દરવાજો ખુલ્લો છે છતાં દિવસો સુધી એ બધા બહાર નીકળી શકતા નથી. રૂમમાં સભ્ય સમાજ અસભ્ય થઇ જાય છે, આ ફિલ્મ આપણા સમાજની વાસ્તવિકતા બતાવે છે. આપણે જીવનની સ્વતંત્રતાઓ ભોગવવાને બદલે રૂઢિઓ અને નિયમોમાં ફસાઈ જઈએ છીએ, જેનો કોઈ હેતુ નથી. આ ફિલ્મ જોતી વખતે લાગે છે કે આપણે પણ ક્યાંક આવી જ અદૃશ્ય જેલમાં ફસાયેલા છીએ.

ભારતીય સનાતન પરંપરામાં જીવનની અર્થવિહીનતા પર ઉપનિષદના માધ્યમથી વિગતે લખવામાં આવ્યું છે, 'હું કોણ છું કે હું કોણ નથી' જેવા પ્રશ્નથી મનુષ્ય જીવનના જવાબ શોધવાનો પ્રયાસ થયો છે. ભગવદ ગીતામાં અર્જુનના પ્રશ્નમાં પણ આપણને જીવનની નિરર્થકતા દેખાય છે અને ભગવાન જીવનમાં ઉલ્લાસ અને ઉત્સાહ આપતા કહે છે કે 'તું ફક્ત કર્મ કર, બાકી ચિંતા મારા પર છોડી દે....' ભારતીય સનાતન સાહિત્ય એબ્સર્ડીઝમની જેમ જીવનની અર્થહીનતાને સ્પષ્ટ રીતે સ્વીકારતું નથી. તેના બદલે જીવનની શૂન્યતા, દુઃખ અને અનિશ્ચિતતાને માયા, અજ્ઞાન અથવા કર્મનું પરિણામ માને છે. જીવનમાં તેનો ઉકેલ ધર્મ, ભક્તિ, કર્મયોગ અથવા આત્મજ્ઞાન દ્વારા આપે છે. ભગવાન બુદ્ધ જીવનની શૂન્યતાની વાત કરે છે પણ એમનો ઉદ્દેશ્ય થોડો અલગ છે.


એક વાત હંમેશાં યાદ રાખવાની જરૂર છે કે જીવનમાં ખાલીપાનો અહેસાસ થતો હોય, એવું લાગે કે જીવન જીવવાનો ય કંટાળો આવે છે ત્યારે નાની ખુશીઓ અને હિંમત જ મદદરૂપ થાય છે. આજના જીવનમાં સોશિયલ મીડિયા, નોકરીઓ ધંધાના પ્રેશર અને બિનજરૂરી બંધનોમાં ફસાયેલા હોઈએ છીએ, આ ખાલીપાની લાગણી સામાન્ય છે. આ સમયે દોસ્તો સાથે ગપ્પાં મારવા, સંગીત, પ્રકૃતિ સાથે જોડાવું કે ક્યારેક તો એક કપ ચા પણ જિંદગી જીવવાનો ઉત્સાહ આપે છે. ક્યારેક જિંદગી ભલે ખાલી લાગે, આપણે તેને પોતાની રીતે રંગીન બનાવી શકીએ. ■

**ધ એન્ડ :**

*જૈન પુરાણ મુજબ ભગવાન ઋષભદેવના પુત્રો ભરત અને બાહુબલી વચ્ચે રાજ્યસત્તા માટે યુદ્ધ થાય છે. ભરત સમગ્ર વિશ્વને જીતવાની ઇચ્છા રાખે છે, પરંતુ બાહુબલી તેનો પ્રતિકાર કરે છે. યુદ્ધની અર્થહીનતા સમજાયા પછી બાહુબલી સંસારનો ત્યાગ કરીને તપસ્યા કરે છે અને જ્ઞાન પ્રાપ્ત કરે છે. ભરત પણ અંતે સંસારની નિરર્થકતા સમજે છે અને આધ્યાત્મિક માર્ગ અપનાવે છે.*

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# એક બે વાર નહીં, પણ છ વાર આદર્યાં અધૂરાં?



'વેલ ડન ઇઝ હાફ ડન' અંગ્રેજી ભાષામાં આવી કહેવત છે. મતલબ કે જેનો સારો પ્રારંભ થાય તેને અડધી સફળતા મળી કહેવાય. જો કે પ્રથમ ગ્રાસે મક્ષિકા એવી પણ કહેવત આપણામાં પ્રચલિત છે.

છોકરા કે છોકરીની સગાઇ કે ગોળ ધાણા ખાધા હોય, છતાં સંબંધ લગ્ન સુધી પહોંચશે તેની ગેરંટી હોતી નથી. તમે કહેશો : 'ગિરધરલાલ, તમેય શું ફેંકાફેંક કરો છો?'

શું કરું મજબૂર છું. દિલ્હી તરફથી હવા આવે એટલે ભલભલા ફેંકવા માંડે છે. દિલ્હી ફેંકવાની બાબતમાં યુનિવર્સલ રાજધાની છે.

'ચાર બંગડી વાળી ગાડી લાવી દઉં' ગીતથી ઘરે ઘરે જાણીતી થયેલ ગુજરાતી ગાયિકા કિંજલ દવેએ ચાર વરસ સગાઇ રાખ્યા પછી 'ઇસ રિશ્તે કો કયા નામ દૂ?'ની ઝંઝટમાં પડયા સિવાય 'ન રહેંગા બાંસ ન રહેંગી બાંસુરી'ની જેમ 'અભી બોલા અભી ફોક' સ્ટાઇલથી 'અપને સૈંયાજીસે બ્રેક અપ કર લિયા, પેક અપ કર લિયા..'

આમ સગાઈથી લગ્નની યાત્રાને સો વિઘ્ન આવે છે.

રસ્તા, પુલ, ડેમ કે બસ સ્ટેન્ડ જેવા વિકાસના કામોનું પણ આવું જ સખળડખળ હોય છે. કોઇ મંત્રી, ધારાસભ્ય , સરપંચ કે કલેકટર-ડીડીઓ મોટા ઉપાડે તાળીઓના ગડગડાટ, કેમેરાની ફલેશગનની ઝાકમઝોળ વચ્ચે કામોનું ખાતમુહૂર્ત કે શિલાન્યાસ કરે છે. ખાતમુહૂર્તની તકતીને દીવાલમાં જડે છે. દેશને ખાડામાં ઉતારનાર મંત્રી કે પ્રધાનમંત્રી હોંશે હોંશે ખાડામાં ઊતરી ચાંદીના લેલાથી સિમેન્ટ રેતીનો લબ્દો લગાડી શિલાન્યાસ કરે છે. ખાતમુહૂર્તમાં હાજર રહેનાર સૌ લોકોને તેવી આશા હોય છે કે પલક ઝપકતાં જ રોડ બની જશે. આવી અટલ શ્રધ્ધા હોવા છતાં આદર્યાં અધૂરાં રહે છે.....

કચ્છ જિલ્લાના લખપતથી મોટી છેર માર્ગનું ખાતમુહૂર્ત દોઢ વર્ષ પહેલાં તત્કાલીન માર્ગ મકાનમંત્રીના હસ્તે કરવામાં આવેલું. જો કે માનનીય મંત્રી મહોદય ખુરશીવિહીન થઇને માર્ગદર્શક મંડળનો અતૂટ હિસ્સો બની ગયા. ભૂમિપૂજન વિધિ થયા બાદ આ કામને એક વરસમાં પૂરું કરવાનું હતું, પણ કામ પૂરું કરવાની વાત દૂર રહી, કામનાં મંડાણ પણ થયા નથી.

અમદાવાદથી રાજકોટને જોડતા નેશનલ હાઇવેની કામગીરીની માટે પણ તે યથાર્થ ઠરે છે, કારણ કે રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇ-વે નંબર ૪૭ની કામગીરીની આજ છ-છ વર્ષનાં વાણાં વાઈ ગયાં હોવા છતાં હજુ પૂર્ણ થયો નથી. આ પ્રોજેકટનું કોઈક અવળા ચોઘડિયામાં ખાતમુહૂર્ત શરૂ કરવામાં આવ્યું હશે.

આજ રીતે, ભાવનગરના પ્રથમ ફલાય ઓવર બ્રિજનું સન્માન મેળવનાર પુલનું વર્ષ ૨૦૧૯માં ખાતમુહૂર્ત થયું હતું. જેને તૈયાર કરવાની સમયમર્યાદા દોઢ વર્ષ હતી. જોકે, પાંચ વર્ષ બાદ આખરે અડધા ફલાયઓવરનું ઉદઘાટન કરવામાં આવ્યું છે, માત્ર એક તરફનો ફલાયઓવર શરૂ કરવામાં આવ્યો છે! સંપૂર્ણ ફલાયઓવર ક્યારે શરૂ કરવામાં આવશે એ તંત્ર તો ઠીક, રામ સુધ્ધાં નહીં જાણતા હોય...

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ધાર અને પીયાવા ગામ વચ્ચે પાંચ કિલોમીટરનું અંતર છે. આ ગામનો રસ્તો ઓર્ડિનરી કે જનરલ ખખડધજ નહીં, પરંતુ ડિલકસ ખખડધજ હતો. તેનું કામ મંજૂર થતા ધારાસભ્યે ખાતમુહૂર્ત કર્યું. એમની ધારાસભ્ય તરીકે પાંચ વરસની મુદત પૂરી થઇ, પરંતુ નઘરોળ તંત્ર તે પાંચ કિલોમીટરનો રોડ પૂરો કરી શકયું નહીં. ત્યારબાદ નવા ધારાસભ્ય ચૂંટાયા. નવા ધારાસભ્યે પણ ધામધૂમથી સરકારી ગ્રાંટનો ધુમાડો કરી ભવ્યાતિભવ્ય ખાતમુહૂર્ત કર્યું તોય રસ્તાનું કામ શરૂ થયું નથી. આ રસ્તાનું પ્રથમવાર ખાતમુહૂર્ત કરનાર જૂના ધારાસભ્ય કાગળિયા લખી લખીને થાક્યા છે. આ કામ પૂરું થાય તે માટે તંત્રને કુંભકર્ણની ઊંઘમાંથી જગાડવા સત્યનારાયણની કથા કરાવી રામધૂન બોલાવી છે, છતાં..... ,

અમારા રાજુ રદીને કોઇ છોકરી લગ્ન માટે હા પાડતી નથી અને રાજુ રદી ઠેકાણે પડતો કે ઠેકાણે લાગતો નથી એમ આણંદની સિવિલ હોસ્પિટલ પણ બનતી નથી. પચ્ચીસ વરસથી સિવિલ બનાવવાની વાતોના વડા કે ભજિયા થાય છે. તાવડો ગરમ થતો નથી અને ભજિયાનો ઘાણ ઊતરતો નથી.

આગળ વાંચવાની હિંમત છે?

આપણે ત્યાં એક ભવમાં બે ભવ કરતા નથી. કોઇ કન્યાનું શ્રીમંત એક જ વાર થાય. વારંવાર શ્રીમંત કે બાપનું બારમું કરી શકાય નહી. જો કે , શંખેશ્વર તીર્થક્ષેત્ર અપવાદરૂપ છે. શંખેશ્વર જૈન ધર્મનું મોટું યાત્રાસ્થાન છે. શંખેશ્વરમાં બસ સ્ટેન્ડ બનાવવાનો નિર્ણય પંચકમાં લીધો હશે. સને બે બજાર ચારમાં બસ સ્ટેન્ડ બનાવવા જૂનું બસ સ્ટેન્ડ તોડી પાડ્યું. ત્યારથી શંખેશ્વર પર શનિની નહીં પણ સરકારની પનોતી બેસી છે. શનિની પનોતીમાંથી સાડા સાત વરસે છુટકારો મળે, પરંતુ, સરકારી પનોતીમાંથી સતર વરસે પણ છુટકારો મળે નહીં તેવું સ્થાનિક લોકો કહે છે. આ બસ સ્ટેશનનું છેલ્લા વીસ વરસમાં એક, બે, ત્રણ નહીં પણ છ -છ વાર ખાતમુહૂર્ત થયું છે, છતાં આદર્યાં અધૂરાં જ રહ્યાં છે... ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# માતાજીનાં નવરંગા માંડવાનો ક્રેઝ વધ્યો છે...




ગુજરાતમાં સમસ્તીગત ગરબા રમાય ચોરે ચોકે નવરાત્રીમાં તેની આરાધના કરતા ભક્તો જોવા મળે તેમાં પણ હવે તો બિગ ગરબીઓ થવા લાગ્યા, જેમાં એક સાથે હજારો સ્ત્રી, પુરુષો રાસે રમતા નિહાળવા મળે છે...!? આપણા ગુજરાતમાં માતાજીની આરાધના ખૂબ થાય છે એટલે જ ગુજરાતમાં વિશ્વ વિખ્યાત માતાજીનાં મંદિર છે રાજસ્થાન તરફથી ઝઈએ તો અંબાજી માતાજી છે, ત્યાં મેળો ભરાય લોકો પગપાળા દૂર દૂરથી માઈ ભક્તો રથડા લઈને આખો સંઘ આવે. સાથે ડી. જે. નાં તાલે માતાજીની આરાધના કરતા આવે 'જીયા શ્રદ્ધાનો હોય ત્યાં પુરાવાની જરૂર પડતી નથી'. એટલે તમે જોશો તો કોઈ સંઘ બહુચરાજી જાય, તો કોઈ સંઘ પાવાગઢ જાય, તો કોઈ સંઘ ચોટીલા જાય, તો કોઈ સંઘ આશાપુરા જાય, તો કોઈ સંઘ માટેલ જાય, તો કાઠિયાવાડી લોકો તેમાંય દ્વારકાધીશ એટલે દ્વારકા કાળીયા ઠાકરની જય બોલાવતા જાય. આમ ચોગરદમ ભક્તો પોતાની આસ્થા હોય ત્યાં પગપાળા કે સાઈકલ પર જાય છે, તેના માટે તમામ સુવિધાયુક્ત રાવટીઓ નાખી સેવા કરનારાઓનો તોટો નથી,

ગુજરાતમાં લોક ડાયરાઓ ભજન, સાહિત્ય, હાસ્યનો ત્રિવેણી સંગમ અત્યારે પુરબહારમાં ચાલે છે, આજે મોટા સિટીમાં કે ગામડામાં કે કોઈ ધાર્મિક પ્રસંગ, લગ્નોત્સવમાં મોટા માણસો લોક ડાયરાઓ રાખી મહેમાનને ખુશ કરે છે. તો મંદિર, ધાર્મિક સ્થળો ઉપર હવે લોક ડાયરા હાઈફાઈ થાય છે,! તેમાં ગાયક કલાકાર પોતાની ફી પણ સારી લે છે, આજ કલા કિર્તીદાન ગઢવી, માયાભાઈ આહીર, રાજભા ગઢવી, ગીતાબેન રબારી, ઓસામણ મીર, પ્રફુલભાઇ દવે, હેમંત ચૌહાણ, ફરીદાબેન મીર, કવિરાજ, જેવા ગાયક કલાકાર છે, તો હાસ્ય કલાકાર શાહબુદીન રાઠોડ, સાઈરામ દવે, જગદીશ ત્રિવેદી, હકાભા ગઢવી, ડૉ. અવની વ્યાસ છે, આવા કલાકારને સાંભળવા મોટી મેદની ઉમટી પડે છે અને રૂપિયાનો વરસાદ થાય છે. જોકે અગાઉ આ લોક ડાયરા નહોતા પણ ભજન ગવાતા તેમાં તબલા, મંઝિરા, પેટીવાજું ગાયક કલાકાર પાસે હોય પહેલા તો રામસાગરથી ભજન ગવાતા તો કોઈ લોક વાર્તા કહેતા. તેમાં ભીખુદાન ગઢવી લોક વાર્તા કહે એટલે રૂંવાળા ઊભા થઈ જાય પણ આજે તો ગાયક કલાકાર સ્ટિરિયો સાઉન્ડ બેસ્ટ જોઈએ તબલા, બેન્જો, ઢોલ, જેવા આધુનિક સાધનો સાથે ગાય ત્યારે માઈક સિસ્ટમ પાવરફૂલ હોવાથી શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દે છે. આજનાં ફાસ્ટ યુગમાં ગાયક કલાકારનો છે, દિવસે દિવસે ગાયક કલાકાર બજારમાં આવે છે અને ક્યારે આથમી જાય એનીયે ખબર નાં પડે પણ ગાયક કલાકાર પ્રફુલભાઇ દવેનું સૂત્ર છે કે 'રિયાજ કરો ને રાજ' કરો એ વાત સોં ટકા સાચી છે.



આપણે આજે વાત જરા હટકે કરવી છે...! માતાજીનો નવરંગા માંડવા એ ધૂમ મચાવી છે, પણ માતાજીનાં મંદિરે રાવળદેવ, કે દેવીપૂજક જેવી અમુક જ્ઞાતિઓ ડાક લઈને આવતા અને પોતાના માતાજીનાં મઢમાં સ્થાનકે આવી. જે તે માતાજીનાં ગુણગાન ગાતા ને તેજ માતાજીનાં ભુવા ધુણતા અને પોતાના થાપેલા ભુવા, પઢિયાર હોય તે જ પોતાના માતાજીનો કારભાર સંભાળે. સુખ દુઃખમાં માતાજી પાસે આવી ચપટી નખાવે તેમાં ભુવા જારનાં દાણા ધુણતા... ધુણતા... જારનાં દાણા આપી એકી કે બેકી કે કહે તો ભુવાને સ્થાપવા માટે જ્યારે કોઈ નવો ભુવો ધૂણે ત્યારે તેની કપરી કસોટી થાય. તેમાં પારંગત થાય તો જ તેને પોતાનાં મઢનો ભુવો કે પઢિયારની માન્યતાની મોહર લાગે. ત્યારે રાવળદેવ કે દેવીપૂજક ડાક વગાડેને જે તે માતાજી વિશે ગાય પણ હવે તો માતાજીનાં માંડવા થવા લાગ્યા નવરંગો માંડવો. કે ડાક ડમરુ સાથે માંડવો તેમાં ત્રણ ડાક હોય ઢોલ, મંજીરાને બેન્જો સાથે ભુવા ધૂણે ને જાડી સાકર મારે તેમાંય રૂપિયા ઉડે છે, હવે ગામડે... ગામડે માતાજીનો માંડવો થવા લાગ્યો છે અને ભુવા ધૂણવા બહારગામથી આવે છે તો ડાક ગાયક કલાકાર મોટી ફી વસૂલ કરે છે અને હાઈફાઈ સ્ટિરિયો સિસ્ટમ રાખે છે તેના પ્રોગ્રામ લાઈવ યુ ટ્યૂબ પર થાય છે, તારીખ ૨૨/૦૫/૨૦૨૫ નાં વાંકાનેર વિશિપરા ખાતે કરાવાળી મેલડી માતાજી મંદિરે માતાજીનો નવરંગો માંડવામાં ડાક કલાકાર નારણભાઇ ગુજર રાવળદેવ આવેલ અને મોજ કરાવેલ. આજે ગુજરાતમાં ધાર્મિકતા ખૂબ વિકસિત થઈ છે, માતાજી ને માનનાર વર્ગ મોટો છે, ખૂબ સારું છે કે લોકો ધાર્મિકતા તરફ વળતા પોતાનું કલ્યાણ પણ થાય છે અને કલાકારને સારું વળતર મળે છે. ■

વિશેષ
અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# માત્ર પૃથ્વી પર જ નહીં, એ ગ્રહ પર પણ જીવન છે?

પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઇલ દૂર સ્થિત K2-18b ગ્રહ પર જીવનના સંકેતો મળી આવ્યા છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના ભારતીય વૈજ્ઞાનિક નિક્કુ મધુસૂદને દાવો કર્યો છે કે આ ગ્રહના વાતાવરણમાં એવાં રસાયણો મળી આવ્યાં છે, જે ફક્ત જીવંત જીવો દ્વારા જ ઉત્પન્ન થાય છે. જોકે હજુ સુધી પુષ્ટિ થઈ નથી, આ શોધ બ્રહ્માંડમાં જીવનની શક્યતાઓના દરવાજા ખોલી શકે છે.

માનવજાત સદીઓથી આ પ્રશ્ન સાથે સંઘર્ષ કરી રહી છે. શું આપણે આ બ્રહ્માંડમાં એકલા છીએ? હવે આ રહસ્ય પરથી પડદો ઊઠતો દેખાય છે. પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઇલ દૂર સ્થિત K2-18b નામના ગ્રહ પરથી વૈજ્ઞાનિકોને સંકેતો મળ્યા છે, જે જીવનની શક્યતા તરફ નિર્દેશ કરે છે. આ ગ્રહ પૃથ્વી કરતાં અઢી ગણો મોટો છે અને તેના વાતાવરણની તપાસ કેમ્બ્રિજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

K2-18bના વાતાવરણમાં, વૈજ્ઞાનિકોએ ડાયમિથાઈલ સલ્ફાઈડ (DMS) અને ડાયમિથાઈલ ડાયસલ્ફાઈડ (DMDS) જેવાં રસાયણો શોધી કાઢ્યાં છે, જે પૃથ્વી પર સામાન્ય રીતે ફાયટોપ્લાંકટોન અને બેક્ટેરિયા જેવા જીવંત જીવો દ્વારા જ ઉત્પન્ન થાય છે. જોકે આ સંકેતોને હજુ અંતિમ પુરાવા ગણી શકાય નહીં, પરંતુ મુખ્ય સંશોધક પ્રોફેસર નિક્કુ મધુસૂદન માને છે કે આગામી એક કે બે વર્ષમાં એ સાબિત થઈ શકે છે કે K2-18b પર જીવનની હાજરી શક્ય છે.

**સમુદ્રની હાજરીનો સંકેત પણ છે**

આ ગ્રહના વાતાવરણમાં એમોનિયાની ગેરહાજરીએ પણ વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચ્યું છે. વૈજ્ઞાનિકો માને છે કે K2-18b પર એક વિશાળ સમુદ્ર હોઈ શકે છે, જે એમોનિયા શોષી રહ્યો છે. એમોનિયાની હાજરી સામાન્ય રીતે જીવન માટે એક મુખ્ય સંકેત છે, તેથી તેની ગેરહાજરી ગ્રહ પર જીવનને ટેકો આપતી રચનાઓ, જેમ કે સમુદ્ર, હોવાની શક્યતા વધારે છે. જોકે એ પણ શક્ય છે કે સપાટી નીચે લાવાનો સમુદ્ર હોઈ શકે છે, જે જીવન માટે પ્રતિકૂળ હશે.

**વધુ સચોટ માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ**

વૈજ્ઞાનિકોને અત્યાર સુધી K2-18b ના વાતાવરણમાંથી 'થ્રી-સિગ્મા' સ્તરની પુષ્ટિ મળી છે. 'સિગ્મા' એ વૈજ્ઞાનિક ચોકસાઈ માપવા માટેનું ધોરણ છે. સામાન્ય રીતે, શોધને મજબૂત કહેવા માટે 'ફાઇવ-સિગ્મા' જરૂરી છે. જોકે થ્રી-સિગ્મા સ્તરે મળેલા સંકેતો આ દિશામાં એક મોટું પગલું છે, તેમ છતાં વૈજ્ઞાનિક સમુદાયને સંપૂર્ણ રીતે ખાતરી આપવા માટે વધુ ચોકસાઈની જરૂર છે.

પ્રોફેસર નિક્કુ મધુસૂદન કહે છે કે જો K2-18b પર જીવન મળી આવે છે, તો તે ફક્ત એક ગ્રહની વાર્તા નહીં હોય, પરંતુ તે સમગ્ર બ્રહ્માંડમાં જીવનની વ્યાપક શક્યતાઓ જાહેર કરશે. આ શોધ માત્ર વિજ્ઞાનના દૃષ્ટિકોણથી જ નહીં પરંતુ માનવતાના ભવિષ્યની સમજણ માટે પણ ઐતિહાસિક માનવામાં આવશે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બિલાડાની દેખભાળ માટે તગડો પગાર



સારી નોકરીની વ્યાખ્યા શું?

કામનો સંતોષ મળે એ કે પછી મોટો હોદ્દો આપે એ કે ઊંચો પગાર આપે એ? દરેકની પોતપોતાની વ્યાખ્યા હોઈ શકે છે. અલબત્ત, આજના જમાનામાં સોલિડ સેલરી પહેલો અને એકમાત્ર માપદંડ હોઈ શકે છે. હા, મોટા વેતન સાથે જવાબદારીનું લિસ્ટ પણ એટલું જ મોટું હોય છે. યુકેની એક કંપનીએ બિલાડાની દેખરેખ માટે આપેલી એક જાહેરખબર માટે ૪૦૦થી વધુ અરજી આવતા એ જાહેરખબર પાછી ખેંચી લેવી પડી હતી. આ બિલાડો નામે જેરી કંપનીના રશિયન બોસનો પાળેલો છે. બોસને વારંવાર ટુર પર જવું પડતું હોવાથી બિલાડાને સહેવી પડતી એકલતા દૂર કરવા કેર ટેકર માટે અરજીઓ મગાવવામાં આવી છે. યુકેના ધોરણ અનુસાર ખૂબ જ તગડા પગારવાળી (કલાકના ૭૦ પાઉન્ડ - સાત હજારથી થોડા વધારે) આ નોકરી મેળવનારે દર મહિને નવા રમકડાં ખરીદવાના, એની હેલ્થનું ધ્યાન રાખવાનું અને એ શાંતિપૂર્ણ અને સન્માનજનક વાતાવરણમાં રહે એની તકેદારી રાખવાની. હજી લિસ્ટ પૂરું નથી થયું. બિલાડા સાથે દરરોજ રમવાનું, એ ખાતો હોય એ જગ્યા અને મળ મૂત્ર ત્યાગ કરે એ જગ્યાની સફાઈ કરવાની, તાજું દૂધ અને ભાવતા ભોજનની વ્યવસ્થા કરવાની અને દરરોજ તેની ત્વચાની સંભાળ રાખવાની અને હા, દર શુક્રવારે જેરી માટે શાસ્ત્રીય સંગીત વગાડવાનું. પગાર અત્યંત આકર્ષક છે, પણ જવાબદારી?

## નકલી ચેહરા સામને આએ, અસલી સુરત છૂપી રહે...



સાહિર લુધિયાનવી લખી ગયા છે કે 'નકલી ચેહરા સામને આએ, અસલી સુરત છૂપી રહે'. પાંચ દાયકા પહેલા લખાયેલી આ પંક્તિનો સાક્ષાત્કાર શાંગહાઇ એરપોર્ટ પર એક ચીની યુવતીને તાજેતરમાં થયો છે. એટલું જ નહીં, ગીતની આગળની પંક્તિ છે 'ખુદ સે ભી જો ખુદ કો છૂપાયે ક્યા ઉનસે પેહચાન કરે' જેવું આબેહૂબ યુવતી સાથે થયું. વાત એમ છે કે બ્યુટીપાર્લરમાં જઈ મુખારવિંદ પર રંગરોગાન કરાવી, બનીઠની ચાઈનીઝ લલના હવાઈ સફર માટે એરપોર્ટ પહોંચી. આજના મોડર્ન ટેક્નોલોજીના યુગમાં ગેરરીતિઓ ટાળવા ફેસ રેકગ્નિશન જેવી પદ્ધતિ અનિવાર્ય બની રહી છે. જરૂરી ડોક્યુમેન્ટ્સની ચકાસણી બાદ મેડમના ચેહરાની ઓળખ માટે મશીન સામે ઊભી રાખવામાં આવતા કેમેરાએ કહી દીધું કે: ના, ફોટોઆઈડીમાં જે બેનબા છે એ આ નથી.....!

સલામતી અધિકારીઓ વિચારમાં પડી ગયા, કારણ કે બાકી બધી માહિતી પરફેક્ટ હતી. અંતે 'ઘાયલ કો કૌન જાને, ઘાયલ' એ નાતે એક મહિલા ઓફિસરના મગજમાં બત્તી થઈ અને એમણે પેલીને તાબડતોબ મોઢા પરના લપેડા - થપેડા દૂર કરવા કહ્યું. બધો મેકઅપ દૂર થતા યુવતી ફોટામાં હતી એવી જ દેખાવા લાગી. ત્યારબાદ ફેસ રેકગ્નિશન પદ્ધતિએ 'ઓકે' કર્યું એ પછી એને ઊડવાની મંજૂરી મળી ગઈ.

## જાના થા જાપાન, પહુંચ ગએ ચીન



વાર્તામાં ક્યારે કેવો વળાંક આવે અને ક્યાંથી શરૂ થયેલી વાત ક્યાં વિરમે એની કલ્પના કરવી અશક્ય છે. ફ્રોમ રશિયા વિથ લવ જેવી આ સ્ટોરી એનો વિલક્ષણ નમૂનો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી સ્ટોરીમાં લગ્નજીવનમાં આવેલી ખટાશને મીઠાશમાં રૂપાંતર કરવાના પતિના પ્રયત્નો ઊંધા વળી ઉકરડામાં ખાબક્યાં એની વાત હતી. લગ્નજીવનમાં ભંગાણ પડતું અટકાવવા મોસ્કો નિવાસી પતિએ પત્નીને સરપ્રાઈઝ આપવા ૨૭ લાખ રૂપિયાની પોર્શે કાર ગિફ્ટ આપી અને એ પણ પ્રેમના પ્રતીક ગણાતો વેલેન્ટાઈન્સ ડે હતો ત્યારે. જોકે, આ કાર સેકન્ડહેન્ડ હતી અને એમાં થોડું રિપેરિંગ પણ જરૂરી હતું. ગિફ્ટ મળતા જ વાઈફ વ્હાલ કરશે એવી પતિની ગણતરી સાવ ઊંધી વળી ગઈ, કારણ કે 'આપી આપી આવી જૂની અને ડેમેજ કાર આપી?' પત્નીનો મગજનો પારો સાતમા આસમાને પહોંચી ગયો. 'આ કાર ગિફ્ટ નથી, મારું ઈન્સલ્ટ છે.' એવું રોકડું પરખાવી દીધું. પતિશ્રી એ હદે હતાશ થઈ ગયા કે આખેઆખી કાર ઉકરડામાં પધરાવી દીધી. ચારેકોર આ કરુણ કથની ફેલાઈ ગઈ અને લોકો તો એ કાર સાથે સેલ્ફી લેવા આવવા લાગ્યા. જોકે, આ સ્ટોરીમાં એક અણધાર્યો વળાંક આવ્યો કોઈ વેબસાઈટ દ્વારા આ સ્ટોરીની ખણખોદ કરવામાં આવતા જાણવા મળ્યું કે પતિ - પત્નીની સ્ટોરી ઉપજાવી કાઢેલી છે. કેટલાક બ્લોગરોએ વીડિયોના ફિલ્માંકન માટે એ કાર ઉકરડામાં પધરાવી હતી. હવે નવો ફણગો એ ફૂટ્યો છે કે ઉકરડે પોર્શે કાર પધરાવનારા લોકોને વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનો ભંગ કરવા બદલ દંડ કરવામાં આવશે. જોયું ? ક્યાંથી શરૂ થયેલી વાત ક્યાં જઈ ક્યાં પહોંચી ગઈ?

## યમના કહેણ જેવો નિયમ



નિયમ બનાવવો એ પ્રત્યેક વ્યવસ્થાની જરૂરિયાત છે અને એ નિયમનું પાલન કરવું એ દરેક નાગરિકનો ધર્મ છે. જોકે 'અચાનક' ફિલ્મમાં જેલથી ભાગી છૂટેલા કેદીને હોસ્પિટલમાં સારવાર આપી મોતના મુખમાંથી ઉગારી ફાંસીને માંચડે ચડાવાય છે જેવો કાયદો પાલન નજરે પડે ત્યારે 'કાયદો ગધેડો છે' એ ઉક્તિમાં કેટલો દમ છે એનો એહસાસ થાય.

આવું જ કંઈક મેક્સિકોની એક બેંકમાં જોવા મળ્યું છે. ૯૬ વર્ષનાં એક દાદીમાનું જીવન બેંકના ખાતામાં જમા થતા સરકારી પેન્શન પર નભતું હતું. સિસ્ટમના દોષને લીધે કે અન્ય કોઈ કારણસર બેન્કમાંથી પેન્શન ઉપાડ અટકાવી દેવામાં આવ્યો. બેન્ક તરફથી આદેશ આવ્યો કે 'બ્રાન્ચમાં આવી જરૂરી પેપરવર્ક પતાવી તમારી ઓળખ નિશ્ચિત બનાવો એટલે તમે પૈસા મેળવી શકશો.' નિયમે નિયમનું કામ કર્યું, પણ ઢળતી ઉંમરે જુદી જુદી બીમારીઓ માટે હોસ્પિટલમાં બિછાનાગ્રસ્ત દાદીને ફરજિયાત બેંકમાં હાજર રહેવા કહેવાનો નિયમ યમના કહેણ જેવો છે એવી સાર્વત્રિક પ્રતિક્રિયા આવી. એમ્બ્યુલન્સમાં લાવી દાદીને સ્ટ્રેચરમાં બેસાડી બેન્ક દ્વારા બધી ઔપચારિકતા પૂર્ણ કરવામાં આવી એનો વીડિયો - ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયામાં વાયરલ થતા બેંક સામે ટીકાનો ધોધ વહ્યો અને સંવેદનશીલતા મરી પરવારી છે કે શું એવો વિચાર અનેક લોકોને આવી ગયો.

## લ્યો કરો વાત!

*ફાસ્ટર ધેન ધ ફાસ્ટેસ્ટ થવાની માણસની અભિલાષા હાયર ધેન ધ હાઈએસ્ટ દિશામાં આગળ વધી રહી છે. ૧૯૮૮માં ૧૦૦ મીટર દોડમાં ૯.૭૯ સેકન્ડનો વર્લ્ડ રેકોર્ડ નોંધાવનાર કેનેડિયન એથ્લિટ બેન જોન્સનની સિદ્ધિ નોંધાયા પહેલા ભૂંસાઈ ગઈ, કારણ કે દોડવીરે ડોપિંગ (એથ્લેટિક પરફોર્મન્સ બહેતર બનાવવા પ્રતિબંધિત ડ્રગ્સનો ઉપયોગ)ની કબૂલાત કરી હતી. ગઈકાલે કહેવાતી અનીતિ હવે નીતિ બનશે કે કેમ એની તરફ આંગળી ચીંધતી 'ઓલિમ્પિક્સ ગેમ્સ ઓફ સ્ટીરોઈડ્સ'નું આયોજન આવતા વર્ષે થઈ રહ્યું છે. યુએસના લાસ વેગસમાં થનારા આ રમતોત્સવમાં એથ્લિટો બાકાયદા સ્ટિરોઈડ્સનો ઉપયોગ કરશે અને પોતાના પર્ફોર્મન્સને નવી ઊંચાઈએ લઈ જવાની કોશિશ કરશે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**બે દેશ વચ્ચેના યુદ્ધમાં સીઝ ફાયર થાય અને ગૃહ યુદ્ધમાં?**

* સિઝનલ ફાયર થયા કરે....

**ડોક્ટર અને પોલીસના ઓપરેશનમાં ફરક શું?**

* ડોક્ટર થિયેટરની ને પોલીસ ખુલ્લામાં ઓપરેશન કરે. બંનેમાં દર્દથી છૂટકારો મળે....

**પત્નીના સાસરે રહેવાનો શું ફાયદો?**

* પત્નીના સાસુ ખુશ રહે....

**ઘર જમાઈ ક્યારે રહેવાય?**

* ઘરવાળી ઓફર કરે ત્યારે....

**લવ સ્ટોરીમાં વિલનનો રોલ શું?**

* એ નડે- લડે.. ને છેલ્લે રડે!

**અમે બે મિત્ર એક છોકરીને ચાહીએ છીએ. હવે ઝઘડા થાય છે.**

* સિક્કો ઉછાળી -કિંગ ક્રોસ કરીને નક્કી કરી લો...

**પોલીસ એની રિસાયેલી પત્નીને કેવી રીતે મનાવતો હશે?**

* લાંચ આપીને ...!

**છૂટાછેડામાં કોને ફાયદો ?**

* વકીલને....

**મને વિદેશ જવાનો યોગ છે?**

* કોઈ અંગ્રેજી ફિલ્મ જોઈ લો. ઓછા ખર્ચે વિદેશનો યોગ પણ થઈ જશે....

**વિદ્યાદાનની જેમ માર્ક દાન મળે?**

* પેપર ચેકરને ગુપ્ત દાન કરવું પડે.!

**સત્તા મળે તો રાજ્યાભિષેક થાય. અને ના મળે તો?**

* કજિયાભિષેક....

**રાખનાં રમકડાં રામે રમતાં રાખ્યાં તો મોડર્ન રમકડાં?**

* વેપારીએ ફરતાં રાખ્યા રે...

**જાયફળ અને શ્રીફળને ઓળખવામાં થાપ ખાઈ જાઉ છું....**

* પહેલાં ટામેટા અને તડબૂચ ઓળખતા શીખી લો.

**દાડા- પાણી ભરાઈ જાય તો?**

* હુક્કા- પાણી બંધ થાય...

**દુનિયાની સૌથી મોટી બારી ?**

* છટકબારી!

કચ્છી ચોવક__ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

## કર્મ કરીએં તો જ સપનાં સાકાર થાય!

ઘણા ભણેલા - ગણેલા, ડાહ્યા, ચતુર અને વળી હોશિયાર ગણાતા લોકો સામાન્ય રીતે પોતાનાં કામ આયોજનપૂર્વક તેમજ ગણતરી પૂર્વક કરતા હોય છે. એ સારી વાત છે કે, આયોજન અને તેમાં પણ ગણતરી જરૂરી હોય છે. પણ, હું અહીં જે ચોવક મૂકવા માગું છું, તેમાંથી ભાવાર્થ એવો નીકળે છે કે, ગણતરીબાજ ગણાતા લોકો હજુ ગણતરી જ કરતા હોય છે, પરંતુ ત્યાં સુધીમાં તેમની પંક્તિમાં ન આવતા લોકો એજ પ્રકારનું કામ પૂરું કરી નાખતા હોય છે! સરસ ચોવક છે, તેમના માટે, વળી દ્વિઅર્થી પણ છે: **'ડાઈયૂં ડીં લેખીયેં, ચરઈયું છોરા જણીંયેં.'** આ ચોવકનો શબ્દાર્થ એવો થાય છે કે, ડાહી સ્ત્રીઓ (અહીં પ્લાનિંગ કરતી) હજુ દિવસો જ ગણતી હોય, ત્યાં સુધી 'ચરઈયૂં' એટલે કે, ખરેખર પાગલ નહીં પણ સામાન્ય કક્ષાનું જીવન જીવતી સ્ત્રીઓને ત્યાં પારણાં ઝૂલતાં થઈ જાય છે! 'ડાઈયૂં' એટલે ડાહી, 'ડીં' એટલે દિવસ, 'છોરા' એટલે સંતાન અને 'જણીંયેં'નો અર્થ થાય જન્મ આપવો! છે ને ગજબની ચોવક! કહેવું છે કંઈક અને માધ્યમ બનાવે છે સ્ત્રીના જણતરને!

કચ્છના કયા વિસ્તારમાં મોસમનો પહેલો વરસાદ વરસે તો તે શુકન કે અપશુકન ગણાય તેવો અનુભવ અને અભ્યાસ પર આધારિત ચોવક છે: **'કંઠી વસે કરવડો, વાગડ વસે ડુકાર, જ વસે ગેડો ત કચ્છ તેં અલીલ સુગાર.'**

કચ્છમાં કાંઠાળ વિસ્તારના અમુક ભાગને 'કંઠીપટ' કહે છે. વાગડ વિસ્તારથી તો આપણે સૌ પરિચિત છીએ જ, એજ રીતે અબડાસા તાલુકાનો ચોક્કસ વિસ્તાર 'ગેડોપટ' તરીકે ઓળખાય છે. ચોવક એમ કહેવા માગે છે કે, જો 'કંઠીપટ'માંથી વરસાદ શરૂ થાય તો વરસ સામાન્ય રહે, અને જો વરસાદનો પ્રારંભ વાગડથી થાય તો દુષ્કાળ પડવાની દહેશત રહે! પણ જો 'ગેડોપટ'થી ચોમાસું શરૂ થાય તો કચ્છ આખું લીલુંછમ્મ બની જાય! પણ હવે વરસાદ ચોવકને ગાંઠતો હોય તેવું લાગતું નથી!

આદ્રા નક્ષત્ર વરસાદની ઋતુ દરમિયાન જ આવે છે, પરંતુ કચ્છના લોકોને એ નક્ષત્રના વરસાદ પર બહુ ભરોસો નથી હોતો. એમ કહેવાય છે કે, **'આધર કરે સાધર'** મતલબ કે આ નક્ષત્રમાં ધરતીને ધરવ થાય તેવો વરસાદ ન વરસે. તો વળી, 'ઉતરા' નક્ષત્ર માટે એમ કહેવાય છે કે **'ઉતરા ત બધો જોતરા'** 'બધો' એટલે બાંધો, અને 'જોતરા'નો અર્થ થાય છે, 'જોતરો'. એ નક્ષત્રમાં પડતા વરસાદથી પાક સારો થાય છે. એવું જ પાછું ચિત્રા નક્ષત્ર માટે પણ કહેવાય છે: **'ઘેલી ચિત્રા કરે ખેલ, બરે બેપોરે આંણે રેલ'** ચિત્રાના વરસાદને ઘેલો વરસાદ કહે છે. એ એવો ખેલ રચે કે, બળબળતા બપોરે પણ પાણી વહી નીકળે! આ નક્ષત્રમાં પણ જો વરસાદ પડે તો વરસ સારું જાય તેવો અર્થ અહીં અભિપ્રેત છે.

જોકે હવે ઋતુ પ્રમાણે વરસાદનું ચક્ર ચાલતું નથી, પણ વરસાદને નક્ષત્રો સાથે જોડીને પણ કચ્છના પૂર્વજોએ ચોવકો રચી છે!

ખેર! કર્મની ગત ન્યારી એવું આપણે ગુજરાતી અને હિંદીમાં પણ બોલતા હોઈએ છીએં. એજ વાત ચોવક આ રીતે કહે છે: **'હજાર કર્યો હીલા, ય કરમ વગર કોડી ન મિલે'** લાખ ધમપછાડા કરો પણ કર્મની ગત મહાન છે, કપાળે લખ્યું ન હોય તો 'કોડી' પણ ન મળે! મર્યાદા બાંધી આપતી એક ચોવક છે: **'હિકડે સોંણે રાત ન વિંજે'** શબ્દાર્થ છે કે, એક જ સપને રાત ન જાય. પરંતુ ભાવાર્થ એવો થાય છે કે, જીવન જીવવા માટે માત્ર સપનાં ન જોવાય, એ સાકાર કરવા કર્મ પણ કરતા રહેવું પડે. ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# વ્યક્તિને સજાગ બનાવે છે-દિશા દેખાડે છે જીવનની જવાબદારી...

### ફરજ અને જવાબદારી વચ્ચે સમજી લો મોટો તફાવત છે

**જવાબદારી** એ માનવ જીવનનું અગત્યનું અંગ છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં વિવિધ જવાબદારીઓ નિભાવે છે. પરિવાર પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે અને પોતાના પ્રત્યે પણ એ જવાબદારી નિભાવે છે. દરેક વ્યક્તિની સફળતા અથવા તો મહાનતાનું મૂલ્યાંકન એના દ્વારા નિભાવવામાં આવતી જવાબદારી પરથી નક્કી થાય છે. એક વિદ્યાર્થી તરીકે શિક્ષણ,એક નાગરિક તરીકે દેશના કાયદા અને ફરજ પાલન, એક પિતા કે માતા તરીકે સંતાનના ભરણ પોષણ અને એક કર્મચારી તરીકે પોતાની ફરજ બજાવવાની જવાબદારી નક્કી કરવામાં આવે છે.

જવાબદારી સ્વીકારવી એ વિકાસ તરફનું પહેલું પગથિયું છે. જે વ્યક્તિ પોતાના કાર્ય કે વર્તન માટે જવાબદારી લે છે, તે જીવનમાં કોઈ પણ મુશ્કેલી કે પડકાર સામે અડીખમ ઊભો રહી શકે છે. જવાબદારી એ માત્ર ફરજ પુરતી જ ન હોવી જોઈએ, પરંતુ તે આપણા ઉપર મૂકવામાં આવેલા વિશ્વાસને પુરવાર કરવા માટે હોવી જોઈએ.

જવાબદારી વિવિધ પ્રકારની હોય છે. વ્યક્તિગત જવાબદારી એ છે કે વ્યક્તિ પોતાનું કાર્ય સમયસર અને સમજદારીથી પૂર્ણ કરે. સામાજિક જવાબદારીનો અર્થ એ થાય કે આપણે સમાજની ભલાઈ માટે કામ કરીએ જેમ કે,પર્યાવરણની સંભાળ રાખવી, ગરીબોને મદદ કરવી અને નિયમોનું પાલન કરવું. રાષ્ટ્રીય જવાબદારી એટલે કે આપણાં વર્તનમાં દેશપ્રેમ દાખવવો, રાષ્ટ્રીય સંપતિની જાળવણી કરવી, કાયદાનું પાલન કરવું અને મતદાન કરીને લોકશાહીમાં સહભાગી થવું.

જો દરેક વ્યક્તિ પોતાની જવાબદારીને સાચા અર્થમાં સમજે ને પ્રમાણિકતાથી બજાવે તો અનેક સામાજિક સમસ્યાઓ ઉકલી જાય. ઉદાહરણ તરીકે, જો દરેક નાગરિક




ઈમાનદારીથી કર ચૂકવે તો દેશના વિકાસ માટે વધુ સાધનો ઉપલબ્ધ બની શકે.

જવાબદારી સ્વીકારવી એ ક્યારેય બોજ હોય એવું ન લાગવું જોઈએ. જવાબદારી દ્વારા વ્યક્તિમાં વિશ્વાસ અને આત્મસન્માન વિકસે છે...નવી પેઢીને જવાબદારીની ભાવના શીખવવી જરૂરી છે, જેથી એ ક્યારેય અધિકારની વાત કરે નહીં, બલકે જવાબદારીની સમજણ રાખે.

જવાબદાર વ્યક્તિએ માત્ર પોતાનું નહીં પરંતુ સમગ્ર સમાજ અને રાષ્ટ્રનું ભલું કરવા માટે સજાગ રહેવું જોઈએ. આવી જવાબદારી પૂર્ણ ભાવના સમગ્ર વિશ્વમાં શાંતિ અને સહ અસ્તિત્વ માટે અતિ આવશ્યક છે.

જ્યારે જવાબદારીની વાત કરવામાં આવતી હોય છે, ત્યારે લોકો પોતાની ફરજને જવાબદારીના સ્વરૂપમાં ગણી લે છે,પણ હકીકતમાં એવું હોતું નથી. ફરજ અને જવાબદારી વચ્ચે બહુ મોટો તફાવત છે. એ તફાવતને સમજવો પણ જરૂરી છે..ફરજનો અર્થ છે તમને જે કહેવામાં આવ્યું છે, તમને જે સૂચન કરવામાં આવ્યું છે, એનું પાલન કરવું. પત્રકાર,પોલીસ,વ્યાપારી કે કોઈ પણ ખાતામાં ફરજ નિભાવતા સૌ કોઈ વ્યક્તિએ ફરજ નિભાવવાની હોય છે.

જોકે, વાત જ્યારે જવાબદારીની આવે ત્યારે એમાં નૈતિકતાનું મૂલ્ય ઉમેરાઈ જતું હોય છે. જવાબદારી આપણી જાતે સમજવી જોઈએ. જવાબદારી આપણા મનમાં ઉદભવવી જોઈએ. પુત્રએ પિતાની પાછલી ઉંમરમાં એમની સેવા ચાકરી કરવી એ ફરજ હોય કે નહીં, પણ જવાબદારી તો છે જ. એ જવાબદારીમાંથી તે છૂટી શકે નહીં. સારું કામ કરવું જોઈએ એ કોઈની ફરજ હોઈ શકે, પણ સારું કામ યોગ્ય સમયે, યોગ્ય રીતે અને ઉચ્ચ પ્રકારે કરવામાં આવે એ દરેકની જવાબદારી છે.આ જવાબદારી જ આત્મસંતોષ આપવાનું કામ કરે છે. ફરજ નિભાવવાની છે, પણ જવાબદારી ગણીને એ ફરજને નિભાવવામાં આવે તો એ નિભાવવાની પ્રક્રિયા સંતોષ આપવાનું કામ કરી જાય છે.

આપણે બધું કામ ફરજના ભાગરૂપે જ કરીએ છીએ અને જ્યાં જવાબદારી હોય છે ત્યાં પણ આપણે કામને ફરજના સ્વરૂપમાં મૂકી દઈએ છીએ. સારું શાસન કરવું. સારું પરિણામ આપવું એ દરેકની ફરજ હોઈ શકે. પણ સારું શાસન કરવાની અને પરિણામ સર્વોત્તમ રીતે આપવાની નીતિ એ જવાબદારી છે, જેમ કે ફરજ મુજબ વર્તે તો કમ્પાઉન્ડરએ ફરજ અદા કરી કહેવાય. પણ ડોક્ટરની ગેરહાજરીમાં પણ ડોક્ટરની હાજરી જેવું જ કામ આપીને દર્દીની સેવા કરવામાં આવે તો કમ્પાઉન્ડરએ જવાબદારી નિભાવી કહેવાય.

આપણી જાતને આ પ્રશ્ન પૂછવો જોઈએ કે દિવસ દરમિયાનમાં મેં કેટલી ફરજ નિભાવી અને કેટલી જવાબદારી નિભાવી? તો તમને ફરજ અને જવાબદારી વચ્ચેનો ભેદ સહેલાઈથી સમજાઈ જશે.. ■

# ભારત પાંચમી પેઢીના સ્વદેશી ડીપ પેનિટ્રેશન ઍડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ ફાઇટર જેટ બનાવશે

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ભારતીય વાયુસેના માટે પાંચમી પેઢીના ડીપ પેનિટ્રેશન એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ) સ્વદેશી રીતે વિકસાવવા માટેના મેગા પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે ''એક્ઝિક્યુશન મૉડેલ'' ને મંજૂરી આપી છે, એમ સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું .

ભારત તેની વાયુ શક્તિ ક્ષમતાને મજબૂત બનાવવા માટે અદ્યતન સ્ટીલ્થ સુવિધાઓ સાથે મધ્યમ વજનના ડીપ પેનિટ્રેશન ફાઇટર જેટ વિકસાવવા માટે મહત્ત્વાકાંક્ષી એએમસીએ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે.

''ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓને વધારવા અને મજબૂત સ્થાનિક એરોસ્પેસ ઔદ્યોગિક ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા તરફના એક મહત્ત્વપૂર્ણ પગલામાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ) પ્રોગ્રામ એક્ઝિક્યુશન મોડેલને મંજૂરી આપી છે,'' એમ મંત્રાલયે જણાવ્યું હતું.

એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (એડીએ) ઉદ્યોગ ભાગીદારી દ્વારા આ કાર્યક્રમને અમલમાં મૂકવા માટે તૈયાર છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ''એક્ઝિક્યુશન મોડેલ'' અભિગમ ખાનગી અને જાહેર બંને ક્ષેત્રોને સ્પર્ધાત્મક ધોરણે સમાન તકો પૂરી પાડે છે. તેઓ સ્વતંત્ર રીતે અથવા સંયુક્ત સાહસ તરીકે અથવા કન્સોર્ટિયા તરીકે બોલી લગાવી શકે છે. એન્ટિટી/બિડર એક ભારતીય કંપની હોવી જોઈએ જે દેશના કાયદા અને નિયમોનું પાલન કરે છે.

તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ''એએમસીએ પ્રોટોટાઇપ વિકસાવવા માટે સ્વદેશી કુશળતા અને ક્ષમતાનો ઉપયોગ કરવાની દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જે એરોસ્પેસ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા (સ્વનિર્ભરતા) તરફ એક મુખ્ય સીમાચિહ્નરૂપ હશે.''

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ ગયા વર્ષે ફાઇટર જેટ કાર્યક્રમને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

પ્રોજેક્ટનો પ્રારંભિક વિકાસ ખર્ચ આશરે રૂ.૧૫૦૦૦ કરોડ હોવાનો અંદાજ છે.

ભારતીય વાયુસેના તેની લાંબા ગાળાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને એએમસીએ પ્રોજેક્ટ માટે દબાણ કરી રહ્યું છે.

લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ (એલસીએ) તેજસના વિકાસ પછી એએમસીએના વિકાસ માટે ભારતના વિશ્વાસમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. ■




**મંજૂરીઃ** સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે મંગળવારે ઍડવાન્સ મીડિયમ કોમ્બેટ ઍરક્રાફ્ટ (એએમસીએ) પ્રોગ્રામ માટે એક્ઝિક્યુશન મૉડેલને મંજૂરી આપી હતી. ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી સાથે ભાગીદારીમાં ઍરોનોટિકલ ડેવલપમેન્ટ ઑથોરિટી (એડીએ) આ પ્રોજેક્ટની આગેવાની લેશે. (એજન્સી)

# વક્ફ઼ઍક્ટ ૧૯૯૫ની જોગવાઈની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને મામલે સુપ્રીમની કેન્દ્ર સરકારને નોટિસ

નવી દિલ્હીઃ વક્ફ઼ ઍક્ટ ૧૯૯૫ની અમુક જોગવાઈઓની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને મામલે સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી પ્રતિક્રિયા માગી હતી. મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યૉર્જ માસિહની બનેલી ખંડપીઠે કેન્દ્ર સરકાર તેમ જ અન્યોને નોટિસ પાઠવી અરજીને મામલે તેમની પ્રતિક્રિયા માગી હતી અને આ મામલે અનિર્ણિત પડી રહેલી અન્ય અરજીઓ સાથે તેને જોડી દીધી હતી.

અરજકર્તા નિખિલ ઉપાધ્યાય વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા ઍડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે ખંડપીઠને જણાવ્યું હતું કે આ અરજીઓમાં વક્ફ઼ ઍક્ટ ૧૯૯૫ની અમુક જોગવાઈઓની બંધારણીય યોગ્યને પડકારવામાં આવી છે.

વક્ફ઼ સુધારા કાયદા ૨૦૨૫ની યોગ્યતાને પડકારતી અરજી સંબંધિત સુપ્રીમ કોર્ટે ૧૭ એપ્રિલે આપેલા આદેશને ટાંક્યો હતો ઉપાધ્યાયના જણાવ્યાનુસાર આદેશમાં કોર્ટે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૫ના કાયદા અને વર્ષ ૨૦૧૩માં તેમાં કરવામાં આવેલા સુધારાને પડકારતી અરજીની સુનાવણી અલગથી કરવામાં આવશે.

વર્ષ ૧૯૯૫ના કાયદાને પડકારતી અરજીની સુનાવણીની પરવાનગી વર્ષ ૨૦૨૫માં શા માટે આપવી જોઈએ? એવો પ્રશ્ન કરી મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે વિલંબનું કારણ આગળ ધરીને શા માટે આ અરજીને રદ ન કરવી જોઈએ?

સુપ્રીમ કોર્ટે પ્લેસિસ ઑફ વર્શિપ (સ્પેશિયલ પ્રોવિઝન) ઍક્ટ ૧૯૯૧ અને નેશનલ કમિશન ફૉર માઈનોરિટી ઍક્ટ ૧૯૯૨ને પડકારતી વર્ષ ૨૦૨૦ની અરજીની સુનાવણી કરી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

કોર્ટે અરજીની સુનાવણી કરવા સહમતી દર્શાવી હતી અને અન્ય અનિર્ણિત પડી રહેલી અરજીઓ સાથે તેને જોડી દીધી હતી.

વક્ફ઼ ઍક્ટ ૧૯૯૫ની અમુક જોગવાઈઓની યોગ્યતાને પડકારતી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે સંસદ વક્ફ અને વક્ફ઼ની મિલકત, બિનમુસ્લિમોને તેમની મિલકતથી વંચિત કરતો તેમ જ વક્ફ઼ની મિલકતની અયોગ્ય રીતે તરફદારી કરતી વિશેષ જોગવાઈની તરફેણમાં કાયદો ન ઘડી શકે.

વક્ફ઼ સુધારા કાયદા ૨૦૨૫ સંબંધિત બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે બાવીસમી મેએ ત્રણ ચાવીરૂપ મુદ્દા અંગે વચગાળાનો આદેશ આપવાનું મોકૂફ રાખ્યું હતું જેમાં વક્ફ઼ જાહેર કરવામાં આવેલી મિલકતને ડિનોટિફાય કરવા સહિત વક્ફ઼ બાય યુઝર કે વક્ફ઼ બાય ડીડ સંબંધિત સત્તા, બૉર્ડનું સંચાલન માત્ર મુસ્લિમ સભ્યો જ કરી શકે અને પ્રોપર્ટી સરકારી જમીન છે કે નહીં તેની ખાતરી કરવા કલેક્ટર તપાસ હાથ ધરે ત્યારે વક્ફ઼ની પ્રોપર્ટીને વકફની ગણવામાં નહીં આવે જેવા મુદ્દાનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

# ઑસ્ટ્રેલિયાનાં સૌથી યુવા મહિલા સૅનેટર શાર્લોટે વૉકર

મૅલબર્નઃ મે મહિનામાં યોજાયેલી ચૂંટણીનાં દિવસે જ ૨૧ વર્ષ પૂરાં કરનાર મહિલા ઉમેદવાર શાર્લોટે વૉકરને ઑસ્ટ્રેલિયાનાં સૌથી યુવા સૅનેટર જાહેર કરવામાં આવ્યાં હતાં. ઑસ્ટ્રેલિયામાં યોજાયેલી ચૂંટણીમાં ઝુકાવનાર શાર્લોટે વૉકર વિજયી નીવડશે એવી કોઈ આશા નહોતી. જોકે ભૂતપૂર્વ કેન્દ્રીય અધિકારી શાર્લોટે વૉકરે ગૂંચવણીભરી રેન્ક ઑર્ડર વૉટિંગ સિસ્ટમની સાઉથ ઑસ્ટ્રેલિયા સ્ટેટની ગવર્નિંગ સેન્ટર-લેફ્ટ લેબર પાર્ટીની થર્ડ સૅનેટ સિટ પર વિજય મેળવ્યો હતો. સ્ટેટ માટે નવા ચૂંટાઈ આવેલા છ સૅનેટરમાં શાર્લોટે વૉકરનું વૉટ કાઉન્ટ સૌથી ઓછું રહ્યું હતું.

શાર્લોટે વૉકર છ વર્ષની તેની પહેલી મુદતની પહેલી જુલાઈથી શરૂઆત કરશે. (એજન્સી) ■

# અમૃતસરમાં ધડાકો થતાં ખાલિસ્તાની ત્રાસવાદી ઠાર

ચંડીગઢ : એક ખાલિસ્તાની શકમંદ આતંકવાદી પંજાબના અમૃતસરના મજિઠા રોડની ખાલી જગ્યામાં વિસ્ફોટક સામગ્રી લેવા ગયો ત્યારે ધડાકો થતાં તેનું મરણ થયું હતું એવી માહિતી પોલીસે આપી હતી. સવારના સાડાનવ વાગ્યે થયેલા આ સ્ફોટની તીવ્રતા એટલી બધી હતી કે આતંકવાદીના બન્ને હાથ અલગ પડીને દૂર પડ્યા હતા.

ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (બોર્ડર રેન્જ) સતિન્દર સિંહે કહ્યું હતું કે આ ઈસમને બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ જેવા આંતકવાદી સંગઠન સાથે સંબંધ હોવાનું મનાય છે.

આતંકવાદી વિસ્ફોટક પદાર્થ લેવા આવ્યો હતો અને એ દરમિયાન સ્ફોટ થયો હતો. જ્યારે ધડાકો થયો ત્યારે વિસ્ફોટક પદાર્થ તેના હાથમાં હતા. અમે તેની ઓળખ અને તેના સંગઠનને શોધી રહ્યા છીએ.

એક સવાલના જવાબમાં ડીઆઈજીએ કહ્યું હતું કે માણસની ઓળખ હજી થઈ નથી. સાંયોગિક પુરાવા પ્રમાણે આ કોઈ આતંકવાદી સંસ્થાનો સભ્ય હતો.

પોલીસને તેના ખિસ્સામાંથી મહત્ત્વની કડી મળી છે જે બતાડે છે કે તે આતંકવાદી સંગઠન સાથે જોડાયેલો હતો. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમ એ શોધી રહી હતી કે જે ધડાકો થયો એ હાથબોમ્બ કે ઈમ્પ્રુવાઈઝ્ડ એકસપ્લોઝીવ ડીવાઈસ (આઈઈજી)નો હતો.

ધડાકાને લીધે વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. પોલીસે વિસ્તારને ઘેરી લીધો હતો. ડીઆઈજીએ લોકોને ગભરાઈ ન જવાની અપીલ કરી હતી. તેમણે દિલાસો આપ્યો હતો કે અમે ટૂંક સમયમાં જ આ કેસ ઉકેલીશું. (એજન્સી) ■

# કેરળમાં ભારે વરસાદથી સામાન્ય જનજીવન ખોરવાયું

તિરુવનંતપુરમઃ કેરળમાં મંગળવારે સતત ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ખોરવાયું હતું. ટ્રેનો મોડી ચાલી હતી, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં અને શહેરો અને ગામડાઓમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ હતી. રેલવે ટ્રેક પર ઊખડી ગયેલાં વૃક્ષો પડવાથી ગઇકાલ રાતથી ઉત્તરીય જિલ્લાઓમાં ભારે ચિંતા પ્રસરી છે. અધિકારીઓએ જણાવ્યું કે કોઝિકોડ-અરીકોડ માર્ગ પર એક વિશાળ વૃક્ષ ધરાશાયી થતાં વીજ તાર પાટા પર પડી ગયો હતો. નદીઓમાં જળસ્તર સતત વધી રહ્યું છે. ઉત્તરીય વાયનાડ જિલ્લામાં નીચાણવાળા વિસ્તારોમાં આવેલા મોટી સંખ્યામાં ઘરો પાણીમાં ડૂબી ગયાં છે. જ્યાં છેલ્લા ઘણા દિવસોથી ભારે વરસાદ પડી રહ્યો છે. ઘણા જળમગ્ન વિસ્તારોમાં લોકો સુરક્ષિત સ્થળોએ પહોંચવા માટે ફાઇબર બોટનો ઉપયોગ કરતાં જોવા મળ્યા હતા. ■

# જયપુરમાં સેપ્ટિક ટાંકીના ઝેરી ગૅસથી ચાર કામદારનાં મોત, બેની હાલત ગંભીર

જયપુરઃ પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, સીતાપુરા ઔદ્યોગિક વિસ્તારમાં સોના અને ચાંદીના કણો મેળવવા માટે સેપ્ટિક ટાંકીમાં પ્રવેશ કરવા માટે ફરજ પાડવામાં આવેલા ચાર માણસોના ઝેરી ગેસથી મૃત્યુ થયાં હતાં.

જ્વેલરી ઝોનના જી-બ્લોકમાં આવેલી એક જ્વેલરી ફેક્ટરીમાં સોમવારે મોડી રાત્રે આ દુર્ઘટના બની હતી.

કામદારો ૧૦ ફૂટ ઊંડી ટાંકીમાં નીચે ઊતર્યા પછી બેભાન થઈ ગયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ સંજીવ પાલ, હિમાંશુ સિંહ, રોહિત પાલ અને અર્પિત યાદવ તરીકે થઈ છે.

એમની સાથેનાં અજય ચૌહાણ અને રાજપાલને ગંભીર હાલતમાં મહાત્મા ગાંધી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યારે અન્ય બે, અમિત પાલ અને સૂરજ પાલને પ્રાથમિક તબીબી સારવાર પછી રજા આપવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં સૂચવવામાં આવ્યું છે કે તીવ્ર ગરમી અને ઝેરી વાયુની હાજરીને કારણે કામદારોએ શરૂઆતમાં ટાંકીમાં પ્રવેશવાનો ઇનકાર કર્યો હતો. જોકે, કંપની મેનેજમેન્ટે તેમને વધારાના પૈસા આપવાનું વચન આપીને સમજાવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, અમિત અને રોહિત ટાંકીમાં ઊતરનારા પહેલા હતા. ટૂંક સમયમાં, તેઓ હાંફવા લાગ્યા હતા અને અન્યોને મદદ માટે બોલાવવા લાગ્યા હતા. બાકીના છ લોકો પહેલા બેને બહાર કાઢવા માટે એક પછી એક ટાંકીમાં નીચે ઊતર્યા, પરંતુ તેઓ બેભાન પણ થઈ ગયા. પોલીસના એક સૂત્રએ જણાવ્યું હતું કે સેપ્ટિક ટાંકીમાં રાસાયણિક કાદવ હતો, જે સોના અને ચાંદીના કણો, ઝવેરાત ઉત્પાદન અને સફાઈ પ્રક્રિયાઓના અવશેષો વહન કરતો હોવાનું માનવામાં આવે છે.

કિંમતી ધાતુઓ કાઢવા માટે કાદવને સમયાંતરે સાફ કરવામાં આવે છે, જે ઝવેરાત એકમોમાં અસામાન્ય નથી. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| BIDE | પહોળું |
| GUIDE | ચામડું |
| HIDE | માર્ગદર્શન |
| TIDE | ટકી રહેવું |
| WIDE | ભરતી |

### ઓળખાણ પડી?

કારકિર્દીની પ્રથમ ટેસ્ટમાં સેન્ચુરી ફટકારનાર ભારતીય ટેસ્ટ ક્રિકેટરની ઓળખાણ પડી? જોકે, તેમની પસંદગી માત્ર ૧૦ ટેસ્ટમાં જ થઈ હતી.

અ) હનુમંત સિંહ
બ) દિપક શોધન
ક) અબ્બાસ અલી બેગ
ડ) પોલી ઉમરીગર



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખા | ૨ સિ | ય | ૩ ત | | ૪ સ | મા | ૫ પ | ન | |
| ૬ ના | લ | | ૭ મા | ૮ ન | વી | | રા | | ૯ સં |
| ૧૦ બ | ક | રો | | ૧૧ જા | તા | | ગ | | બં |
| દો | | | ૧૨ ભા | રો | | ૧૩ બા | | ૧૪ આ | ધિ |
| ૧૫ શ | ૧૬ રા | ૧૭ ર | ત | | ૧૮ રા | ત | વ | ર | ત |
| | ૧૯ હ | બ | | ૨૦ તે | | લ | | ક્ષ | |
| ૨૧ સૂ | ત | ર | | ૨૨ જો | ૨૩ મ | | ૨૪ ફ | ણ | ૨૫ સ |
| ત્ર | | | ૨૬ આ | વ | ળ | | ળ | | મ |
| ૨૭ ઘા | ૨૮ રા | | | ૨૯ લ | વા | ૩૦ દી | | ૩૧ બા | થ |
| ૩૨ ર | હ | સ્ય | મ | ય | | ૩૩ સે | વા | દ | ળ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| ૯ | | | ૧૦ | | | | ૧૧ | ૧૨ | |
| | | ૧૩ | | ૧૪ | | | | ૧૫ | |
| ૧૬ | | | | ૧૭ | | | ૧૮ | | |
| | | ૧૯ | ૨૦ | | | ૨૧ | | | ૨૨ |
| | ૨૩ | | | ૨૪ | | | ૨૫ | ૨૬ | |
| ૨૭ | | ૨૮ | | | | ૨૯ | | ૩૦ | |
| ૩૧ | ૩૨ | | | ૩૩ | | | ૩૪ | | |
| ૩૫ | | | ૩૬ | | | ૩૭ | | | |

**આડી ચાવી**

૧. સાવધાની, ચેતવણી (૪)
૪. ચેત મછંદર --- (૩,૨)
૭. પ્યાસ (૩)
૮. --- વિકળ આંખ કાન વરસાદ ભીજવે (૩)
૯. --- મારે માવજીભાઇ (૨)
૧૦. પૃથ્વીનો ગોળો (૩)
૧૧. અડ્ડા, ધામા (૩)
૧૪. છાબડા ઘાટનું લોઢાનું પાત્ર (૩)
૧૫. કૃત્રિમ ઝેર (૨)
૧૬. ભક્તિભાવથી જોવાની ક્રિયા (૩)
૧૭. અભિપ્રાય (૨)
૧૮. આંકો, કાપો (૨)
૧૯. વીતી ગયેલું (૨)
૨૧. --- જવી એટલે મરતાં બચવું (૨)
૨૩. નગરનું એક્ષ્ટેન્શન (૫)
૨૫. અવાવરુ (૩)
૨૮. ભારતની જાણીતી જેલ (૩)
૩૦. દીવાની વાટ (૨)
૩૧. --- ઢોરની જેમ ના રખડો (૩)
૩૩. એક મીઠાઇ (૪)
૩૫. સોગંદ (૨)
૩૬. અપશબ્દો (૨)
૩૭. નવરાત્રિમાં ગરબાની --- જામે (૪)

**ઊભી ચાવી**

૧. ---ગોરખ આયા (૨,૪)
૨. પાણીમાં ઉપર રહેતું કે ખસતું (૩)
૩. વસ્તુ, ચીજ (૨)
૪. ધીમે ચાલતું જીવડું (૫)
૫. 'રળવું'નું આજ્ઞાર્થ (૨)
૬. યાદ રહી જાય એવું (૪)
૮. અગાઉથી લીધેલા (૪)
૧૨. ભાટચારણોની અપભ્રંશ ભાષા (૩)
૧૩. છાની વાતો (૬)
૧૮. સપાટી (૩)
૨૦. એકલું (૩) (ઉ.)
૨૨. વાદળો --- કરે (૫)
૨૪. પીળાં ફૂલોનું વૃક્ષ (૪)
૨૬. કાબૂમાં, તાબામાં (૨)
૨૭. જોખમ ભરેલું કામ (૩)
૨૯. એક સુગંધી પદાર્થ (૩)
૩૨. --- બોલવા એટલે મૃત્યુ થવું (૨)
૩૪. --- ચપકો, ડાઘ, લાંછન (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ઝાડ ઊભાં છે સાવ અવાચક' પંક્તિમાં અવાચક શબ્દનો અર્થ જણાવો.

અ) અડીખમ બ) લીલાછમ ક) મૂંગા ડ) અવાવરૂ

### માતૃભાષાની મહેક

પૈ પૈનું લેખું ગણે, ખરચે અવર અપાર, ખોસે ડૂચા ખાળમાં, ઘર ઉઘાડાં દ્વાર. કેટલાક લોકોનો સ્વભાવ એવો હોય છે જરૂર ન હોય ત્યાં પાઈ પાઈનો હિસાબ રાખે અને જ્યાં તકેદારી રાખવી જરૂરી હોય ત્યાં બેહિસાબ, લખલૂટ પૈસા બેધ્યાન બની ખર્ચી નાખે.

### સુડોકુ-૮૦૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૨ | | ૬ | ૫ | | | |
| | ૪ | | | ૭ | | | | ૫ |
| | | | | ૧ | | ૮ | ૨ | |
| | | ૧ | ૨ | ૪ | | ૩ | | ૯ |
| | ૭ | | | | | | ૧ | |
| ૨ | | ૪ | | ૩ | ૯ | ૬ | | |
| | ૬ | ૭ | | ૯ | | | | |
| ૮ | | | | ૫ | | | ૩ | |
| | | | ૭ | ૨ | | ૯ | ૪ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૨ | ૭ | ૧ | ૬ | ૯ | ૩ | ૫ |
| ૯ | ૬ | ૩ | ૪ | ૫ | ૮ | ૨ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૧ | ૨ | ૩ | ૯ | ૮ | ૪ | ૬ |
| ૮ | ૨ | ૬ | ૫ | ૪ | ૩ | ૭ | ૧ | ૯ |
| ૩ | ૭ | ૪ | ૯ | ૨ | ૧ | ૫ | ૬ | ૮ |
| ૧ | ૯ | ૫ | ૬ | ૮ | ૭ | ૪ | ૨ | ૩ |
| ૬ | ૪ | ૯ | ૧ | ૭ | ૫ | ૩ | ૮ | ૨ |
| ૫ | ૩ | ૭ | ૮ | ૬ | ૨ | ૧ | ૯ | ૪ |
| ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ | ૭ |

### ગુજરાત મોરી મોરી રે

'સંપત્તિ દેખી સંતનું મન પણ ફરી જાય' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ચળે દેખી મુનિવર પણ નાણું

### ઈર્શાદ

*બે આંખોથી મેં જોયું એ હજાર આંખે દેખે નહીં,*
*તમને શું લાગે છે જગમાં ઈશ્વર જેવું છે કે નહીં?*

– મુકેશ જોષી

### માઈન્ડ ગેમ

ભારતના વિવિધ શહેરો આગવી ઓળખ ધરાવે છે. કયું શહેર 'સિટી ઓફ પેલેસ'- મહેલોના શહેર તરીકે જાણીતું છે એ જણાવો.

અ) જયપુર બ) કોલકાતા
ક) મૈસુર ડ) વિશાખાપટ્ટનમ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| KENNEL | શ્વાનઘર |
| TUNNEL | બોગદું |
| FUNNEL | ગળણી |
| CHANNEL | માર્ગ |
| PANEL | તકતી |

ઓળખાણ પડી?
બાપુ નાડકર્ણી

માઈન્ડ ગેમ
ડેન્યુબ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
હેતુ

ગુજરાત મોરી મોરી રે
મોઢે લગાડ્યાં તો માથે ચડ્યાં

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) હર્ષા મહેતા (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) લજિતા ખોના (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ દોશી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) ભાવના કર્વે (૧૮) નુતન વિપીન શાહ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) જયવંત પદમશી ચિખલ (૨૨) અલકા વાણી (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) પ્રવીણ વોરા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) સુભાષ મોમાયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) પુષ્પા ખોના (૩૪) નીતા દેસાઈ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) અરવિંદ કામદાર (૩૯) મહેશ એન. સંઘવી (૪૦) જ્યોત્સના દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) અબરીશ ઓઝા (૪૯) દિપીકા દોશી

# નિફ્ટીએ ફરી ૨૫,૦૦૦ની સપાટી ગુમાવી, સેન્સેક્સ ૬૨૫ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: બેન્કિંગ અને આઇટી શેરની પીછેહઠ સાથે બે દિવસની તેજીને બ્રેક લાગી હતી અને સેન્સેક્સ ૬૨૫ પોઇન્ટ ગબડ્યો હતો, જ્યારે નિફ્ટીએ ફરી ૨૫,૦૦૦ની સપાટી ગુમાવી હતી. જોકે, સ્મોલ અને મિડકેપ શેરોમાં ચમકારો જોવા મલ્યો હતો. સેન્સેક્સ અસ્થિર સત્રમાં ૬૨૪.૮૨ પોઇન્ટ અથવા ૦.૭૬ ટકા ઘટીને ૮૧,૫૫૧.૬૩ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેરોમીટર ૧,૦૫૪.૭૫ પોઇન્ટ અથવા ૧.૨૮ ટકા ઘટીને ૮૧,૧૨૧.૭૦ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઈનો નિફટી ૧૭૪.૯૫ પોઇન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૨૪,૮૨૬.૨૦ના સ્તર પર બંધ થયો હતો.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે બુધવારે એપ્રિલ માટે ઔદ્યોગિક અને ઉત્પાદન ઉત્પાદન ડેટા અને આ અઠવાડિયાના અંતમાં જાહેર થનારા પ્રથમ ક્વાર્ટરના જીડીપી આંકડા જાહેર થતાં અગાઉ રોકાણકારોમાં સાવચેતનું માનસ જોવા મળ્યું હતું અને પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે સ્થાનિક બજારમાં ભારે અફડાતફડી જોવા મળી હતી. બેન્ચમાર્ક હજાર પોઇન્ટ નીચે અને નીચી સપાટી સામે હજાર પોઇન્ટ ઊંચે ફંગોળાયો હતો. આખરે બે દિવસની તેજીને બ્રેક લાગી ગઈ, કારણ કે રોકાણકારોએ એશિયન બજારોમાં મૂલ્યાંકનની ચિંતાઓ અને નબળાઈને કારણે નફો ગાંઠે બાંધવાનો વિકલ્પ પસંદ કર્યો હતો.

લાર્જ કેપ શેરોની સરખામણીએ મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટ્સ પ્રમાણમાં સ્થિતિસ્થાપક રહ્યા હતા.આ શેરોને તેમની કંપનીઓના એકંદર નાણાકીય પરિણામ અંદાજ કરતા સારા આવવા સાથે તેમના મૂલ્યાંકન પણ હળવા થયા હોવાથી આ સેગમેન્ટના શેરોમાં લેવાલી જોવા મળી હતી.

સેન્સેક્સ કંપનીઓમાંથી, અલ્ટ્રાટેક સિમેન્ટ સૌથી વધુ ૨.૨૧ ટકા ઘટ્યો, ત્યારબાદ આઇટીસીનો ક્રમ રહ્યો હતો, જે ૨.૦૧ ટકા ઘટ્યો હતો. ટાટા મોટર્સ, એનટીપીસી, એક્સિસ બેંક, એચસીએલ ટેક, મહિન્દ્રા અને મહિન્દ્રા, એચડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક અને એટર્નલ અન્ય ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે ઇન્ડસઇન્ડ બેંક, સન ફાર્મા, અદાણી પોર્ટ્સ, નેસ્લે અને એશિયન પેઇન્ટ્સ વધ્યા હતા.

બીએસએનએલે ચોથા ક્વાર્ટરમાં રૂ. ૨૮૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જાહેર ક્ષેત્રની આ કંપનીએ વર્ષ અગાઉના સમાન ગાળામાં રૂ. ૮૪૯ કરોડની ખોટ નોંધાવી હતી. બોરાના વીવ્સના શેર ૧૨.૫૦ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. પ્રમોટર અને તેના કુટુંબીઓ ઇન્ડિગો એરલાઇનમાંથી ૩.૪ ટકા હિસ્સો વેચી રહ્યા હોવાના અહેવાલની ચર્ચા વચ્ચે ઇન્ટરગ્લોબ એવિયેશનના શેરમાં ૩.૫૦ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

આરસીએફનો નફો ચોથા ક્વાર્ટરમાં ૨૪ ટકાના ઘટાડા સાથે રૂ. ૭૨.૪૬ કરોડ નોંધાયો છે. ટાટા ટેલિકોમ સાથે ૨૫ વર્ષનો




સંબંધ ધરાવતી યુકેની ધી યુનિવર્સિટી ઓફ વોરવિકે ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભારત અને ભારતીય ઉદ્યોગ સાથેના સંબંધોને ગાઢ બનવવા ભારતમાં પ્રતિનિધિમંડળ મોકલ્યું છે. વોરવિક ૧૪૫ દેશમાં ૨૮૦૦૦ સ્ટુડન્ટ ધરાવે છે. ટેરા મોટર્સે ઇ વ્હીકલની રેન્જ વિસ્તારતા ઇલેક્ટ્રિક થ્રી વ્હીલર્સ લોન્ચ કર્યું છે.

જિઓ ફાઇનાન્શિયલને મ્યુચ્યુઅલ ફંડની કામગીરી શરૂ કરવા સેબીની મંજૂરી મળી છે. કોરોનાના ફરી વધી રહેલા કેસને કારણે સેન્ટિમેન્ટમાં સાવચેતી છે, ત્યારે નિષ્ણાતોએ એએમએલના વધતા કેસ જોતાં રિફોર્મ એકસેસની હાકલ કરી છે. એપોલો અને લીલાવતી હોસ્પિટલના ડોકટરોએ એક્યુટ મેલોઇડ લ્યુકેમિયા (એએમએલ, બ્લડ કેન્સર)ની એબવી ઇન્ડિયા દ્વારા યોજિત જાગરુકતા પરિચર્ચામાં ચિંતા વ્યકત કરતા જણાવ્યું હતું કે એએમએલને નેશનલ હેલ્થ પ્રાયોરિટીમાં સ્થાન અપાવું જોઇએ. ખાતર ઉદ્યોગે વધુ પડતી આયાતની તરફેણ કરતો જૂનો કાયદો બદલવા અપીલ કરી છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઊંચી સપાટીએ બંધ રહ્યો હતો. યુરોપના બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે મેમોરિયલ ડે માટે યુએસ બજારો બંધ રહ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૧૩૫.૯૮ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા. ગ્લોબલ તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૧ ટકા વધીને ૬૫.૦૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સોમવારે સેન્સેક્સ ૪૫૫.૩૭ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા વધીને ૮૨,૧૭૬.૪૫ પર બંધ થયો. નિફ્ટી ૧૪૮ પોઈન્ટ અથવા ૦.૬૦ ટકા વધીને ૨૫,૦૦૧.૧૫ પર બંધ થયો હતો.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સકારાત્મક બાબતોમાં ચોમાસાનું વહેલું આગમન અને રિઝર્વ બેંક દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ ડિવિડન્ડની જાહેરાતથી બજારોમાં આશાવાદી વલણમાં વધારો થયો છે. પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ વધી રહી છે. ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે. રિઝર્વ બેંકે શુક્રવારે નાણાકીય વર્ષ ૨૫ માટે સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ ડિવિડન્ડની જાહેરાત કરી હતી, જે ૨૦૨૩-૨૪ કરતા ૨૭.૪ ટકા વધુ છે, જેનાથી સરકારી તિજોરીને યુએસ ટેરિફ અને પાકિસ્તાન સાથેના સંઘર્ષને કારણે સંરક્ષણ પર વધતા ખર્ચને કારણે ઊભા થયેલા પડકારોનો સામનો કરવામાં મદદ મળી છે.

આગળ જોતાં, રોકાણકારો આગામી ભારતીય જીડીપીના આંકડાઓ, યુએસ બિગ બજેટ, ફુગાવાના ડેટા અને સાપ્તાહિક રોજગારીના દાવાઓ પર નજીકથી નજર રાખશે, જેથી સ્થાનિક અને વૈશ્વિક સ્તરે આર્થિક સુધારાની મજબૂતાઈ અને માર્ગનું મૂલ્યાંકન કરી શકાય. રિઝર્વ બેન્ક તરફથી વિક્રમી ડિવિડન્ડની ચૂકવણીને કારણે સરકારને રાજકોષીય ટેકો મળશે એવી ધારણાં વચ્ચે ભારતીય બોન્ડ યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો છે. રોકાણકારોનું ધ્યાન અમેરિકા અને ભારતની વેપાર વાટાઘાટો અને મજબૂત સ્થાનિક મેક્રોઇકોનોમિક સંકેતો પર વધુ કેન્દ્રિત છે. જો કે, વધતા યુએસ દેવાની ચિંતાઓ વચ્ચે વધી રહેલા યુએસ બોન્ડ યીલ્ડને કારણે તાજેતરના નોંધાયેલો એફઆઇઆઇનો આઉટફ્લો બજારના સેન્ટિમેન્ટ પર દબાણ લાવી શકે છે. ■

# વૈશ્વિક સોનાએ ૩૩૦૦ ડૉલરની સપાટી ગુમાવી

## સ્થાનિકમાં ચાંદી ₹ ૮૭૨ તૂટીને ₹ ૯૭,૦૦૦ની અંદર, સોનું ₹ ૬૬૧ ગબડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાએ ૧.૪ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટી ગુમાવી હતી અને ચાંદીમાં પણ ૦.૯ ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો હતા. તેમ છતાં અમેરિકાની રાજકોષીય ચિંતા સપાટી પર હોવાથી ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદીએ કિલોદીઠ રૂ. ૮૭૨ના ઘટાડા સાથે રૂ. ૯૭,૦૦૦ની સપાટી ગુમાવી હતી. તેમ જ સોનાના ભાવ પણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૮થી ૬૬૧ ગબડી ગયા હતા, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૯૫,૦૦૦ની અંદર ઊતરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ છતાં ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૮૭૨ તૂટીને રૂ. ૯૬,૫૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૮ ઘટીને રૂ. ૯૪,૭૭૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૬૧ ઘટીને રૂ. ૯૫,૧૫૨ના મથાળે રહ્યા હતા.



પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૯૭.૪૯ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા ઘટીને ૩૨૯૬.૫૦ ડૉલર આસપાસ તથા ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે હાલના તબક્કે સોનાના ભાવમાં કોન્સોલિડેશન જોવા મળી રહ્યું છે અને રોકાણકારો નવાં ટ્રીગરની રાહ જોઈ રહ્યા હોવાનું ઓએએનડીએના એશિયા પેસિફિક વિભાગનાં વિશ્લેષક કેલ્વિન વૉંગે જણાવતાં ઉમેર્યું હતું કે રોકાણકારોમાં અમેરિકાની અંદાજપત્રીય ખાધ વધવાની ચિંતા અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ સોનાના સુધારાને ટેકો આપી રહ્યું છે અથવા તો ભાવઘટાડો પણ મર્યાદિત રાખે છે. નોંધનીય બાબત એ છે કે આજે ડૉલર ઈન્ડેક્સ એક મહિનાની નીચી સપાટીએથી પાછો ફર્યો હોવાને કારણે સોનાના ભાવ સાધારણ દબાણ હેઠળ આવ્યા હતા.


દરમિયાન અમેરિકી કૉંગ્રેસનલ બજેટ ઑફિસ અનુસાર ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના પસાર થયેલા ટૅક્સ-કટ બિલને કારણે એક દાયકામાં અમેરિકાના અંદાજપત્રીય ૩૬.૨ ટ્રિલિયન ડૉલરના સરકારી દેવામાં ૩.૮ ટ્રિલિયન ડૉલરનો વધારો થશે.

વધુમાં હાલના તબક્કે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતના નિર્ણય પર પડે તેવાં આ સપ્તાહ દરમિયાન અમેરિકી ફેડરલ રિઝર્વનાં નીતિઘડવૈયાઓનાં વક્તવ્યો પર અને શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર પ્રાઈસ ઈન્ડેક્સ પર રહેશે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી ધારણા ફેડ ફંડ ફ્યુચર્સ પર ટ્રેડરો મૂકી રહ્યા છે. ■

# ડૉલરમાં મજબૂતાઈ અને ઈક્વિટી માર્કેટમાં નરમાઈ રહેતાં રૂપિયો ૨૭ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી ધીમી પડતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૭ પૈસા તૂટીને ૮૫.૩૭ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોનાં જણાવ્યાનુસાર રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા એપ્રિલ મહિનાના ઔદ્યોગિક અને ઉત્પાદનના ડેટા તેમ જ આ સપ્તાહે જાહેર થનારા અમેરિકાનાં પહેલા ત્રિમાસિકગાળાનાં જીડીપીના ડેટા પર હોવાથી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૧૦ના બંધ સામે નરમાઈનાં વલણ સાથે ૮૫.૧૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૪૫ અને ઉપરમાં ૮૫.૧૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૭ પૈસાના ઘટાડા સાથે ૮૫.૩૭ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે



ગઈકાલે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૫૦ પૈસા મજબૂત થયા બાદ અંતે ૩૫ પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, મંદ પડેલો વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો આંતરપ્રવાહ તેમ જ માસાન્તને કારણે તેલ આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, એકંદરે જોઈએ તો હાલ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને વૈશ્વિક સ્તરે જોખમો હળવા થતાં રૂપિયાને ટેકો મળશે અને આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયાની રેન્જ ૮૫થી ૮૫.૭૦ આસપાસની જોવા મળી શકે છે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૫ ટકા વધીને ૯૯.૩૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૩૧ ટકા વધીને બૅરલદીઠ ૬૪.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૨૪.૮૨ પૉઈન્ટ અને ૧૭૪.૯૫ પૉઈન્ટ ઘટી આવ્યા હતા, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૩૫.૯૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ હતા. ■

# ગૂડ્સ અને સર્વિસિસની નિકાસ એક ટ્રિલિયન સુધી પહોંચવાની શક્યતા

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશની કુલ ગૂડ્સ અને સર્વિસીસની નિકાસ એક ટ્રિલિયનની સપાટીએ પહોંચે તેવી શક્યતા નિકાસકારોના સંગઠન ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)એ વ્યક્ત કરી છે. નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં નિકાસ ૮૨૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નાણાકીય વર્ષમાં દેશની મર્કન્ડાઈઝ નિકાસ જે ગત સાલ ૪૩૭ અબજ ડૉલરના સ્તરે હતી તે વધીને ૫૨૫થી ૫૩૫ અબજ ડૉલરના સ્તરે અને સર્વિસિસ નિકાસ જે ગત નાણાકીય વર્ષમાં ૩૮૭ અબજ ડૉલર હતી તે વધીને ૪૬૫થી ૪૭૫ અબજ ડૉલરના સ્તરે રહે તેવી શક્યતા છે.

એકંદરે વર્તમાન નાણાકીય વર્ષમાં જે ક્ષેત્રો નિકાસ વધારવામાં મદદરૂપ થશે તેમાં મુખ્યત્વે ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી, કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોલિયમ, એપરલ અને મેડઅપ્સ, જેમ અને જ્વેલરી અને કૃષિનો સમાવેશ છે. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવારોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં થયાનાં અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે થયા હતા. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.


બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૬થી ૩૯૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૦૨થી ૪૦૮૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ વિવિધ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ.



સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે નિકલ, લીડ ઈન્ગોટ્સ, કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો. તેમ જ અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ટનદીઠ ૯૫૬૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહેતાં સ્થાનિકમાં ખાસ કરીને ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૨૮૪૯ અને રૂ. ૫૮૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૧૭, રૂ. ૭૫૨ અને રૂ. ૨૪૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલ, લીડ ઈન્ગોટ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૩૪૮, રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૮૨ અને રૂ. બે ઘટીને રૂ. ૫૪૮ના મથાળે નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૪૧ અને રૂ. ૮૮૯ના મથાળે રહ્યા હતા. આ સિવાય છૂટીછવાઈ માગને ટેકે કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૩૦, રૂ. ૨૦૦ અને રૂ. ૨૬૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં નરમાઈનો ટોન

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૫ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે એકંદરે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલોમાં આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦નો અને સોયા તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ મિશ્ર વલણ રહેતાં સિંગતેલમાં રૂ. ૧૦નો ઘટાડો અને સરસવમાં રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો અને કપાસિયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ મે દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ગત એપ્રિલ મહિનાના સમાનગાળાના ૯,૫૦,૯૫૭ ટન સામે ૧૧.૬૩ ટકા વધીને ૧૦,૬૧,૫૮૯ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ અને ઈમામી તથા ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૦૦ અને રૂ. ૧૧૯૦થી ૧૨૦૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૯૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦માં અને રાજકોટની મંડીમાં આજે ૧૬,૦૦૦ ગૂણીની નવી આવકો તથા ગઈકાલની શેષ ૩૦૦૦ ગૂણી મળીને કુલ ૧૯,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, સિંગતેલના રૂ. ૧૪૦૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૪૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતમાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૬૦માં થયાના અહેવાલ હતા. ■

# શનિજયંતી અને અમાસનો વિશેષ સંયોગ: ભાવનગરના શનિમંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી





(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વૈશાખ વદ અમાસના દિવસે શનિદેવની જન્મજયંતીનો વિશેષ અવસર ઉજવાયો હતો. આ વિશેષ દિવસે ભાવનગરના શનિમંદિરોમાં ભક્તોની મોટી સંખ્યામાં ભીડ જોવા મળી હતી.

સૂર્યપુત્ર શનિદેવ અને માતા છાયાદેવીના પુત્રની જન્મજયંતી દર વર્ષે વૈશાખ વદ અમાસના દિવસે ઉજવવામાં આવે છે. શાસ્ત્રો અનુસાર, આ દિવસે કરવામાં આવતા જપ-તપ અને દાનનું ફળ હજાર ગણું મળે છે. શહેર અને જિલ્લાના શનિ મંદિરો તેમ જ હનુમાન મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ શનિદેવને પ્રિય એવા કાળા તલ અને સરસવના તેલથી અભિષેક કર્યા હતા. ભક્તો શનિ સહસ્ત્ર, શનિચાલીસા અને શનિ સુક્તમના પાઠ દ્વારા દેવને રિઝવવાનો પ્રયાસ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, હિન્દુ ધર્મમાં સોમવતી, બુધવતી અને શનિવારી અમાવસ્યાનું વિશેષ મહત્ત્વ છે. ગ્રીષ્મ ઋતુના છેલ્લા માસ વૈશાખનું સમાપન થયું હતું. આ દિવસે પવિત્ર જળાશયોમાં સ્નાનનું પણ વિશેષ મહત્ત્વ છે, જેથી ઘણા શ્રદ્ધાળુઓએ સમુદ્ર સ્નાન કર્યું હતું. ■

# મૂળ કચ્છના માંડવીના નિલયભાઈ અંજારિયાની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ પદે કોલેજિયમે સર્વાનુમતે ભલામણ કરી



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મૂળ કચ્છના માંડવીના અને ભારતની ન્યાય પ્રણાલી સાથે દાયકાઓથી નાતો ધરાવતા પરિવારના નિલય વિપીનભાઇ અંજારિયાની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણુંક કરવા માટે, નામદાર સર્વોચ્ચ અદાલતના કોલેજીયમે સર્વાનુમતે ભલામણ કરી હતી.

કોલેજીયમની તાજેતરમાં મળેલી બેઠકમાં હાલે કર્ણાટક હાઇ કોર્ટમાં ચીફ જસ્ટિસપદે સેવા આપતા જસ્ટિસ નિલયભાઇ વી. અંજારિયા ઉપરાંત ગૌહાટી હાઇ કોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ વિજય બિશ્નોઇ અને મુંબઇ હાઇ કોર્ટનાં જજ એ. એસ. ચંદનકરની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે ભલામણ કરી હોવાનું જાહેર કરતાં કચ્છ સહિત બૃહદ કચ્છમાં હર્ષ સાથે ગૌરવની લાગણી ફેલાઈ છે.

અત્રે એ નોંધનીય છે કે, નિલયભાઇ અંજારિયાના દાદા સુબોધભાઇ અંજારિયા અને પિતા વિપીનભાઇ અંજારિયાએ માંડવીની અદાલતમાં ધારાશાસ્ત્રી તરીકે સેવાઓ આપી હતી, નિલયભાઇ અમદાવાદની ઉપલી અદાલતમાં પ્રેક્ટિસ કરતા હતા ત્યાંથી તેમની નિમણૂક કર્ણાટક હાઇ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે થઇ અને હવે વધારામાં તેઓ સર્વોચ્ચ અદાલતમાં પણ સેવા આપશે.

દાદા અને પિતા ઉપરાંત તેમના નાના જમિયતરાયભાઇ પણ કચ્છ જ્યારે 'સી' સ્ટેટ હતું ત્યારે રાજના સલાહકાર હતા અને તેમના મામા જસ્ટિસ કનુભાઇ વૈદ્ય હાઇ કોર્ટના જજ તરીકે રહી ચૂક્યા છે. તેમના શ્વસુર ઇશ્વરભાઇ દવે પણ ભુજ કોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટિસ કરતા હતા. ■



વૈશાખ વદ અમાસ એટલે શનિ દેવની જન્મજયંતી નિમિત્તે રાજકોટમાં શનિ દેવના મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર હતું. (તસવીર–પ્રવિણ સેદાણી, રાજકોટ)

# દીપડાઓને ખમીરવંતા કચ્છનું વાતાવરણ માફક આવ્યું

## લખપતના ધુનાય ખાતેના લેપર્ડ રેસ્ક્યૂ સેન્ટરમાં લાવવામાં આવેલા તમામ ૧૨ દીપડા તંદુરસ્ત



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના લખપત તાલુકાના છેવાડાના ધુનાય ગામ પાસે આકાર પામેલા 'લેપર્ડ એન્કલોઝ એન્ડ રેસ્ક્યુ સેન્ટર'માં ગત વર્ષે પ્રથમ તબક્કામાં સાત અને ત્યારબાદ પાંચ મળીને કુલ ૧૨ જેટલા લાવવામાં આવેલા હિંસક રાની પશુ દીપડાઓને રણપ્રદેશ કચ્છનું વાતાવરણ માફક આવી ગયું છે અને હાલે તેઓ સંપૂર્ણપણે તંદુરસ્ત હોવાનું જાણવા મળી રહ્યું છે. આ રણપ્રદેશમાં ડિસેમ્બર-ફેબ્રુઆરી માસમાં હાડ થીજાવતી ઠંડીનો પ્રકોપ પ્રવર્તતો હોય છે, આ દીપડાઓને જ્યારે કચ્છ લાવવામાં આવ્યા હતા ત્યારે સિંગલ ડિજિટમાં ઠંડી હતી અને હવે ગરમી છે. આ છ મહિનામાં ઠંડી અને ગરમીમાં દીપડાની સ્થિતિ શું છે તે જાણવા તજજ્ઞોની ટુકડીએ ધુનાય ખાતેના લેપર્ડ એન્કલોઝ એન્ડ રેસ્ક્યુ સેન્ટરની મુલાકાત દરમ્યાન કાળજીપૂર્વક હાથ ધરેલા જાત નિરીક્ષણ દરમ્યાન આ તમામ દીપડા એકદમ તંદુરસ્ત જોવા મળ્યા હતા. આ ૧૨ દીપડામાંથી એક દીપડો માત્ર દોઢ વર્ષનો છે અને બાકીના ૧૨થી ૧૩ વર્ષના છે. તમામ દીપડાઓની સપ્તાહમાં એકવાર તબીબી તપાસ કરાય છે. વન વિભાગના કર્મચારીઓ સવારના સમયે દીપડાની ગેરહાજરી બાદ એર-કુલર ધરાવતા બેરેકની જંતુનાશક દવાથી સાફસફાઈ કરવામાં આવે છે. એક દીપડો ત્રણ કિલોથી પણ વધારે માસ મટન ખાય છે. દીપડા માટે પીવાના શુદ્ધ પાણી માટે મેદાનમાં મોટો આલ્કલાઈન પાણીથી છલોછલ ભરેલો હોજ બનાવાયો છે. એકંદરે કચ્છનું વાતાવરણ દીપડાને માફક આવી ગયું હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. ગત ડિસેમ્બરમાં તેઓ જ્યારે અહીં આવ્યા ત્યારે સ્વાભાવિક રીતે અસહજ વર્તન કરતા હતા. ખાવા-પીવાનું ઓછું કરી દીધું હતું. નિષ્ણાતોની સલાહ બાદ તમામને મેદાનમાં છોડ્યા ત્યારે અંદરોઅંદર ઝઘડ્યા કરતા હતા જેમાં કેટલાકને ઈજાઓ પણ પહોંચી હતી.

છ મહિનાના ચઢાવ-ઉતાર બાદ આખરે ખમીરવંતા કચ્છનું વાતાવરણ અનુકૂળ આવી જતાં હાલે આ તમામ દીપડાઓ મસ્તીથી પોતાનું જીવન વ્યતીત કરતા જોવા મળી રહ્યા છે. ટૂંક સમયમાં અહીં બીજા દીપડાઓને પણ લાવવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરના મહુવામાં બે ઈંચ અને તળાજા પંથકમાં એક ઈંચ વરસાદ

## બોરડાના માર્ગો ઉપર ગોઠણસમા પાણી દોડ્યા





(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાના મહુવામાં સવારે બે જ કલાકમાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. જ્યારે તળાજા પંથકમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. ભાવનગર શહેરમાં સવારથી જ ધાબડિયું વાતાવરણ હતું પરંતુ સાંજ સુધી વરસાદ પડ્યો ન હતો.

વહેલી સવારના પાંચેક વાગ્યે તળાજા પંથકના ગગનનું વાતાવરણ વરસાદી થઈ ગયું હતું. દરિયાની દિશા તરફથી સતત વીજળી થઈ રહી હતી જે વરસાદના એંધાણ આપતી હતી. ધોધમાર વરસાદના પગલે રોડપર ઘૂંટણસમા પાણી જોત જોતામાં વહેતાં થઈ ગયાં હતાં. તળાજા મામલતદાર ઓફીસ દ્વારા સવારે આઠ થી ૧૦ મા ૧૬ બાદ બે કલાકમા ત્રણ મળી કુલ ૧૯ મીમી વરસાદ નોંધાયો હોવાનું જણાવ્યું હતું.

બોરડા ગામના રસ્તા પર ગોઠણસમા પાણી વહેતા થતા હતા. આવી જ સ્થિતિ પીથલપુર, રોયલ, ઠાડચ, ટીમાણા, ગોરખી, દેવલી, ખંઢેરા, ઉંચડી,વેળાવદર,દેવલી સહિતના ગામડાઓની જાણવા મળી હતી. ■

# કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણિયા તરફથી તમામ વર્ગો સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવાની અપીલ





(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભારત સરકારના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય પ્રધાન નિમુબેન જયંતિભાઈ બાંભણિયાએ આજે આસામના હૈલાકાંડી જિલ્લામાં આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અંતર્ગત યોજનાત્મક વિકાસની સમીક્ષા માટે જિલ્લા અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા બેઠક યોજી હતી.

બેઠક દરમિયાન તેમણે આરોગ્ય, શિક્ષણ, કૃષિ, ગ્રામ્ય આજીવિકા અને વિત્તિય સમાવેશ જેવા મુખ્ય ક્ષેત્રોમાં જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરાયેલા વિકાસાત્મક પગલાંઓની માહિતી મેળવી. અધિકારીઓએ વિકાસલક્ષી સિદ્ધિઓ, હાલના પડકારો અને આગળ માટેની આયોજનબદ્ધ કામગીરી વિશે વિગતો રજૂ કરી હતી.

બાંભણિયાએ જણાવ્યું હતું કે દરેક સરકારી યોજના અને યોજનાઓનો લાભ તમામ વર્ગોના નાગરિકો સુધી, ખાસ કરીને આર્થિક રીતે પછાત વર્ગ સુધી પહોંચવો જરૂરી છે, જેથી તેમની આર્થિક અને સામાજિક સ્થિતિમાં સુધારો લાવી શકાય અને તેઓ ગરીબી રેખા ઉપર આવી શકે. તેમણે હૈલાકાંડીની અનન્ય કુદરતી અને કૃષિ સંસાધનો જેમ કે બાંસ, સુપારી, ધાન અને ચા જેવા ઊપજોની વિગતો આપી અને તેમને સ્થાનિક રહેવાસીઓ માટે રોજગારી અને આવકના સ્રોતરૂપે ઉપયોગમાં લેવા પર ભાર મૂક્યો હતો.

પ્રધાને જિલ્લાના પ્રયાસોની પ્રશંસા કરી અને આકાંક્ષિત લક્ષ્યાંકોના સિદ્ધિ માટે વિભાગીય સંકલન, નવીન અભિગમો અને લોકભાગીદારી પર સતત ધ્યાન કેન્દ્રિત રાખવા માટે પ્રોત્સાહન આપ્યું. તેમણે કેન્દ્ર સરકાર તરફથી તમામ શક્ય સહયોગ આપવાનો વિશ્વાસ પણ અપાવ્યો હતો. ■

# ભાવનગરમાં મુસ્લિમ સમાજનો ૨૫મો સિલ્વર જ્યુબિલી સમૂહશાદી સમારોહ યોજાયો: ૧૮ દુલ્હા-દુલ્હનો નિકાહના પાક બંધનમાં બંધાયાં



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના શાહગોરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મુસ્લિમ સમાજનો ૨૫મો સિલ્વર જ્યુબિલી સમૂહ શાદી સમારોહ ભાવનગર શહેરની ગૌરીશંકર બ્રાહ્મણની વાડી, ઈમામવાડા મસ્જિદની બાજુમાં, વડવા તલાવડી ખાતે યોજાયો હતો.

આ સમૂહશાદીમાં ૧૮ દુલ્હા દુલ્હનો નિકાહના પાકબંધનમાં બંધાયા હતા. સખીદાતાઓ દ્વારા દુલ્હનોને ઘરવખરીની ચીજવસ્તુઓ આપવામાં આવી હતી. તેમજ સૈયદ સાદાતો, આલીમો, મૌલાના સાહેબો અને મહાનુભાવો દ્વારા દુલ્હા અને દુલ્હનોને તેમજ તેમના પરિવારજનોને શાદીની મુબારકબાદી પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત આ સમૂહશાદી સમારોહમાં ખાસ લક્કી ડ્રો કરી, ડ્રોમાં ખુશનસીબ એક દુલ્હા અને દુલ્હનનું નામ જાહેર થતા આ દંપતિને પવિત્ર મક્કા અને મદીના શરીફની ઉમરાહ હજજમાં સંસ્થા અને સખીદાતાઓ દ્વારા મોકલવામાં આવશે. ■

# રાજકોટ મનપાના ચોપડે બીમારીના કેસમાં નોંધપાત્ર ઘટાડો: કમળાના ચાર, ટાઇફોઇડના ત્રણ અને ડેન્ગ્યૂનો એક કેસ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાના ચોપડે બીમારીના કેસમાં આશ્ચર્યજનક રીતે નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો, અને એક સપ્તાહમાં શરદી-ઉધરસ, સામાન્ય તાવ, ઝાડા-ઊલટી સહિતના કુલ ૯૪૭ કેસ નોંધાયા હતા, જ્યારે પાણીના એક સપ્તાહમાં લીધેલા ૪૦૧ સેમ્પલમાંથી બે સેમ્પલ ફેલ ગયાનું મનપાએ જાહેર કર્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબૂમાં લેવા સતત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી રહી છે. આમ છતાં છેલ્લા એક સપ્તાહમાં ઝાડા-ઊલટીના ૧૬૩, કમળાના ૪, ટાઇફોઇડના ૩ કેસ નોંધાયા છે. જ્યારે મચ્છરજન્ય રોગચાળાનો એક ડેન્ગ્યૂનો કેસ નોંધાયો છે. મનપાએ જાહેર કર્યા મુજબ એક સપ્તાહમાં શરદી-ઉધરસના ૩૫૪, સામાન્ય તાવના ૪૨૩ કેસ નોંધાયા હતા. ■

# જામનગરમાં કોરોનાના સાત નવા કેસ નોંધાયા, એક પરિવારના ચાર સભ્યો સહિત તમામ દર્દીઓ હોમ આઈસોલેશનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર શહેરમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. સોમવારે એક જ દિવસમાં સાત નવા કેસ નોંધાયા હતા. આ સાથે શહેરમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦ થઈ ગઈ છે. કામદાર કોલોની વિસ્તારમાં એક જ પરિવારના ચાર સભ્ય કેરળના પ્રવાસેથી પરત ફર્યા બાદ કોરોના પોઝિટિવ જાહેર થયા છે. અન્ય કેસમાં ઘાંચીવાડમાં બે, પાર્ક કોલોનીમાં એક, દરબારગઢમાં એક અને પાણાખાણ વિસ્તારમાં એક દર્દી સામેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ગુરુવારે શહેરમાં પંચવટી વિસ્તારના ૩૭ વર્ષીય યુવાનનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો હતો. શનિવાર અને રવિવારે બે નવા કેસ ઉમેરાયા હતા. આરોગ્ય વિભાગે તમામ દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખ્યા છે. તબીબોના મતે કોરોનાના નવા વેરિયન્ટથી ગભરાવાની જરૂર નથી. જો કે તેમણે બાળકો અને વૃદ્ધોને વિશેષ સાવચેતી રાખવાની સલાહ આપી છે. આરોગ્ય વિભાગ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોની તપાસ કરી રહ્યું છે અને જરૂરી તકેદારીના પગલાં લઈ રહ્યું છે. ■

## કચ્છમાં રેલવે સેવા બે દિવસ માટે અસરગ્રસ્ત

# ભીમસર સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કામ માટે બ્લોક, ૨૯-30 મે દરમિયાન છ ટ્રેન રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમના જણાવ્યા પ્રમાણે સામખિયાળી-ગાંધીધામ સેક્શનના ભીમસર સ્ટેશન પર નોન-ઇન્ટરલોકિંગ કામ માટે બ્લોક લેવામાં આવ્યો છે. આ કામગીરીને કારણે કચ્છની કેટલીક મુખ્ય ટ્રેનો બે દિવસ માટે રદ કરવામાં આવી હતી.

૨૯ મે ના રોજ અમદાવાદથી ભુજ જતી નમો ભારત રેપિડ ટ્રેન રદ રહેશે. ૩૦ મેના રોજ ભુજથી અમદાવાદ જતી નમો ભારત રેપિડ ટ્રેન પણ રદ કરવામાં આવી છે. જોધપુર-ગાંધીધામ રૂટની ટ્રેન ૨૮ અને ૨૯ મે ના રોજ રદ રહેશે. ગાંધીધામ-જોધપુર ટ્રેન ૨૯ અને ૩૦મે ના રોજ દોડશે નહીં.

ગાંધીધામ-પાલનપુર અને ભુજ-રાજકોટ વચ્ચે દોડતી ટ્રેનો પણ ૨૯ અને ૩૦મે ના રોજ રદ રહેશે. રેલવે વિભાગે મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ આ બે દિવસ દરમિયાન તેમની મુસાફરીનું આયોજન અન્ય વિકલ્પો દ્વારા કરે.

આ કામગીરી રેલવે સેવાઓની સલામતી અને કાર્યક્ષમતા વધારવા માટે આવશ્યક છે. ■